જો IIT એક સ્વપ્ન છે તો તે સ્વપ્નદ્રષ્ટા હતા : ચુક્કા રામૈયા, ભારતના મૂળ IIT- વલ્લાહ...

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

ભારતીય શિક્ષણ જગતમાં ખાસ કરીને તેલુગુ રાજ્યોમાં, IIT અક્ષરો ઘણીવાર એક જ નામ પછી આવે છે: રામૈયા. પરંતુ આ વાર્તા પાછળ ૧૦૦ વર્ષીય સ્વતંત્રતા સેનાની, ગણિતશાસ્ત્રી અને શિક્ષક છે. પરંતુ થોડું ઊંડાણપૂર્વક વિચારીએ તો, તમને ખબર પડશે કે ચુક્કા રામૈયા ફક્ત IIT માટે જ ભણાવતા નહોતા; ઘણી રીતે, તેઓ અસંખ્ય વિદ્યાર્થીઓ માટે IIT બન્યા. તેમની યાત્રા કોઈ સામાન્ય સફળતાની વાર્તા નથી. તે વર્ગખંડમાં નહીં, પરંતુ જેલમાં શરૂ થઈ હતી. ઉસ્માનિયા યુનિવર્સિટીમાં એક યુવાન વિદ્યાર્થી તરીકે તેમનું હૃદય દેશની સ્વતંત્રતા માટે ધબકતું હતું. તેઓ અસ્પૃશ્યતા જેવા સામાજિક દુષણો સામે લડતા સંઘર્ષમાં જોડાયા, એક એવું પગલું જેના કારણે તેમને તેમના પોતાના સમુદાયમાં તેમનું સ્થાન ગુમાવવું પડ્યું. તેમના જુસ્સાને કારણે તેમને ઔરંગાબાદ સેન્ટ્રલ જેલમાં લઈ જવામાં આવ્યા. જેલોમાં મોટાભાગના લોકોને કેદ કરવામાં આવે છે, પરંતુ તેઓએ રામૈયાના મનને મુક્ત કરાવ્યું. તે જ જેલની પાછળ, તેમને પરિવર્તનના સાચા સાધનો મળ્યાઃ પુસ્તકો. જવાહરલાલ નેહરૂના ડિસ્કવરી ઓફ ઈન્ડિયા જેવા પુસ્તકો વાંચીને, તેમને એક સરળ છતાં ગહન અનુભૂતિ થઈઃ સાચી સ્વતંત્રતા ફક્ત શિક્ષણ દ્વારા જ મળે છે. અને તેથી, સ્વતંત્રતા

કોડીનાર એસ.ટી. ડેપોને લાંબા રૂટ માટે નવી પાંચ બસો ફાળવાઈ, મુસાફરોને રાહત

(સંવાદદાતા દ્વારા)
કોડીનાર, તા.૭

લાંબા સમયથી મહત્ત્વના રૂટ પર પૂરતા અને સારા વાહનો ન ફાળવાતા કોડીનારના મુસાફરોને ખાનગી વાહનોમાં મોંઘી મુસાફરી કરવાની અને હાલાકી ભોગવવાની ફરજ પડતી હતી. આ ગંભીર સમસ્યાને ધ્યાનમાં રાખીને, આખરે ગુજરાત સરકારે કોડીનાર એસ.ટી. ડેપોને પાંચ નવી બસો ફાળવી છે, જેનાથી રાજકોટ, વડોદરા, પોરબંદર જેવા લાંબા રૂટના મુસાફરોને મોટી રાહત મળી છે. એસ.ટી. વિભાગ દ્વારા સારા વાહનો ન ફાળવવામાં આવતા લોકો દ્વારા સ્થાનિક ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી ડો.પ્રદ્યુમન વાજા અને પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકીને રજૂઆત કરવામાં આવી હતી. આ બંને નેતાઓએ તાત્કાલિક ગુજરાત સરકારના નાયબ મુખ્યમંત્રી અને કેબિનેટ મંત્રી હર્ષભાઈ સંઘવી સમક્ષ આ બાબતની રજૂઆત કરી હતી. આ રજૂઆતને પગલે ગુજરાત સરકારે તત્કાલિક ધોરણે

કોડીનાર એસ.ટી. ડેપોને પાંચ નવા વાહનો ફાળવવાનો નિર્ણય લીધો હતો. આજરોજ, કોડીનારમાં નવી પાંચ એસ.ટી. બસનું વિધિવત રીતે પૂજન કરવામાં આવ્યું હતું અને તેમને રૂટ પર પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોડીનાર નગર પાલિકાના ઉપપ્રમુખ શિવાભાઈ સોલંકી, તાલુકા ભાજપ પ્રમુખ જીતુભાઈ બારડ સહિતના અગ્રણીઓ અને એસ.ટી. વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવો દ્વારા પૂજન કરીને નવા વાહનોને લીલીઝંડી આપીને તેના લાંબા રૂટ માટે પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. નવા વાહનો શરૂ થતાં હવે રાજકોટ, વડોદરા, પોરબંદર સહિતના મહત્ત્વના રૂટ પર મુસાફરોને આરામદાયક અને સસ્તી સરકારી મુસાફરીનો લાભ મળશે. આ નિર્ણયથી કોડીનાર પંથકના મુસાફરોમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે.

ધ્રાંગધ્રામાં પિતાના જ ટ્રેક્ટર નીચે આવી જતાં માસૂમ દીકરાનું મોત

(સંવાદદાતા દ્વારા)
સુરેન્દ્રનગર, તા.૭

ધ્રાંગધ્રાના કંકાવટી ગામે એક અત્યંત કરૂણ અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જેમાં પિતાના જ ટ્રેક્ટર નીચે આવી જતાં એક માસૂમ બાળકનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. બનાવની વિગતો મુજબ, કંકાવટી ગામના રહેવાસી ૬ વર્ષીય બાળક જગદીશ કોઈ કારણોસર તેના પિતાના ટ્રેક્ટર નજીક હતો. ત્યારે અચાનક જગદીશ ટ્રેક્ટર નીચે આવી ગયો અને ટ્રેક્ટરના

આખું ગામ હીબકે ચઢ્યું

વ્હીલ નીચે કચડાતાં તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મૃત્યુ નિપજ્યું હતું. પોતાના જ સંતાનનું આ રીતે કરૂણ મોત થતાં પિતા અને પરિવાર પર આભ તૂટી પડ્યું છે. સમગ્ર કંકાવટી ગામમાં શોકનો માહોલ છવાયો છે. ઘટનાની જાણ થતાં ધ્રાંગધ્રા પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. પોલીસે સમગ્ર મામલે અકસ્માતનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

બોડેલીના મૂઠઈ વસાહત પાસેથી વિદેશી દારૂ ભરેલ છકડો ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)
બોડેલી, તા.૭

બોડેલી તાલુકાના મૂઠઈ વસાહત પાસે છગડામાંથી ગેરકાયદેસર ઈંગ્લિશ દારૂનો જથ્થો જિલ્લા એલ.સી.બી.એ ઝડપી પાડ્યો હતો છકડામાંથી કુલ કિં.રૂા.૩,૧૯,૩૮૬/-દારૂ સહિત કુલ કિં.રૂા.૫,૨૫,૧૮૬/-નો મુદ્દામાલની જપ્ત કરી છકડા ચાલકની અટકાયત કરી ત્રણ ઈસમો વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

છોટાઉદેપુર જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ કર્મચારીઓ બોડેલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન પોલીસ ઈન્સ્પેક્ટર લોકલ ક્રાઈમ બ્રાન્ચે એક વાદળી કલરની અતુલ શક્તિ છગડામાં ઈંગ્લિશ દારૂ ભરી વડાતલાવ ચોકડીથી ચલામલી તરફ જનાર છે જે બાતમીના આધારે મૂઠઈ વસાહત ગામે હાઈવે રોડ ઉપર નાકાબંધીમાં હાજર હતા. થોડો વખત વોચમાં રહ્યા બાદ બાતમી મુજબની છકડો આવતા તેને કોર્ડન કરી ઉભી રાખી હતી અને ગાડીના ચાલકને પકડી પાડેલ છકડામાં જોતાં તેમા પ્લાસ્ટિકના કેરેટ તથા પાછળના શિટના ભાગે તેમજ પાછળની ડીકીમા જોતા તેમાં વિદેશી દારૂની છૂટા પ્લાસ્ટિકના કવાર્ટરીયા તેમજ ખાખી કલરના પુઠાના બોક્સ તેમજ પતરાના બીયર ભરેલ મળી આવેલ જેથી પકડાયેલ રિક્ષાના ચાલક ઈસમનું નામ-ઠામ પૂછતાં તેણે પોતાનું નામ વહાબભાઈ આરીફભાઈ મેમણ (ઉં.વ.-૩૨ રહે.કોહીનુર સોસાયટી જકાતનાકા પાસે ભાલેજ રોડ આણંદ) હોવાનું જણાવ્યું હતું. તેની વધુ પૂછપરછ કરતા જણાવેલ કે મુદામાલ તેમને નિલેશભાઈ શાન્તીલાલ રાઠોડ (રહે.કઠીવાડા બજાર ફળીયા તા.કઠીવાડા જી.અલીરાજપુર) ભરી આપેલ અને આગળ હનીફભાઈ આરીફભાઈ મેમણ (રહે.કોહીનુર સોસાયટી જકાતનાકા પાસે ભાલેજ રોડ આણંદ) આપવાનો હોવાનું જણાવેલ. છકડામાંથી ઈંગ્લિશ દારૂની કુલ બોટલ નંગ-૧૧૫૮ની કુલ કિં.રૂા. ૩,૧૯,૩૮૬/- અતુલ શક્તિની છકડો જેની કિં.રૂા.૨,૦૦,૦૦૦ તથા મોબાઈલ નંગ-૦૧ કિંમત રૂા.૫૦૦૦/- તથા રોકડા રૂા.૮૦૦/- મળી કુલ કિં.રૂા.૫,૨૫,૧૮૬/-નો મુદ્દામાલની જપ્ત કરી ત્રણ ઈસમો વિરૂદ્ધ ગુનો નોંધી છકડાચાલકની અટક કરી બોડેલી પોલીસ મથકે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભાવનગર ખાતે જુગાર રમતા કુલ ૧૨ માણસોને ઝડપી લેતી લોકલ ક્રાઈમ બ્રાન્ચ

(સંવાદદાતા દ્વારા)
ભાવનગર, તા.૭

એલ.સી.બી. સ્ટાફના માણસોને અગાઉ બાતમી મળેલ કે,“ ભીખાભાઈ કનુભાઈ પરમાર (રહે.આડોડિયા વાસ, ભાવનગર) તેના કબ્જા-ભોગવટાની ભાવનગર, દિપક ચોકથી તિલકનગર તરફ જતાં રોડ ઉપર આડોડિયાવાસમાં આવેલ બાજુ-બાજુની બે પાકી દુકાનોમાં તથા જીતેશ ઉર્ફે વિવેક દિલીપભાઈ રાઠોડ (રહે.આડોડિયાવાસ, ભાવનગર) તેના કબ્જા-ભોગવટાની અમુલ દૂધ લખેલ ઉપરોકત દુકાનોની બાજુની ગલી પછી આવેલ પતરાવાળી દુકાનમાં બહારથી માણસોને બોલાવી પોતાના આર્થિક લાભ માટે દુકાનમાં રાખેલ મશીનમાં યંત્રોના ચિત્રો ઉપર રોકડ રકમ મુકાવી યંત્રનું ચિત્ર જાહેર કરી વિજેતાને તેણે લગાડેલ રોકડ રકમને બદલે દસ ગણી રોકડ રકમ આપી રૂપિયાનો હારજીતનો જુગાર રમાડી જુગારના હિસાબના રોકડા રૂપિયા મેળવી અખાડામાં જુગાર રમવા આવેલ માણસોને સવલતો પુરી પાડી જુગારનો અખાડો ચલાવે છે.” જેથી આ જગ્યામાં રેઈડ કરવા માટે પોલીસ અધિક્ષકના પાસેથી વોરંટ મેળવી ઉપરોકત જગ્યાએ પોલીસે રેઈડ કરતાં ૧૨ વ્યક્તિઓને કુલ કિં.રૂા.૧,૯૨,૬૦૦/-ના રોકડ સહિતના મુદ્દામાલ સાથે મળી આવેલ છે. તેઓ સામે ઘોઘા રોડ પોલીસ સ્ટેશનમાં જુગાર પ્રતિબંધક ધારાની કલમ હેઠળ ગુન્હો દાખલ કરાવવામાં આવ્યું છે.

ધ્રાંગધ્રામાં અંગત અદાવતમાં યુવકની કરપીણ હત્યા

(સંવાદદાતા દ્વારા)
સુરેન્દ્રનગર, તા.૭

જિલ્લામાં ધ્રાંગધ્રા તાલુકાના રામદેવપુર ગાળાની સીમમાં વિપુલ નામના યુવકની કરપીણ હત્યા કરવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, અંગત અદાવતને પગલે વિપુલ નામના યુવક પર તીક્ષ્ણ હથિયાર વડે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો.

સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકાના રાજગઢ ગામે એક યુવાનની છરીના ઘા ઝીંકી હત્યા કરવામાં આવી છે. મુલાડીયા વિપુલભાઈ વજાભાઈ (ઉમર ૨૮) નામના યુવાનને રામદેવપુર ગામની સીમમાં

ત્રણથી ચાર જેટલા છરીના ઘા મારી મોતને ઘાટ ઉતારવામાં આવ્યો હતો.

પ્રાથમિક માહિતી અનુસાર, આ હત્યા અગાઉ એક જ સમાજના બે યુવાનો વચ્ચે થયેલી માથાકુટના જૂના મનદુઃખના કારણે થઈ હોવાનું સામે આવ્યું છે. હત્યારાઓ હત્યા કરી ઘટના સ્થળેથી ફરાર થઈ ગયા હતા.

ઘટનાની જાણ થતા ધ્રાંગધ્રા તાલુકા પોલીસનો કાફલો, ઘટના સ્થળે પહોંચ્યો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલ ખસેડ્યો હતો. પોલીસે હત્યાનો ગુનો નોંધી હત્યારાઓને ઝડપી પાડવા માટે વધુ તપાસ હાથ ધરી છે. આ હત્યાના બનાવને પગલે સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.આ બનાવને પગલે સુરેન્દ્રનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પર સવાલો ઊભા થયા છે. જિલ્લામાં હત્યાની ઘટનાઓ વધી રહી હોવાથી સ્થાનિકોમાં ભયનો માહોલ ફેલાયો છે ? પોલીસ તંત્ર આ મામલે શું અને કેવી કાર્યવાહી કરે છે, તેના પર સૌની નજર મંડાઈ છે.

સાગબારાની ધનસેરા ચેકપોસ્ટ પરથી અમદાવાદના બુટલેગરો દારૂના જથ્થા સાથે ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)
રાજપીપળા, તા.૭

નર્મદા પોલીસ વડા વિશાખા ડબરાલએ જિલ્લામાં ઈંગ્લીશ દારૂની હેરાફેરી થતી અટકાવવા તથા ઈંગ્લીશ દારૂની હેરાફેરી કરતા ઈસમોને પકડી પાડી પરિણામલક્ષી કામગીરી કરવા આપેલ સુચનાઓ અનુસંધાને સાગબારા પોલીસની ટીમના માણસો ધનસેરા ચેકપોસ્ટ પર નાકાબંધી કરી વાહન ચેકીંગ કરી રહ્યા હતા. આ દરમિયાન મહારાષ્ટ્ર તરફથી આવી રહેલી ઈન્ડિકા વિસ્ટા કાર નંબર-GJ-06- DB-2339 શંકાસ્પદ લાગતા પોલીસે હાથના ઈશારે ગાડી રોકવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ કાર ચાલકે પોલીસની નાકાબંધી જોઈને ગાડી રોકવાના બદલે પુરઝડપે હંકારીને ભાગવાનો પ્રયાસ કર્યો હતો. જેથી, પોલીસે સાગબારા પોલીસ સ્ટેશન સામે હાઈવે રોડ પર બેરિકેડ લગાવીને આ ગાડીને આંતરી લીધી હતી. ગાડી રોકતાં જ પોલીસે અંદર તપાસ કરી, જેમાં ગેરકાયદેસર રીતે પાસ-

(તસવીર : વહાબ શેખ, રાજપીપળા)

પરમિટ વિનાનો ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે ગાડીમાંથી રૂા.૯૬,૦૦૦ કિંમતના બિયરના કુલ ૪૮૦ ટીન તથા કાર અને બે મોબાઈલ સહિત કુલ રૂા.૩,૦૬,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી, કૃણાલ ઉર્ફે ગુડ્ડ રાજેશભાઈ પરમાર અને કુલદિપ ઉર્ફે બોબી રાજેશભાઈ પરમાર (બંને રહે. મહાજનીયા વાસ, નરોડા પાટીયા, સરદાર નગર, અમદાવાદ) નામના બે આરોપીઓની ધરપકડ કરી હતી.

પોલીસ દ્વારા મળતી માહિતી મુજબ, પકડાયેલા બંને આરોપી કૃણાલ ઉર્ફે ગુડ્ડ રાજેશ પરમાર અને કુલદિપ ઉર્ફે બોબી રાજેશ પરમાર સામે અગાઉ પણ કિષ્ણનગર, ગાંધીનગર ચીલોડા, દહેગામ, સરદાર નગર અને મહેસાણાના પોલીસ સ્ટેશનોમાં ગુના નોંધાયેલા છે. પોલીસે આ દારૂનો જથ્થો મંગાવનાર આરોપીઓ મયુર ચંદુભાઈ રાઠોડ (રહે. અમદાવાદ) અને ભરી આપનાર આરોપી સાહીલ રાજેશ રાઠોડ (રહે. તલોદા, નંદુરબાર, મહારાષ્ટ્ર)ને વોન્ટેડ જાહેર કરી બંને આરોપીઓને ઝડપી પાડવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

જામનગર ખાતે વોર્ડ નં.-૧૨માં સી.સી રોડના કામનો પ્રારંભ

જામનગર, તા.૭

જામનગરના વોર્ડ નં.૧૨માં વિકાસ કાર્યોને વેગ મળ્યો છે. રંગમતી સોસાયટીમાં અંદાજિત રૂપિયા ૫૦ લાખના ખર્ચે સી.સી. રોડના કામનો પ્રારંભ કરાયો છે. આજે તા.૭ને રવિવારના રોજ વોર્ડ નંબર ૧૨ના નગરસીમ વિસ્તારમાં આવેલી રંગમતી સોસાયટીમાં સ્થાનિક રહીશોની સુખાકારી માટે મહત્વપૂર્ણ વિકાસકાર્યનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ વિસ્તારમાં અંદાજિત રૂપિયા ૫૦ લાખના ખર્ચે નવો સી.સી. રોડ બનાવવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. આ વિકાસકાર્યનો પ્રારંભ પૂર્વ વિરોધપક્ષ નેતા અને કોર્પોરેટર અસલમભાઈ ખીલજી, કોર્પોરેટર અને એડવોકેટ જેનબબેન ખફી તથા સંધી સમાજના પ્રમુખ હાજી રીઝવાનભાઈ જુણેજા દ્વારા કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે સ્થાનિક આગેવાનો અને સોસાયટીના રહીશો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને રોડનું કામ શરૂ થતા આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

અંજાર પાલિકા દ્વારા ૧૨મીએ શહેરના ૧૪૮૧મા સ્થાપના દિવસની ઉજવણી કરાશે

(સંવાદદાતા દ્વારા)
અંજાર, તા.૭

ઐતિહાસિક અંજાર શહેરના ૧૪૮૧મા સ્થાપના દિવસ નિમિત્તે માગશર વદ-૮, તા.૧૨/૧૨/૨૦૨૫, શુક્રવારના રોજ વિવિધ કાર્યક્રમોનું આયોજન અંજાર નગરપાલિકા દ્વારા કરવામાં આવેલ છે. જેમાં સવારના ૧૦:૦૦ કલાકે નગર પાલિકા સેવા સદન મધ્યેથી શોભાયાત્રા નીકળશે. શોભાયાત્રા ગંગા નાકા પર તોરણ વિધિ અંજારના ધારાસભ્ય અને ગુજરાત સરકારના ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ રાજ્ય મંત્રી ત્રિકમભાઈ છાંગા તથા અંજાર નગરપાલિકાના પ્રમુખ વૈભવભાઈ કોડરાણીના હસ્તે કરવામાં આવે ત્યારબાદ ટાઉનહોલ ખાતે અંજારમા વિશિષ્ટ સેવા આપનાર શહેરના વરિષ્ઠ વડીલો, સેવાભાવી સંસ્થાઓ તેમજ અંજારમાં રહેતા હોય અને સાંસ્કૃતિક, શૈક્ષણિક, સામાજિક, રમત ગમત, સંગીત, કલા કે કોઈપણ વિવિધ ક્ષેત્રે જિલ્લા, રાજ્ય કે રાષ્ટ્રીય સ્તરે ૨૦૨૫મા પ્રથમ નંબર મેળવેલ હોય તેવા અંજારના નાગરીકોનું વિશેષ

સન્માન કરાશે તો ખેલ મહોત્સવમાં વિજેતા થયેલ વિદ્યાર્થીઓનું ઈનામ વિતરણ કરવામાં આવશે. ટાઉન હોલ ગ્રાઉન્ડ ખાતે અંજાર નગર પાલિકા સંચાલિત પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાના વિદ્યાર્થીઓ માટે રમત-ગમતની હરીફાઈ યોજાશે. અંજાર નાગરપાલિકા દ્વારા એક યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, અંજારમાં રહેતા હોય અને સાંસ્કૃતિક, શૈક્ષણિક, સામાજિક, રમત-ગમત, સંગીત, કલા કે કોઈપણ વિવિધ ક્ષેત્રે જિલ્લા, રાજ્ય કે રાષ્ટ્રીય સ્તરે ૨૦૨૫મા પ્રથમ નંબર મેળવેલ હોય તેવા અંજારના નાગરિકે પોતાને મળેલ સન્માન પત્ર અથવા આધાર સાથેની નોંધ મયુરભાઈ મો.નં.૭૦૪૧૭ ૫૫૩૬૬૬ પર તા.૯-૧૨-૨૦૨૪, મંગળવાર સુધી કરાવવાની રહેશે. આ કાર્યક્રમ સચિદાનંદ મંદિરના મહંત ત્રિકમદાસજી મહારાજ, સ્વામિનાયણ મંદિરના સંતો, મામૈદેવ બગથળા યાત્રાધામના મહંત ખીમજીભાઈ ધનજીભાઈ માતંગ દાદાની વિશેષ ઉપસ્થિતિમાં રહેશે. આ કાર્યક્રમમાં અંજારના પૂર્વ નગરપતિઓ, અંજાર નગર પાલિકાના તમામ કાઉન્સિલરો સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

સુરેન્દ્રનગરની ભોગાવો નદી બની પ્રદૂષણનું ધામ

(સંવાદદાતા દ્વારા) સુરેન્દ્રનગર, તા.૭

મધ્યમાંથી પસાર થતી ભોગાવો નદી એ સુરેન્દ્રનગરની ઓળખ છે પણ આ નદીની સ્વચ્છતાની જાણે કોઈને પડી જ ના હોય તેવો ઘાટ જોવા મળે છે. ભોગાવો નદી હાલ કચરા અને કેમિકલનો કારણે પ્રદૂષિત બની છે અને તંત્રને આની કંઈ પડી જ નથી. પર્યાવરણ પ્રેમીઓ અને જાગૃત નાગરિકો તેને લઈને હવે રોષે ભરાયા છે. આ ભોગાવો નદીના એક તરફ સુરેન્દ્રનગર અને બીજી તરફ જોરાવરનગર અને રતનપર આવેલા છે. નદીમાં ગંદકી અને કચરાના ઢગલા એટલા વધી ગયા છે કે સમગ્ર નદીમાં પ્રદૂષણ જોવા મળી રહ્યું છે. નદીમાં ઠેર ઠેર ઉંચા ઘાસ, બાવળ અને વેલ ઉગી નિકળ્યાં છે ત્યારે તંત્ર દ્વારા તાત્કાલિક નદીની સાફસફાઈ કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે. સુરેન્દ્રનગર મહાનગપાલિકા તંત્ર દ્વારા જ ગટરનું ગંદુ પાણી ભોગાવો નદીમાં ઠાલવવામાં આવતું હોવાની ચર્ચા પણ તેજ બની છે. આ મામલે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા તેની કામગીરી સામે પણ અનેક સવાલો ઉભા થયાં છે. ભોગાવો નદીના કાંઠે રિવરફ્રન્ટ તો બનાવી દેવાયો છે પણ ગંદકીના કારણે લોકોનું ત્યાં ચાલવું પણ મુશ્કેલ બન્યું છે. પ્રદૂષણ, ગંદકી અને અસામાજીક તત્વોનો અડ્ડો બની ગયેલી ભોગાવો નદીને જલ્દી સ્વચ્છ કરવામાં આવે તેવી લોકમાંગ

ઉઠી છે. હવે તંત્ર ક્યારે કામગીરી કરે છે એ જોવું રહ્યું ! સુરેન્દ્રનગર વઢવાણ શહેરમાં પસાર થતી ભોગાવો નદી ઐતિહાસિક વારસો ધરાવે છે. ભોગાવો નદીમાં ગટર અને કેમિકલ યુક્ત પાણી છોડાય છે. આથી પક્ષી અને જીવાતો દૂર રહે છે. પરંતુ વરસાદી પાણી હાલ નદીમાં શરૂ થયું છે. ત્યારે દૂરદૂરથી પક્ષીઓ આવવાના શરૂ થયા છે. આશરે ૧૦ કિમી લાંબી ભોગાવો નદીમાં ગટરો અને કેમીકલયુક્ત પાણી બંધ કરવાની માંગ ઉઠી છે.

જાળિયા શાળાના બાળકો ઝળક્યા

રંગોત્સવ સેલિબ્રેશન (મુંબઈ) દ્વારા યોજાયેલ નેશનલ લેવલની સ્પર્ધામાં પાલીતાણા તાલુકાના પીએમ જાળિયા અમ કેવ શાળાના ૧૮ બાળકોએ ભાગ લીધો હતો જેમાથી કુલ ૧૧ કૃતિનું ઈન્ટરનેશનલ લેવલની સ્પર્ધા માટે સીલેકશન થયેલ છે. બાળકોને અને શાળા પરિવારને પણ સન્માન પ્રાપ્ત થયેલ છે. (તસવીર : આરીફ શેખ, પાલીતાણા)

નવા બંદરના તડ ગામેથી ઝોલાછાપ ડોક્ટર ઝડપાયો

(સંવાદદાતા દ્વારા) વેરાવળ, તા.૭

નિલેશ જાજડીયા, પોલીસ મહાનિરીક્ષક, જૂનાગઢ તથા જયદિપસિંહ જાડેજા, પોલીસ અધિક્ષક ગીરસોમનાથ દ્વારા ગીર સોમનાથ જિલ્લામાં અસામાજીક તત્વો તેમજ લોકોની જિંદગી સાથે ચેડા કરતા ઈસમો સામે સખત કાર્યવાહી કરવા કરેલ સુચના મુજબ, ગીર સોમનાથ જિલ્લા પોલીસ અધિક્ષક જયદિપસિંહ જાડેજાના માર્ગદર્શન અનુસાર તા.૬/૧૨/૨૫ના એસ.ઓ.જી. ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર ડી.એમ.કાગડાની રાહબરી હેઠળ એસ.ઓ.જી. શાખાના મેરામણભાઈ શામળા એ.એસ.આઈ. સહિતનો પોલીસ સ્ટાફ નવાબંદર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતો, દરમ્યાન મળેલ સયુકત ખાનગી હકિકત આધારે મેડીકલ ઓફીસર ડો. મીતેશ દુદાભાઈ બારડ નેસાથે રાખી તડ ગામ વિસ્તારમાં, ઈકબાલ સુમરા

(તસવીર : ઈકબાલ બાનવા, વેરાવળ)

(રહે.ઉના) ગે.કા. રીતે માન્ય ડિગ્રી કે સર્ટી વગર મેડીકલને લગતા સાધનો રાખી લોકોને એલોપેથીક દવા તથા સારવાર આપી ક્લિનીક દવાખાનું ચલાવી રહ્યો હતો. જેને રેઈડ દરમ્યાન જુદી જુદી એલોપેથીક દવાઓ વિગેરે મેડિકલને લગત તમામ સાધન સામગ્રી કુલ આર્ટીકલ-૩૦ જેની કુલ કિ.રૂા.૫,૭૮૫/-ના મદ્દામાલ સાથે મળી આવતા નવાબંદર મરીન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવી કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

સુરત : ગેસ લીકેજથી બનેલી આગની ઘટનામાં દાઝેલા ચાર પૈકી બેનાં મોત

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૭

સુરતના સચિન GIDC નજીક આવેલી ગુરૂકૃપા સોસાયટીમાં તા.૨ ડિસેમ્બરના રોજ ગંભીર દુર્ઘટના ઘટી હતી. બરફની ફેક્ટરી પાસેના એક રહેણાંક મકાનમાં ગેસ સિલિન્ડર લીકેજ થતાં ફ્લેશ ફાયર થયું હતું. જેમાં બે યુવતીઓ એક મહિલા અને એક પુરુષ સહિત કુલ ચાર લોકો ગંભીર રીતે દાઝ્યા હતા. જે બાદ ચારેય લોકોને સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા જેમાંથી આજે ૨ લોકોના મોત થયા છે. દાઝી ગયેલા લોકોમાં રિક્કી હરિભાઈ પોલાઇ (ઉ.વ.૧૯), ભાગ્યશ્રી હરિભાઈ પોલાઈ (ઉ.વ.૨૨) અને સાલુબેન રામકુમાર મોહન (ઉ.વ.૨૬) તેમજ હરિઓમ સુરેન્દ્ર યાદવ હતા, જેમાંથી આજે સાલુબેન અને રિક્કીબેન જિંદગીને અલવિદા કહ્યું છે. પરિવારજનો આક્રંદ સાથે યોગ્ય તપાસની માંગ કરી રહ્યા છે. સચિન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ફાયર વિભાગ પણ તપાસમાં જોતરાયું છે. મળતી માહિતી અનુસાર ગુરુકૃપા સોસાયટીમાં આવેલા એક મકાનમાં ગેસ સિલિન્ડર લીકેજના કારણોસર ફ્લેશ ફાયર થયું હતું. જોત જોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું કે ઘરના સભ્યોને બહાર નીકળવાનો મોકો મળ્યો ન હતો. અને આગની લપેટમાં ચાર લોકો અત્યંત ગંભીર રીતે દાઝી ગયા હતા. જે બાદ ઘાયલ લોકોને સમયસર સારવાર મળી રહે તે માટે તુરંત જ એમ્બ્યુલન્સ મારફતે તેમને સિવલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જેમાંથી બે યુવતીના કરુણ મોત થયા છે. જ્યારે અન્ય બેમાંથી એક જિંદગી અને મોત વચ્ચે લડી રહ્યા છે.

ગીરગઢડાના જામવાળા ગામ પ્રાથમિક સુવિધાઓથી વંચિત !

પાણી, રસ્તા, ગટર, વિજળી જેવા પ્રજાલક્ષી કામો નહીં થતાં લોકો ત્રાહિમામ્ પોકારી ઊઠયા

ઉના, તા.૭

આઝાદીના ૭૫ વર્ષ બાદ પણ ગીર પંથકના ગ્રામિણ વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાના કાર્યો થયા નથી. જેના પગલે લોકો ત્રાહિમામ પોકારી રહ્યા છે. ગીર ગઢડા તાલુકાના મધ્ય ગીરમાં આવેલ જામવાળા ગામે આવેલ મુખ્ય પાણીનો સંપ ટાંકો અતિ જર્જરીત હાલતમા મૂકાયો છે ગ્રામ પંચાયત કચેરીનું બિલ્ડિંગ પણ અતિશય ખંડેર સ્થિતિમાં જોવા મળ્યું હતું. નવો સંપ બની ગયાને ૨ વર્ષ જેટલો સમય વિતી ગયા પછી પણ હજુ સુધી પંચાયતના પાણી પુરવઠા વિભાગે લોકોને કનેકશનનું જોડાણ આપ્યું નથી નવો ટાંકો કાર્યરત કર્યો નથી. જર્જરીત સંપના ચારે પિલરના સળિયા દેખાઈ રહ્યા છે તેમ છતાં હાલ આ જ પાણીના સંપનો

પંચાયત દ્વારા ઉપયોગ થઈ રહ્યો છે. જામવાળા ગ્રામ પંચાયતના મુખ્ય માર્ગો છેલ્લા ૮થી ૧૦ વર્ષથી બન્યા નહીં હોવાથી મુખ્ય માર્ગો ઉપર મસમોટા ખાડાઓ પડી જતાં ધુળની ડમરીના કારણે ગ્રામજનો હેરાન પરેશાન બની રહ્યા છે ધૂળની ડમરી ઉડતા રોડ આસપાસ રહેતા રહીશોના સ્વાથ્યને પણ નુકશાન કરી રહ્યું છે શેહરી મહોલ્લા અને નવાપરા વિસ્તારમાં બ્લોક સીસી રોડ ગટર વિજળી જેવા પ્રજાલક્ષી કાર્યો હજું સુધી કરાયા નથી ચોમાસામાં ઘર આંગણે પાણી ભરાતા અનેક મુશ્કેલી ઊભી થઈ હતી. સ્થાનિક કચેરી અને તાલુકા જિલ્લા રાજ્ય કક્ષાના પદાધિકારી અધિકારીને સ્થાનિક સમસ્યા અંગે આંખ આડા કાન કરતાં હોવાનું પ્રતિત થાય છે. ત્યારે આ બાબતે પંચાયતથી જિલ્લાના તંત્ર દ્વારા આ વિસ્તારોની સમસ્યા ઉકેલવામાં રસ દાખવામાં આવે તેવી માંગ ઉઠી છે

ONGCના ઓઈલ સર્વે માટે જતા

જંબુસર નજીક દરિયામાં શ્રમજીવીઓની બોટ પલ્ટી જતાં એક કામદારનું મોત

(સંવાદદાતા દ્વારા)

જંબુસર, ભરૂચ, તા.૭

ભરૂચના જંબુસર નજીક આસરસા ગામ પાસે દરિયામાં ONGCના ઓઈલ સર્વે માટે જઈ રહેલ શ્રમજીવીઓની બોટ પલટી જતા દોડધામ મચી જવા પામી હતી. આ દુર્ઘટનામાં એક કામદારનું મોત નિપજ્યું હતું જયારે અન્ય કામદારોને બચાવી લેવામાં આવ્યા હતા. ભરૂચના જંબુસર તાલુકાના આસરસા ગામ નજીક સમી સાંજના સમયે ગંભીર દુર્ઘટના સર્જાઈ હતી, ONGCના ઓઈલ સર્વે માટે જઈ રહેલા શ્રમજીવીઓને લઈ જતી બોટ અચાનક દરિયામાં પલટી ગઈ હતી. બોટમાં લગભગ ૩૦ જેટલા કામદારો સવાર હતા, જેના કારણે ઘટનાસ્થળે અફરાતફરી મચી ગઈ હતી.બ સોશિયલ મીડિયા થકી બોટ પલટી જવાના લાઈવ દૃશ્યો પણ સામે આવ્યા છે. આ મામલામાં બોટના માલિક રોહિત મકવાણાનું મોત નિપજ્યું હતું, જ્યારે અન્ય એક કામદાર લાપતા બન્યા બાદ તે મળી આવ્યો હતો. તમામ કામદારોને બચાવી તાત્કાલિક તબીબી સારવાર માટે જંબુસર રેફરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ધારાસભ્ય ડી.કે. સ્વામીને અકસ્માતની જાણ થતાં જ હોસ્પિટલ દોડી ગયા હતા અને ઘટનાની વિગત તથા બચાવ કામગીરી અંગે અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી. ઘટનાની ગંભીરતા જોતા પોલીસ દ્વારા પણ તપાસ કરવામાં આવી રહી છે. એશિયન એનર્જી કંપનીના કોન્ટ્રાકટના કામદારોની બોટ પલટી જતા આ દુર્ઘટના ઘટી છે.સારવાર માટે પહોંચેલા મજૂરોએ આક્ષેપ કર્યો છે કે કોઈ પણ મજૂરને લાઈફ જેકેટ આપવામાં આવ્યો ન હોતો. દરરોજ અસરસાથી સામેના કાંઠે ગાંધાર–મુલેર તરફ બોટ દ્વારા અવર જવર કરાવવામાં આવતી હતી. આ સમગ્ર મામલે કોન્ટ્રાક્ટરની બેદરકારી ખુલ્લી પડી છે.

હિંમતનગર ખાતે દાવત-એ-ઈસ્લામીનો બે દિવસીય શાનદાર ઈજતેમા સફળતાપૂર્વક સંપન્ન

તસ્વીરઃ ઈસ્હાક શેઠ,હિંમતનગર

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૭

દાવત-એ-ઈસ્લામી ઈન્ડિયા દ્વારા સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર પરબડા મુકામે બે દિવસીય ઈજતિમાનું અયોજન કરવામાં આવ્યું હતું. શનિવાર સવારે ૧૦:૦૦ કલાકથી રવિવારે ૧૦ હાફિઝોને દસ્તારબંદી કરવામાં આવી હતી. મગરીબની નમાઝ પછી ખાસ દુઆ કરી પ્રોગ્રામ પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો. આ બે દિવસીય ઈજતિમાઅમાં હાજી અમજદ અત્તારીના નિગરાનીમાં આયોજન કર્યું હતું. જેમાં સબ્બીર અહેમદ અત્તારી, સૈયદ ઈલ્યાસ બરકાતી તથા આકિલ અત્તારીએ દિલમાં ઉતરે એવું બયાન કર્યું હતું. આ ઈજતિમામાં બદીઓ દૂર કરવા, સુન્નતોનો તરીકો, 'SAY NO TO DRUGS' (સે નો ટુ ડ્રગ્સ), નમાઝનો તરીકો, અદબ, જીવન જીવવા માટેની ઈસ્લામી રીત વગેરે વિશે અસરકારક તકરીરો થઈ હતી. આ જલ્સામાં સાબરકાંઠા જિલ્લા તેમજ અન્ય જિલ્લાના હજારો આશીકે રસુલે હાજરી આપી હતી. સમગ્ર જલ્સાનું આયોજન હિંમતનગરના મુબલ્લીગ અ.રઝાક મનસુરી, અબ્દુલ અહદ મુતવલ્લી, સોહરાબ નાગોરી, મિન્હાઝ મેમણ તેમજ તેમના સાથી મિત્રો તથા દરેક જમાતના આશીરે રસુલ આગેવાનો, કાર્યકરો, અને ઓલમાએ કિરામે ભારે જહમત ઉઠાવી સુંદર આયોજન કર્યું હતું. આ જલ્સામાં બે દિવસમાં કુલ લગભગ ૧૨થી ૧૫ હજાર વ્યક્તિઓએ ઈજતિમામાં હાજરી આપી ફૈઝયાબ થયા હતા. આ સેમિનારમાં પોલીસ અધિકારીઓ અને કર્મી મિત્રોએ સુંદર સહકાર આપ્યો હતો. આ સમગ્ર આયોજન માટે સ્થાનિકોએ જગ્યા ઉપલબ્ધ કરાવતા શાનદાર સુવિધાયુક્ત શામિયાણો તથા પાર્કિંગ સહિતની સુચારૂ સગવડ કરવામાં આવી હતી. આ સમગ્ર ઈજતિમામાં કમિટી સહિત નાના-મોટા સેવકોએ યથાશક્તિ યોગદાન આપ્યું હતું.

વડોદરામાં પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મકાન અપાવવાનું કહી ચાર લોકો સાથે છેતરપિંડી

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૭

પ્રધાન મંત્રી આવાસ યોજનામાં મકાન અપાવવાના બહાને કમાટીપુરામાં રહેતા ચાર લોકો પાસેથી રૂા.૧.૭૮ લાખ પડાવી લઈ છેતરપિંડી કરનાર ભેજાબાજ સામે સયાજીગંજ પોલીસે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મળતી વિગતો અનુસાર, કમાટીપુરા નરહરિ હોસ્પિટલની પાછળ રહેતા ગુલાબસિંગ ઉદેસિંગ જાદવ અલકાપુરીની એડ્રોઈ કન્સટ્રકશન કંપનીમાં ઓફિસ બોય તરીકે નોકરી કરે છે. તેણે સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, સમા ખાતે તૈયાર થતા મકાનમાં મારે મકાન લેવું હોવાથી જુલાઈ-૨૦૨૪માં તે અંગેની માહિતી અને દસ્તાવેજો ભેગા કરતો હતો. તે દરમિયાન પાડોશી મારફતે સંજય રાજુભાઈ પ્રજાપતિની ઓળખાણ થઈ હતી. પાડોશીએ તેઓની ઓળખાણ આવાસ યોજનાના એજન્ટ તરીકે આપી હતી. સંજય અને તેની પત્ની દિવ્યા અમારા ઘરે આવ્યા હતા. સંજયે મને કહ્યું હતું કે, સરકારી કામમાં મને મોટા સાહેબો ઓળખે છે. તમને ચોક્કસ મકાન અપાવી દઈશ, તે માટે સાહેબને ૫૦ હજાર આપવા પડશે. તેમના પર વિશ્વાસ કરીને મેં તેઓને મારા દસ્તાવેજો આપ્યા હતા. મેં તેઓને કુલ ૫૯ હજાર રૂપિયા ચૂકવ્યા હતા. ત્યારબાદ મને ખબર પડી હતી કે, સંજયભાઈએ અલગ-અલગ વ્યક્તિઓ પાસેથી મકાન અપાવવાના બહાને રૂપિયા લીધા છે. ત્યારબાદ તેમનો ફોન લાગતો નહતો અને મકાન ખાલી કરીને અન્ય સ્થળે રહેવા જતા રહ્યા હતા. થોડા દિવસ પછી પાડોશી કીર્તિબેન કહારે કહ્યું હતું કે, સંજયભાઈની માતાને એટેક આવ્યો છે. તેઓ અમદાવાદ ગયા છે. સંજય રાજુભાઈ પ્રજાપતિ (રહે. ચંદ્રભાડા હાઉસિંગ બોર્ડ, નવા વાડજ, અમદાવાદ તથા સમા જલારામ મંદિર પાસે)એ મારી પાસેથી ૫૯ હજાર તથા પાડોશી સતિષભાઈ પાસેથી ૫૪ હજાર, મયંક પટેલ પાસેથી ૩૯ હજાર તથા કીર્તિબેન પાસેથી ૩૨ હજાર મળી કુલ ૧.૭૮ લાખ પડાવી લીધા હતા.

ભરૂચ કૃષિ મહાવિદ્યાલય ખાતે પંથકના ખેડૂતોને માર્ગદર્શન

(સંવાદદાતા દ્વારા) પાલેજ, તા.૭

જીએનએફસીની CSR વીંગ નારદેશ દ્વારા સંચાલિત નર્મદા કિસાન સમૃદ્ધિ પરિયોજનાં અંતર્ગત ગત રોજ કૃષિમહા વિદ્યાલય ભરૂચ કેમ્પસ ખાતે પાલેજ, રાજપીપળા અને ડેડીયાપાળા, ક્લસ્ટનાં ૧૫૦થી વધું ખેડૂતનું એક દિવસીય તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડો.ડી.ડી.પટેલ પ્રિન્સિપાલ કૃષિ મહાવિદ્યાલય ભરૂચના અધ્યક્ષ સ્થાને મુખ્ય મહેમાન માર્કેટિંગ હેડ. વિશ્વનાથ બિરાદર (એ.જી.એમ. જીએનએફસી) સિનિયર પ્રાધ્યાપકો, એરિયા મેનેજર, બી.સી.નાયક માર્કેટિંગ મેનેજર સંદીપ કંસારા તેમજ એ.એમ. પટેલ, પાલેજ .કે.બી.હડિયા.

ડેડીયાપાળા.એસ.બી પરનાલિયા, રાજપીપળા ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે આવનાર ખેડૂતોને કૃષિ મહા વિદ્યાલય ભરૂચ કેમ્પસના જમીનની જાળવણી જમીન ઉત્પાદક વધારવા સવિસ્તાર માહિતી આપી હતી તેમજ તુવેર કપાસ મકાઈ જેવા પાકોની વૈજ્ઞાનિક વાવેતર પદ્ધતિ આપવામાં આવી હતી તેમજ પાકોમાં આવતી રોગ જીવાતનું અસરકારક નિયંત્રણ અંગે પ્રધ્યાપકો દ્વારા સવિસ્તાર માહિતી આપવામાં આવી હતી. ખેડૂતોને કપાસ સંશોધન કેન્દ્ર તુવેર સંશોધન કેન્દ્રની રૂબરૂ મુલાકાત ઉપર લઈ જવામાં આવ્યાં હતા. ખેડૂતોને જમીન પાણી ચકાસણી લેબોરેટરી પણ બતાવી તેની સમજ આપવામાં આવી હતી.

સિદ્ધપુરની એડનવાલા હાઈસ્કૂલ જિલ્લા કક્ષાએ ઝળકી

(તસવીર : જહીર મન્સુરી, સિદ્ધપુર)

સિદ્ધપુર, તા.૭

વિકસિત ગુજરાત @ 20147 થીમ આધારિત જિલ્લા કક્ષાના કલા ઉત્સવમાં શાળાના ત્રણ વિદ્યાર્થીઓએ તાલુકા કક્ષામાં પ્રથમ નંબર મેળવી તા.૫-૧૨-૨૫ના રોજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ (ડાયટ) મુકામે જિલ્લા કક્ષાની સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો જેમાં સંગીત વાદન સ્પર્ધામાં શાળાના વિદ્યાર્થી મીર ઉસ્માને સમગ્ર જિલ્લામાં પ્રથમ નંબર મેળવી સંસ્થા, S.E.W.T. ટ્રસ્ટ તેમજ સમગ્ર સિદ્ધપુર પંથક તથા પાટણ જિલ્લાનું નામ રોશન કર્યું છે. હવે તે ઝોન કક્ષાએ સ્પર્ધામાં ભાગ લેશે. આ સાથે તાલુકા કક્ષાની બાળ કવિ સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવનાર એડનવાલા ઉ.માધ્યમિક શાળાની વિદ્યાર્થીની પીંઢારા મહેરબાનુ તેમજ માધ્યમિક વિભાગમાં સંગીત ગાયન સ્પર્ધામાં મીર આલિયાએ જિલ્લા કક્ષાની સ્પર્ધામાં બંનેએ ત્રીજો નંબર મેળવેલ છે. સંસ્થાને ઝોનકક્ષા સુધી લઈ જવા બદલ સિદ્ધપુર એજ્યુકેશન એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ, શાળાના આચાર્ય એમ.આઈ. સૈયદ, સમગ્ર શાળા પરિવાર તેમજ સંસ્થાના વિશાળ હિતેચ્છુ વર્ગે ટ્રસ્ટ ,સંસ્થા અને સિદ્ધપુરને ગૌરવ અપાવવા બદલ તમામને અભિનંદિત કર્યા હતા. શાળાના આવા ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે શાળાના સિનિયર શિક્ષિકા આબેદાબેન મલેકની માર્ગદર્શક તરીકેની ચાવીરૂપ ભૂમિકા રહી હતી. જિલ્લા કક્ષાએ પ્રથમ નંબર મેળવનાર મીર ઉસ્માન હવે ઝોન કક્ષાએ શાળાનું પ્રતિનિધિત્વ કરશે.

હિંમતનગરના અંબાવાડામાં ખેડૂતના ઘરમાં આગ: સરસામાન બળીને ખાખ

(તસવીર : એફ.કે.મન્સુરી, હિંમતનગર)

હિંમતનગર, તા.૭

હિંમતનગર તાલુકાના અંબાવાડા ગામે શનિવારે રાત્રે ખેડૂત જુજારસિંહ બાપુસિંહ મકવાણાના મકાનમાં આગ લાગી હતી. આ ઘટનામાં ઘરનો સરસામાન બળીને ખાખ થઈ ગયો હતો, જોકે પરિવારના સભ્યો સમયસર સુરક્ષિત બહાર નીકળી ગયા હતા. આગની જાણ થતાં જ હિંમતનગર ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર વિભાગે એક બ્રાઉઝર અને એક મિની ટેન્ડર સહિત બે ફાયર ફાઈટરનો ઉપયોગ કર્યો હતો. ફાયર ફાઈટરોની અંદાજે સાડા ત્રણ કલાકની જહેમત બાદ આગ પર કાબૂ મેળવી શકાયો હતો. હિંમતનગર ફાયર વિભાગના મયંકભાઈ પટેલે ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, આગ લાગવાનું પ્રાથમિક કારણ શોર્ટ સર્કિટ હોવાનું મનાય છે. આ ઘટનાથી ખેડૂત પરિવારને મોટું નુકસાન થયું છે.

વાવ-થરાદના દશરથ સિંહ રાજપૂત દિવ્યાંગ સ્પર્ધામાં ભાલાફેંકમાં પ્રથમ

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૭

વડોદરા ખાતે તાજેતરમાં આયોજિત ઓલ ગુજરાત સ્પોર્ટ્સ કાઉન્સિલ ઓફ ધ ડેફ દ્વારા દિવ્યાંગ (મૂક-બધિર) ખેલાડીઓની ટૂર્નામેન્ટમાં વાવ-થરાદના દશરથસિંહ અભાજી રાજપૂત (જમડા)એ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. તેમણે ભાલા ફેંકમાં પ્રથમ સ્થાન અને ૪૦૦ મીટર દોડમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી વાવ, થરાદ અને બનાસકાંઠા જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. આ ટૂર્નામેન્ટનું આયોજન વડોદરા ખાતે ૪થી ૬ ડિસેમ્બર, ૨૦૨૫ દરમિયાન કરવામાં આવ્યું

હતું. દશરથસિંહ રાજપૂતે તેમની અદભુત રમતગમત કૌશલ્યનું પ્રદર્શન કર્યું, જેના પરિણામે તેમને બે મેડલ મળ્યા. તેમની આ સિદ્ધિથી જમડા ગામ સહિત સમગ્ર વાવ, થરાદ અને બનાસકાંઠા જિલ્લાના રાજપૂત સમાજમાં આનંદ અને ગૌરવની લાગણી છવાઈ છે.

હિંમતનગરના રાયગઢ-અડપોદરા રોડ પર દીપડો દેખાયો

વીડિયો વાયરલ થતાં વન વિભાગની તપાસ બાદ પુષ્ટિ

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૭

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના રાયગઢથી અડપોદરા રોડ પર બે દિવસ પહેલા રાત્રિના સમયે એક દીપડો જોવા મળ્યો હતો. આ ઘટનાનો વીડિયો વાઈરલ થતાં વન વિભાગે તપાસ હાથ ધરી હતી. વન વિભાગે પુષ્ટિ કરી છે કે આ વીડિયો બે દિવસ જૂનો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાયગઢથી અડપોદરા રોડ પર રેલવે સ્ટેશન વિસ્તાર નજીક ઝાડીઓમાં દીપડો દેખાયો હતો. એક કાર ચાલકે દીપડાનો વીડિયો પોતાના મોબાઈલમાં કેદ કર્યો હતો, જે બાદમાં સોશિયલ મીડિયા પર વાઈરલ થયો હતો. આ અંગે રાયગઢના RFO અનિરૂદ્ધસિંહ સિસોદિયાએ ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, બે દિવસ પહેલા દીપડો જોવા મળ્યો હોવાનો વીડિયો વાયરલ થયો હતો. આ માહિતી મળતા જ વન વિભાગની ટીમે તે વિસ્તારમાં પેટ્રોલિંગ કર્યું હતું, પરંતુ દીપડો ફરીથી જોવા મળ્યો ન હતો. તેમણે ઉમેર્યું હતું કે આ વિસ્તાર જંગલની નજીક હોવાથી દીપડો રોડ તરફ આવી ગયો હોઈ શકે છે. જોકે, પેટ્રોલિંગ દરમિયાન તેની હાજરી જણાઈ નથી.

આંબેડકરના મહાપરિનિર્વાણ દિન નિમિત્તે સભા ગજવી

થરાદમાં ૧૫ દિવસમાં બીજી વાર મેવાણી આકરા પાણીએ

ડીસા, તા.૭

૧૫ દિવસમાં બીજીવાર વડગામના ધારાસભ્ય અને રાષ્ટ્રીય દલિત અધિકાર મંચના કન્વીનર જિગ્નેશ મેવાણીએ આજે થરાદની મુલાકાત લીધી હતી. ડો.બાબાસાહેબ આંબેડકરના મહાપરિનિર્વાણ દિન નિમિત્તે તેમણે એક સભાને સંબોધી હતી અને કોચિંગ સેન્ટરનું ઉદ્ઘાટન કર્યું હતું.જિગ્નેશ મેવાણીએ થરાદમાં ચાલી રહેલા કેફી પદાર્થોના સેવન અને વેચાણ મુદ્દે આક્રમક વલણ અપનાવતા તાકીદ કરી હતી કે, ૧૦-૨૦ ટકા કેફી પદાર્થોનું સેવન-વેચાણ થાય છે, ખબરદાર ! બંધ કરી દેજો. આવતી વખતે સભા નહીં કરૂં, થરાદમાં ચક્કાજામ કરીશ અને આજુબાજુના હાઈવે બંધ કરવાનો કોલ આપીશ અને એ પણ ડંકાની ચોટ પર કહું છું.

આ મુલાકાત અગાઉ મેવાણીના એક નિવેદનને કારણે રાજ્યભરમાં હોબાળો થયો હતો. ગત ૨૨ નવેમ્બરથી કોંગ્રેસે વાવ-થરાદ જિલ્લાના ઢીમા ગામથી કોંગ્રેસે જનઆક્રોશ રેલી શરૂ કરી હતી. આ રેલી દરમિયાન થરાદ પોલીસ મથકે મેવાણીએ પોલીસના પટ્ટા ઉતારવા અંગે નિવેદન આપ્યું હતું, જે લોક ચર્ચાના ચાકડે ચઢ્યું

ડો.બાબાસાહેબ આંબેડકરના મહાપરિનિર્વાણ દિન નિમિત્તે થરાદમાં આયોજિત વિશેષ કાર્યક્રમમાં મેવાણીના હસ્તે મેઘવંશી કોચિંગ ક્લાસ સેન્ટરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. મેઘવંશી સેવા ટ્રસ્ટ દ્વારા શરૂ કરાયેલું આ કોચિંગ સેન્ટર દેશના શોષિત, પીડિત અને વંચિત લોકોને સંવિધાન દ્વારા મળેલા અવસર, હક અને અધિકારો પ્રત્યે જાગૃત કરવાનો મુખ્ય ઉદ્દેશ ધરાવે છે.

(તસવીર : જમીલ મેમણ, ડીસા)

અને અધિકારો પ્રત્યે જાગૃત કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય ધરાવે છે. આ સેન્ટર સમાજના આ વર્ગના ઉત્થાન માટે કાર્ય કરશે. ડો.બાબાસાહેબ આંબેડકરના મહાપરિનિર્વાણ દિન નિમિત્તે થરાદમાં આયોજિત વિશેષ કાર્યક્રમમાં મેવાણીના હસ્તે મેઘવંશી કોચિંગ ક્લાસ સેન્ટરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. મેઘવંશી સેવા ટ્રસ્ટ દ્વારા શરૂ કરાયેલું આ કોચિંગ સેન્ટર દેશના શોષિત, પીડિત અને વંચિત લોકોને સંવિધાન દ્વારા મળેલા અવસર, હક અને અધિકારો પ્રત્યે જાગૃત કરવાનો મુખ્ય ઉદ્દેશ ધરાવે છે. આ સેન્ટર સમાજના આ વર્ગના ઉત્થાન માટે કાર્ય કરશે. થરાદ શહેરમાં ડો.બાબાસાહેબ આંબેડકરના પરિનિર્વાણ દિવસના રોજ ભવ્ય સભા અને રેલી વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીના અધ્યક્ષપદે રાખવામાં આવી હતી. ડો.બાબાસાહેબ આંબેડકરના સ્ટેચ્યુને ફુલહાર કરી ત્યાંથી સાચોર હાઈવે ઉપર આવેલી સિવાય હોટેલની સામે સભા ખંડ સુધી ભવ્ય બાઈક રેલી યોજવામાં આવી હતી, જેમાં વાવ, થરાદ અને સુઈગામ તાલુકાના તમામે સમાજના યુવાનો વડીલો મોટી સંખ્યામાં જોડાયા હતા.

સમસ્યાઓનું નિરાકરણ હવે આંગળીના ટેરવે

વડોદરા : VMCએ જાહેર કર્યો ૨૪ કલાકનો ટોલ-ફ્રી તેમજ વોટ્સએપ નંબર

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૭

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના નાગરિકોની સુવિધા અને તેમની સમસ્યાઓના ઝડપી નિરાકરણ માટે એક અગત્યની પહેલ કરવામાં આવી છે. નાગરિકોને હવે પાણી, ડ્રેનેજ, રોડ-રસ્તા, સ્ટ્રીટલાઈટ, અને સાફ-સફાઈ જેવી તમામ પ્રકારની સમસ્યાઓ માટે મ્યુનિસિપલ કચેરીઓના ધક્કા ખાવાની જરૂર રહેશે નહીં. VMC દ્વારા આ સમસ્યાઓ નોંધાવવા માટે એક ૨૪ કલાક કાર્યરત ટોલ-ફ્રી નંબર અને ફરિયાદના મેસેજ મોકલવા માટે એક વોટ્સએપ નંબર જાહેર કરવામાં આવ્યો છે. શહેરીજનોને કોઈપણ પ્રકારની જાહેર સુવિધા સંબંધિત સમસ્યાઓ ઉદ્ભવે તો તેમણે વડોદરા મહાનગરપાલિકાના કોલ સેન્ટરના ટોલ-ફ્રી નંબર ૧૮૦૦ ૨૩૩ ૦૨૬૫ ઉપર સંપર્ક કરવાનો રહેશે. આ ટોલ-ફ્રી નંબર ૨૪ કલાક કાર્યરત હોય છે, જેથી નાગરિકો દિવસ કે રાત કોઈપણ સમયે પોતાની ફરિયાદ નોંધાવી શકે છે. કોલ સેન્ટર પર ફોન કરવાથી નાગરિકોને તેમની ફરિયાદનો એક કમ્પ્લેઈન નંબર જનરેટ થશે.

વડોદરામાં વૃદ્ધનું કાર્ડ બદલી લઈ ગઠિયાએ ATMમાંથી રૂા.૭૫ હજાર ઉપાડી લીધા

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૭

એ.ટી.એમ. સેન્ટરમાં પૈસા ઉપાડવા ગયેલા સિનિયર સિટિઝનનું કાર્ડ ગઠિયાએ બદલી લઈ બીજું કાર્ડ આપી દીધું હતું. ત્યારબાદ ગઠિયાએ રૂા.૭૫ હજાર વિડ્રો કરી લીધા હતા. પ્રાપ્ત વિગતો મુજબ, છાણી રોડ ઝેવિયર નગર સોસાયટીમાં રહેતો અંકિત વિનોદભાઈ મેકવાન ગેંડા સર્કલ પાસે શો રૂમમાં નોકરી કરે છે. ફતેગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, ગત ૧ લી તારીખે સવારે ૧૧ વાગ્યે મારા પિતાજી વિનોદભાઈ મેકવાન પૈસા ઉપાડવા માટે છાણી રોડ સિદ્ધાર્થ એલીગેન્સના એ.ટી.એમ.માં ગયા હતા. મારા પિતાએ કાર્ડ નાખ્યું હતું. પરંતુ, ટ્રાન્જેક્શન ફેઈલ થયું હતું. તેમની સાથે ઊભેલી વ્યક્તિને મારા પિતાએ કાર્ડ આપ્યું હતું. જેથી, તેણે પૈસા ઉપાડવા માટે પ્રયાસ કર્યો હતો. પરંતુ,ટ્રાન્જેક્શ ફેઈલ થતા મારા પિતાજી ઘરે આવી ગયા હતા. મને કાર્ડ પરત આપ્યું હતું. ત્યારબાદ હું નોકરી જતો રહ્યો હતો. ત્યારબાદ મારા એકાઉન્ટમાંથી સતત ત્રણ દિવસ સુધી ૭૫ હજાર વિડ્રો થઈ ગયા હતા. જેના કોઈ મેસેજ આવ્યા ન હતા. ત્યારબાદ જાણ થઈ હતી કે, મારા પિતાજીએ જે વ્યક્તિને કાર્ડ આપ્યું હતું તેણે કાર્ડ બદલી નાખ્યું હતું અને તેણે મારા પિતાજી પાસેથી લીધેલા કાર્ડ પરથી રૂપિયા વિડ્રો કરી લીધા હતા.

વડોદરા પાલિકામાં વિવાદનો અંત મ્યુ. કમિશનરના હસ્તક્ષેપ બાદ માસ CLનો અંત

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૭

વડોદરા મહાનગરપાલિકાની કચેરીઓમાં છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલા આંતરિક વિખવાદે ગંભીર સ્વરૂપ ધારણ કર્યું હતું. ત્રાહિત વ્યક્તિઓની કનડગત અને ત્રાસથી હેરાન પરેશાન થયેલા અધિકારીઓ અને કર્મચારીઓએ સામૂહિક વિરોધ દર્શાવતા માસ સીએલ પર ઉતરી ગયા હતા. આ અણધાર્યા પગલાને કારણે મહાનગરપાલિકાની કચેરીઓ સુમસામ જણાઈ હતી, મોટાભાગની ઓફિસોમાં વહીવટી કામકાજ રોકાઈ ગયું હતું અને કચેરીઓમાં અંધારપટ છવાયો હતો. કર્મચારીઓએ માસ સીએલ માટે આપેલા આવેદનમાં ખાસ કરીને ઓડિટ વિભાગ અને પીઆરઓ શાખા વચ્ચેના આંતરિક મતભેદોનો ઉલ્લેખ થતાં મામલો વધુ વણસ્યો હતો. આ વિવાદમાં પીઆરઓ વિભાગના જીગ્નેશ ગોહિલનું નામ પણ સામે આવતા બંને વિભાગો વચ્ચેનો કોલ્ડ વોર જાહેરમાં આવ્યો હતો. કર્મચારીઓની અરજીમાં પીઆરઓ વિભાગ સાથેના મતભેદો સપાટી પર આવ્યા હતા,

વહીવટી કામગીરી ફરી સામાન્ય બની

વહીવટી તંત્રના વિવિધ વિભાગો વચ્ચે સર્જાતા મતભેદો વહીવટમાં વિક્ષેપ પેદા કરી રહ્યા હોવાનું સ્પષ્ટ થયું હતું. આ મામલે મ્યુ.કમિશ્નરની તાત્કાલિક દખલગીરી અને તપાસના આદેશ બાદ પરિસ્થિતિ નિયંત્રણમાં આવી છે. કમિશ્નરની ખાતરી બાદ અધિકારીઓએ પોતપોતાની ફરજ પર હાજરી આપી દીધી છે, જેથી વહીવટી કામગીરી ફરી સામાન્ય બની હતી અને તણાવપૂર્ણ વાતાવરણ થોડું શાંત બન્યું હતું. જોકે, જીએડી તપાસના અંતે કયા તથ્યો સામે આવે છે, તેના પર સૌની નજર ટકેલી છે.

ખેરોજ ખાતે નદીમાંથી યુવકનો મૃતદેહ મળ્યો

ડીસા, તા.૭

બનાસકાંઠાના હડાદ તાલુકાના ખેરોજ નજીક સાબરમતી નદીમાંથી એક અજાણ્યા યુવકનો મૃતદેહ મળતા ભારે ચકચાર સાથે અફરાટી ફેલાઈ છે. આ ઘટના બનાસકાંઠા જિલ્લાની સરહદ પર ખેરોજ નજીક બનવા પામી છે જ્યાં સાબરમતી નદીના કિનારે અજાણ્યા પુરૂષનો એક મૃતદેહ તરતો જોવા મળતા ભારે ચર્ચા જોવા મળી હતી. આ ઘટનાને લઈ પુલ ઉપર લોકોની ભારે ભીડ ઉમટી પડી હતી. જો કે આ ઘટનાની જાણ ખેરોજ પોલીસને થતા પોલીસ તાકીદે ઘટનાસ્થળ પર પહોંચી હતી. પોલીસે અજાણ્યા પુરૂષના મૃતદેહની ઓળખ કરવા અને મૃત્યુનું કારણ જાણવા કાયદેસરની કાર્યવાહી કરી આગળની તપાસ શરૂ કરી છે.

વડોદરા : ત્રીજા માળેથી નીચે પટકાતા શ્રમજીવીનું મોત

(સંવાદદાતા દ્વારા)વડોદરા, તા.૭

કન્સટ્રકશન સાઈટ પર કામ કરતા શ્રમજીવીઓની સલામતી અંગે યોગ્ય વ્યવસ્થા નહી કરવામાં આવતા મોતની ઘટના બને છે. આજે વધુ એક શ્રમજીવીનું મોત થયું છે. પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ, અલકાપુરી વિશ્વાસ કોલોની રામા સ્પેક્ટ્રામાં આજેસવારે સાડા નવ વાગ્યે રાજદેવ સુખદેવ રાય, (ઉં.વ.૫૦) (રહે.પરહિયા ગામ, મુઝફ્ફરપુર, બિહાર) કામ કરતો હતો. ત્રીજા માળે સીડી મૂકી કામ કરતા સમયે તે નીચે પટકાતા માથામાં ગંભીર ઈજા થઈ હતી. તેને સારવાર માટે અટલાદરાની ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. પરંતુ, તેનો જીવ બચી શક્યો નહતો. જે અંગે અકોટા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે, ગઈકાલે જાંબુવા ગામ નજીક સહજ નામની કન્સટ્રકશન સાઈટ પર પહેલા માળે પાણી છાંટતી વખતે નીચે પટકાતા ગંભીર રીતે ઘાયલ થયેલા શ્રમજીવીનું મોત થયું હતું. તેમજ તરસાલી બાયપાસ પાસે કાન્હા નિર્મલ સાઈટના બીજા માળે પ્લમ્બિંગનું કામ કરતા શ્રમજીવીને કરંટ લાગતા મોત થયું હતું.

મુખ્યમંત્રી, ભાજપ પ્રદેશ પ્રમુખ-મંત્રીઓની હાજરીમાં ખોડલધામ ખાતે આવ્યો 'કોલ્ડ વોર'નો અંત !

રાજ્યના પાટીદાર સમાજના બે અગ્રણીઓ પૂર્વ મંત્રી રાદડિયા તથા નરેશ પટેલ વચ્ચે સમાધાન

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૭

ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા આજે ખોડલધામ મંદિર, કાગવડ મુકામે એક ભવ્ય સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ ખોડલધામના પ્રમુખ નરેશ પટેલ અને લેઉવા પાટીદાર અગ્રણી તેમજ ધારાસભ્ય જયેશ રાદડિયા વચ્ચે ચાલી રહેલું 'કોલ્ડવોર' આ કાર્યક્રમમાં સમાપ્ત થયું છે. આ પ્રતિષ્ઠિત કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રી

અગ્રણીઓ ભાજપ અગ્રણીઓ દ્વારા મુખ્યમંત્રી સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં સમાજના આ બંને અગ્રણીઓ વચ્ચે સમાધાન કરાવવામાં આવ્યું હોવાની વાતો સૂત્રો દ્વારા પ્રાપ્ત થઈ રહી છે.

કાર્યક્રમના અંતે ખોડલધામના પ્રમુખ નરેશ પટેલ અને જેતપુર ધારાસભ્ય જયેશ રાદડિયા બંને એક બીજા સાથે વાતચીત કરતાં અને હળવાશની પળોમાં દેખાયા હતા.કાર્યક્રમના અંતે જયેશ રાદડિયાએ એક મોટું

સન્માનના કાર્યક્રમમાં બંને મોભીઓને એક કરવાનું આયોજનબદ્ધ કામ પાર પડાયું હોવાની ચર્ચા

સમારોહમાં ગુજરાત ભાજપના નવનિયુક્ત પ્રદેશ પ્રમુખ અને રાજ્ય સરકારમાં નવનિયુક્ત થયેલા લેઉવા પટેલ સમાજના મંત્રીઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું જો કે આજના આ કાર્યક્રમનું મહત્વ પાટીદાર સમાજના બે અગ્રણી નરેશ પટેલ અને પૂર્વ મંત્રી જયેશ રાદડિયા વચ્ચેના પટરાગને મીટાવી સમાધાન કરાવવાને લીધે વધી જવા પામ્યું હોવાની ચર્ચા વ્યાપક રીતે થઈ રહી છે. ખોડલધામ ખાતે લેઉવા પાટીદાર સમાજ દ્વારા શક્તિ પ્રદર્શનના કાર્યક્રમમાંથી સૌથી મોટા સમાચાર એ સામે આવ્યા છે કે છેલ્લા ઘણા સમયથી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશ પટેલના માર્ગદર્શન હેઠળ મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યાં, જેમાં ટ્રસ્ટીઓ, વિવિધ કન્વીનરો ભૂપેન્દ્ર પટેલ અને ભારત સરકારના કેબિનેટ મંત્રી મનસુખ માંડવિયાની પ્રેરક ઉપસ્થિતિ રહ્યાં. સાથે પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા પણ ઉપસ્થિત રહ્યાં. ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સાથે નવનિયુક્ત લેઉવા પટેલ સમાજના મંત્રીઓ જીતુ વાઘાણી, કૌશિક વેકરીયા, કમલેશ પટેલનું સન્માન પણ કરવામાં આવ્યું. આ સન્માન સમારોહમાં ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશ પટેલના માર્ગદર્શન હેઠળ મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યાં, જેમાં ટ્રસ્ટીઓ, વિવિધ કન્વીનરો અને તેમની ટીમ, રાજકીય અને સામાજિક આગેવાનો, વિવિધ એસોસિએશનના હોદ્દેદારો તેમજ સોશિયલ ગ્રુપના સભ્યો સહિત સમાજના લોકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી મહાનુભાવોને શુભેચ્છાઓ પાઠવી.

ખોડલધામ ખાતે લેઉવા પાટીદાર સમાજ દ્વારા શક્તિ પ્રદર્શનના આ કાર્યક્રમમાં છેલ્લા ઘણા સમયથી ખોડલધામના પ્રમુખ નરેશ પટેલ અને લેઉવા પાટીદાર અગ્રણી તેમજ ધારાસભ્ય જયેશ રાદડિયા વચ્ચે ચાલી રહેલું શીત યુદ્ધનો આ કાર્યક્રમમાં અંત આવ્યો હતો. જો કે આ કાર્યક્રમને નિમિતે બજાવી પાટીદાર સમાજના

અત્રે ઉલ્લેખનીય છે કે ઈફકોની ચૂંટણી બાદ જયેશ રાદડિયાએ અનેકવાર નામ લીધા વિના સમાજના અગ્રણીઓ પર નિશાન સાધ્યું હતું અને તેમને રાજકારણ કરવું હોય તો ખુલ્લા મેદાને આવવા માટે ટકોર પણ કરી હતી. જોકે, આ કાર્યક્રમમાં જયેશ રાદડિયાની ઉપસ્થિતિથી નરેશ પટેલ અને તેમની વચ્ચે સુખદ સમાધાન થયું છે. હાલ ખોડલધામ ખાતેના કાર્યક્રમમાં જયેશ રાદડિયા હાજર રહેતા તમામ મતભેદો અને મનભેદો દૂર થયા હોવાની ચર્ચા સમાજમાં ચાલી રહી છે, જે લેઉવા પાટીદાર સમાજ માટે એક સકારાત્મક સંકેત છે.

નિવેદન આપ્યું હતું કે જયેશ રાદડિયા હોય કે ના હોય ખોડલધામ રહેવાનું જ છે, ખોડલધામ સમાજનું ગૌરવ છે. નરેશ પટેલ અને જયેશ રાદડિયા વચ્ચે પાટીદાર અગ્રણી તેમજ રાજ્યના કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ સમાધાન કરાવ્યું હોવાની ચર્ચા થઈ રહી છે. નરેશ પટેલ અને જયેશ રાદડિયા વચ્ચે ચાલી રહેલા કોલ્ડવોર અંગે કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ કહ્યું કે ઘણી વખત જે વાતો વહેતી થઈ હોય છે એ સત્યથી વિપરીત હોય છે. સમાજના કામમાં નરેશભાઈ અને જયેશ રાદડિયા હંમેશા આગળ રહ્યાં છે. ખોડલધામ એનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

અમદાવાદમાં ચાલુ વર્ષે ૧૦૦૬ આરોપીઓ વિરૂદ્ધ પાસાની કાર્યવાહી અને ૨૧૮ને તડીપાર કરાયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

અમદાવાદ શહેરમાં ગુનાહિત પ્રવૃતિ સાથે સંકળાયેલા અસામાજિક તત્વો વિરૂદ્ધ કાર્યવાહી કરવા માટે પીસીબી (પ્રિવેન્શન ઓફ ક્રાઈમ બ્રાન્ચ) દ્વારા પાસા અને તડીપારની કાર્યવાહી કરવામાં આવે છે. અમદાવાદ પોલીસે ચાલુ વર્ષે ૧૦૦૬ જેટલા આરોપીઓ વિરૂદ્ધ પાસાની અને ૨૧૮ જેટલા આરોપીઓને તડીપાર કર્યા હતા. આરોપીઓ વિરૂદ્ધની આ કાર્યવાહી વર્ષ ૨૦૨૩ અને ૨૦૨૪ની સરખામણીમાં ૩૦ ટકા જેટલી વધારે છે. ત્યારે હજુ ડિસેમ્બર મહિના દરમિયાન હજુ અનેક અસામાજિક તત્વો વિરૂદ્ધ કાર્યવાહી કરાશે. શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ દ્વારા અટકાયતી પગલા ભરવાની મહત્વની કામગીરી કરવામાં આવે છે. જેમાં આરોપીની ૨૪ કલાક માટે ધરપકડ કરીને કાર્યવાહી કરવામાં આવે છે. આ ઉપરાંત, ગુનાહિત ઈતિહાસ ધરાવતા આરોપીઓ પર સતત હિલચાલ રાખવામાં આવે છે. પરંતુ, સતત ગુનાખારી આચરતા તત્વોને કાબૂમાં કરવા માટે પોલીસ કમિશનરના સીધા માર્ગદર્શન હેઠળ કામ કરતી પીસીબી દ્વારા પણ દરોડા પાડીને ગુનો નોંધવા સુધીની કાર્યવાહી કરવામાં આવે છે. આ ઉપરાંત, અસામાજિક તત્વો વિરૂદ્ધ પાસા અને તડીપારની કાર્યવાહી કરવામા આવે છે. પીસીબી દ્વારા વર્ષ ૨૦૨૪માં ૧૦૦૬ જેટલા આરોપીઓને પાસા હઠળ કાર્યવાહી કરીને રાજ્યની અલગ જેલમાં મોકલી આપવામા આવ્યા હતા. જ્યારે હજુ ડિસેમ્બર મહિનો પૂર્ણ થતા આ આંકડો ૧૨૦૦ સુધી પહોંચવાની શક્યતા છે. આ વર્ષએ માર્ચમાં ૧૫૦ અને જુનમાં ૧૨૬ આરોપીની પાસા કરવામાં આવી હતી. વર્ષ ૨૦૨૩મા ૭૦૬ આરોપીઓને પાસા કરવામાં આવી હતી. જ્યારે વર્ષ ૨૦૨૪માં ૯૫૩ આરોપીઓને પાસાની સજા કરવામાં આવી હતી. જ્યારે ૨૦૨૪માં ૩૦ નવેમ્બર સુધીમાં ૨૧૮ જેટલા અસામાજિક તત્વોને અમદાવાદથી અન્ય જિલ્લાઓમાં તડીપાર કરવામાં આવ્યા હતા. જેમાં જુન મહિનામાં ૫૨ આરોપીઓનો સમાવેશ થાય છે. જ્યારે વર્ષ ૨૦૨૩માં ૧૩૬ આરોપીઓ અને વર્ષ ૨૦૨૪માં ૧૫૨ અસામાજિક તત્વોને અમદાવાદ બહાર તડીપાર કરાયા હતા. પીસીબીએ પ્રોહીબીશન, ડ્રગ્સ અને શરીર સંબધિત ગુનાઓમાં સંડોવાયેલા વધુ અનેક આરોપીઓ વિરૂદ્ધ પાસા-તડીપારની કાર્યવાહી શરૂ કરી છે.

મહિલાઓ માટે આંબાવાડીમાં સ્વિમિંગ પુલ અને જીમ્નેશિયમ બનાવવામાં આવશે

રૂા.૧૦ કરોડના ખર્ચે ૫૩૫૧ ચો.મી. એરિયામાં બે વર્ષમાં તૈયાર થશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

અમદાવાદ શહેરના આંબાવાડી વિસ્તારમાં રૂા.૧૦ કરોડના ખર્ચે મહિલાઓ માટે સ્વિમીંગ પુલ અને જીમ્નેશિયમ તૈયાર કરવામાં આવશે. ૫ હજાર ચો.મી. કરતા વધુ વિસ્તારના પ્લોટમાં આગામી બે વર્ષમાં તૈયાર થશે. પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા શહેરના પશ્ચિમ ઝોનના નવરંગપુરા વોર્ડમાં આવેલા આંબાવાડી વિસ્તારમાં કલાઉડ-૯ પાસેના મ્યુનિ. કોર્પોરેશનના પ્લોટમાં મહિલાઓ માટે સ્વિમીંગ પુલ અને જીમ્નેશિય બનાવવાનું નક્કી કર્યું છે. આ કામ માટે રૂા.૧૪.૯૮ કરોડનો અંદાજ લગાવવામાં આવ્યો હતો. જ્યારે રૂા.૧૦.૦૩ કરોડનું ટેન્ડર મંજૂર કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે. આ કામ બે વર્ષના સમયગાળામાં પૂર્ણ કરવાનું આયોજન કરાયું છે. કુલ ૫૩૫૧.૧૮ ચો.મી.ના એરિયામાં સ્વિમીંગ પુલ અને જીમ્નેશિયમ તૈયાર કરવામાં આવશે.

મહિલાઓ માટે તૈયાર થનારા આ સ્વિમીંગ પુલ અને જીમ્નેશિયમમાં ગ્રાઉન્ડ ફ્લોર પર ૫૦ મીટર લંબાઈ અને ૨૫ મીટર પહોળાઈનો સ્વિમીંગ પુલ હશે. આ ઉપરાંત એડમિનિસ્ટ્રેટિવ ઓફિસ, કોચ રૂમ, રજિસ્ટ્રેશન ઓફિસ, ચેન્જ રૂમ, વોશ રૂમ, પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવેલી હશે. જ્યારે પ્રથમ માળે જીમ્નેશિયમ તેમજ યોગા રૂમની સુવિધા ઉભી કરવામાં આવશે. આ ઉપરાંત ચેન્જ રૂમ અને વોશ રૂમ પણ તૈયાર કરાશે. આ ઉપરાંત, શહેરના પશ્ચિમઝોનના ચાંદખેડા વોર્ડમાં સ્નેહ પ્લાઝા રોડ પર સિનિયર સિટીઝન પાર્ક બનાવવાના કામને મંજૂરી આપવામાં આવી છે. રૂા.૩૬.૧૯ લાખના ખર્ચે ૬૨૮ ચો.મી. વિસ્તારમાં આ પાર્ક આગામી ૬ માસમાં તૈયાર કરી દેવામાં આવશે તેમ સુત્રોએ જણાવ્યું હતું. આ સિનિયર સિટીઝન પાર્કમાં ગઝેબો, ગાર્ડન, ટોઈલેટ અને વોક-વે તૈયાર કરવાનું આયોજન કરાયું છે.

ભૂજ : બોરવેલમાં ૧૫૦ ફૂટ ઊંડાઈએ ફસાયેલા યુવકને ૯ કલાકે બહાર કઢાયો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

ભૂજ પાસે કુકમામાં બોરવેલમાં ખાબકેલા ઝારખંડના ૨૦ વર્ષીય યુવકને નવ કલાકની ભારે જહેમત બાદ બહાર કાઢવામાં આવ્યો હતો. જોકે, તેને બચાવી શકાયો ન હતો અને ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. આ ઘટના ગત સાંજે ૬:૩૮ વાગ્યાની આસપાસ બની હતી. મૂળ ઝારખંડ રાજ્યનો વતની રૂસ્તમ શેખ નામનો યુવક કુકમા સ્થિત આશાપુરા ટેકરી પાસે ગોપાલભાઈની વાડીમાં ખેતમજૂરી કરતો હતો. પારિવારીક ઝગડાથી કંટાળી આવેશમાં આવીને તેણે બોરવેલમાં પડતું મૂક્યું હતું. એક ફૂટ પહોળાઈ ધરાવતા આ બોરવેલમાં યુવક લગભગ

ફરજ પરના તબીબોએ યુવકને મૃત જાહેર કર્યો

૧૫૦ ફૂટ ઊંડાઈએ ફસાયો હતો. ઘટનાની જાણ થતાં જ વહીવટી તંત્રના અધિકારીઓ અને ફાયર ટીમે ઘટનાસ્થળે પહોંચી બચાવ કામગીરી શરૂ કરી હતી. ભુજ ફાયર વિભાગના ફાયરમેન કમલેશ મતિયાએ જણાવ્યું કે, યુવકને સુરક્ષિત બહાર કાઢવા માટે ગત સાંજથી વહેલી સવાર સુધી સતત કામગીરી ચાલી હતી. આશરે નવ કલાક સુધી ચાલેલી આ કામગીરીમાં આર્મીના જવાનો, સ્થાનિક બોરવેલ બનાવતા યુવકો અને ફાયર ટીમના ૧૫ સભ્યો જોડાયા હતા. યુવક જીવિત રહે તે માટે બોરવેલની અંદર પાઈપલાઈન મારફતે સતત ઓક્સિજન પૂરો પાડવામાં આવતો હતો અને કેમેરાની મદદથી તેની સ્થિતિ પર નજર રાખવામાં આવતી હતી. રાત સુધી સફળતા ન મળતા, અંતે દેશી પદ્ધતિ અપનાવવામાં આવી હતી. લોખંડના હૂકને દોરડા વડે બાંધી ગરગડી મારફતે બોરવેલની અંદર ઉતારવામાં આવી હતી. આ હૂક યુવકના કપડામાં ફસાવી તેને બહાર ખેંચી કાઢવામાં આવ્યો હતો. ઘટનાસ્થળે હાજર ૧૦૮ની ટીમે યુવકને તાત્કાલિક ભુજની જી.કે. જનરલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. પોલીસે જણાવ્યું કે, યુવકને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયો હતો, પરંતુ ફરજ પરના તબીબ દ્વારા તેને મૃત જાહેર કરાયો હતો. હાલ તેના પોસ્ટમોર્ટમ સહિતની વહીવટી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

સુરત : ગેસ લીકેજથી લાગેલી આગમાં દાઝેલા ચાર પૈકી બેનાં મોત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

સુરતના સચિન GIDC નજીક આવેલી ગુરૂકૃપા સોસાયટીમાં તા.૨ ડિસેમ્બરના રોજ ગંભીર દુર્ઘટના ઘટી હતી. બરફની ફેક્ટરી પાસેના એક રહેણાંક મકાનમાં ગેસ સિલિન્ડર લીકેજ થતાં ફ્લેશ ફાયર થયું હતું. જેમાં બે યુવતીઓ એક મહિલા અને એક પુરુષ સહિત કુલ ચાર લોકો ગંભીર રીતે દાઝ્યા હતા. જે બાદ ચારેય લોકોને સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા જેમાંથી આજે ૨ લોકોના મોત થયા છે. દાઝી ગયેલા લોકોમાં રિક્કી હરિભાઈ પોલાઈ (ઉ.વ.૧૯), ભાગ્યશ્રી હરિભાઈ પોલાઈ (ઉ.વ.૨૨) અને સાલુબેન રામકુમાર મોહન (ઉ.વ.૨૬) તેમજ હરિઓમ સુરેન્દ્ર યાદવ હતા, જેમાંથી આજે સાલુબેન અને રિક્કીબેન જિંદગીને અલવિદા કહ્યું છે. પરિવારજનો આક્રંદ સાથે યોગ્ય તપાસની માંગ કરી રહ્યા છે. સચિન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ફાયર વિભાગ પણ તપાસમાં જોતરાયું છે. મળતી માહિતી અનુસાર ગુરુકૃપા સોસાયટીમાં આવેલા એક મકાનમાં ગેસ સિલિન્ડર લીકેજના કારણોસર ફ્લેશ ફાયર થયું હતું. જોત જોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું કે ઘરના સભ્યોને બહાર નીકળવાનો મોકો મળ્યો ન હતો. અને આગની લપેટમાં ચાર લોકો અત્યંત ગંભીર રીતે દાઝી ગયા હતા. જે બાદ ઘાયલ લોકોને સમયસર સારવાર મળી રહે તે માટે તુરંત જ એમ્બ્યુલન્સ મારફતે તેમને સિવલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જેમાંથી બે યુવતીના કરુંણ મોત થયા છે. જ્યારે અન્ય બેમાંથી એક જિંદગી અને મોત વચ્ચે લડી રહ્યા છે.

ગંદકી તથા પ્લાસ્ટિકના વપરાશ બદલ ૨૮ એકમોને કોર્પોરેશને સીલ કર્યા

૧૨૧૩ એકમોની ચકાસણી કરવામાં આવી, ૮૩૦ એકમોને નોટિસ અપાઈ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

અમદાવાદ શહેરમાં જાહેરમાં ગંદકી કે ન્યૂસન્સ કરતા એકમો સામે કાર્યવાહી ઉપરાંત પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઉપયોગ કરનારા લોકો સામે મ્યુનિ. કોર્પોરેશનના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. જેમાં શહેરના વિવિધ વિસ્તારમાં જાહેર રસ્તા પર ગંદકી કરતા તથા પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઉપયોગ બદલ ૨૮ દુકાનો સીલ કરાઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની સ્વચ્છતા સ્ક્વોડની ટીમ દ્વારા શહેરમાં જાહેરમાં ગંદકી તથા ન્યૂસન્સ અને પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઉપયોગને લઈને તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં શહેરમાં કુલ ૧૨૧૩ એકમોની તપાસ કરવામાં આવી હતી. જે પૈકી સફાઈ-સેનિટેશનને લગતી ૫૭૦ નોટિસ અને પ્રતિબંધિત પ્લાસ્ટિક અમલવારી અંગેની ૨૬૦ સહિત કુલ ૮૩૦ નોટિસ આપવામાં આવી છે, અને તેમની પાસેથી રૂા.૩.૮૭ લાખનો દંડ પણ વસૂલ કરવામાં આવ્યો છે, અને ૧૪.૪૦ કિ.ગ્રા. જેટલો પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરાયો છે. આ ઉપરાંત ૨૮ જેટલા એકમો સીલ કરવામાં આવ્યા હતા. કોર્પોરેશન દ્વારા જે એકમોને સીલ કરવામાં આવ્યા છે તેમાં, પાન પાર્લર, ફરસાણની દુકાન, આઈસક્રિમ પાર્લર, ઝેરોક્ષની દુકાન, ટી સ્ટોલ, ફાસ્ટ ફુડ સેન્ટર, સ્વિટ્સ શોપ સહિતની દુકાનોનો સમાવેશ થાય છે. કોર્પોરેશન દ્વારા આગામી દિવસોમાં પણ શહેરમાં જાહેરમાં ગંદકી કરતા તેમજ પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા એકમો સામે કાર્યવાહી કરવામાં આવશે તેમ સુત્રોએ જણાવ્યું હતું.

અમદાવાદ શહેરમાં એક પછી એક બ્રિજ બંધ થતાં ટ્રાફિક વ્યવસ્થા વકરી

સારંગપુર-અસારવા અને હવે સુભાષ બ્રિજને લીધે મોટાભાગના રસ્તા બંધ

સુભાષબ્રિજ બંધ કરાતા શાહીબાગથી લઈ છેક જૂના વાડજ સુધી વાહનચાલકો ત્રસ્ત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

અમદાવાદ પૂર્વ અને પશ્ચિમને જોડતા સારંગપુર બ્રિજના રીકન્સ્ટ્રકશનને લઈ આ વર્ષના જાન્યુઆરી મહિનાથી તમામ પ્રકારની અવરજવર માટે બંધ કરાયો છે. આ ઉપરાંત અસારવા, ગિરધરનગર બ્રિજ બંધ હોવાના કારણે ટ્રાફિકને ડાઈવર્ઝન આપવામા આવ્યું છે. કાલુપુર રેલવે સ્ટેશનનું કામ પણ ચાલી રહ્યું છે. આ કારણથી કેટલાક રસ્તા વાહન વ્યવહાર માટે બંધ કરાયા છે. પશ્ચિમ અમદાવાદમાં ગુરૂવારથી સુભાષબ્રિજ પાંચ દિવસ ઈન્સપેકશન માટે બંધ કરાતા દધિચી બ્રિજ ઉપર ટ્રાફિક ડાઈવર્ટ કરાયો છે. જેને લીધે શહેરીજનોને ભારે ટ્રાફિકની સમસ્યાનો સામનો કરવો પડી રહયો છે.

સારંગપુરના બ્રિજને આ વર્ષના જાન્યુઆરી મહિનાથી વાહન વ્યવહાર માટે બંધ કરાયા પછી કાલુપુર ઉપરાંત સારંગપુર, ગોમતીપુર તેમજ સરસપુર સહિતના પૂર્વના વિસ્તારમાં જનારા શહેરીજનોને ટ્રાફિકને લઈ ભારે હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો છે. એક તરફ બ્રિજ અને કાલુપુર રેલવે સ્ટેશનની કામગીરીને લઈ ઠેક-ઠેકાણે બેરીકેડસ મૂકી રસ્તા બંધ કરી દેવાયા છે અથવા તો કયાંક ડાઈવર્ઝન આપવામાં આવ્યું છે. આ કારણથી ઘરેથી વ્યવસાય કે નોકરીના સ્થળે પહોંચવું શહેરીજનો માટે કપરૂ બની ગયું છે.



કોટ વિસ્તારના પહેલેથી સાંકડા રોડ વધુ સાંકડા બનવાની સાથે રીલીફ રોડ અને કાલુપુર રેલવે સ્ટેશન સુધીના રસ્તા ઉપર ઓટો રીક્ષા સહિતના અન્ય વાહનોના આડેધડ કરાતા પાર્કિંગને લઈને પણ શહેરમાં ટ્રાફિકની સમસ્યા વધુ ઘેરી બનતી જઈ રહી છે. સુભાષબ્રિજ બંધ કરાતા શાહીબાગથી લઈ છેક જૂના વાડજ સુધી જતા વાહન ચાલકો ભારે અવઢવની પરિસ્થિતિમાં મૂકાયેલા જોવા મળી રહ્યા હતા. ગાંધી આશ્રમ રીડેવલપમેન્ટ પ્રોજેકટને લઈ નવેમ્બર-૨૦૨૪થી આર.ટી.ઓ.સર્કલ પાસે આશ્રય હોટલથી લઈ ગાંધી આશ્રમ તરફ જવાનો રોડ સદંતર બંધ કરી દેવામા આવ્યો છે. રાણીપ અને આશ્રમ રોડ તરફ જવા વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે. હાલ સુભાષ બ્રિજ તમામ પ્રકારના વાહનવ્યવહાર માટે બંધ કરાયો છે. તેવી પરિસ્થિતિમાં ગાંધી આશ્રમ પ્રોજેક્ટને લઈ બંધ કરાયેલ રસ્તો ખોલાય તો ટ્રાફિક સમસ્યા હળવી થાય એવી લોકોની લાગણી છે.

શહેરના વાડજ જંક્શન ઉપર રૂપિયા ૧૨૭ કરોડના ખર્ચે ફ્લાય ઓવર બ્રિજ બનાવવાનું કામ ચાલું છે. ૩૦ મહિનામાં આ ફ્લાય ઓવર બ્રિજની કામગીરી માર્ચ-૨૬માં પૂરી થવાની સંભાવના છે. સુભાષ બ્રિજ બંધ થવાથી દધિચી બ્રિજ તરફ પણ સવારથી લઈ મોડી રાત સુધી ટ્રાફિક જામની પરિસ્થિતિ જોવા મળી રહી છે. બીજી તરફ શહેરના એસ.જી.હાઈવે ઉપર ઓવરબ્રિજ બનાવવાની કામગીરી ચાલી રહી છે. આ કારણથી ડાઈવર્ઝન અપાતા વાય.એમ.સી.એથી કર્ણાવતી ક્લબ સુધી સતત ટ્રાફિક જામની પરિસ્થિતિ જોવા મળી રહી છે. આ સાથે રૂપિયા ૪૦ કરોડના ખર્ચે બનાવાયેલ હાટકેશ્વર બ્રિજ અનેક વિવાદ પછી તોડવાની કાર્યવાહી શરૂ કરાઈ છે. બ્રિજ તોડતા પહેલા કેટલાક રસ્તા ઉપર ડાઈવર્ઝન અપાયુ છે. જે કારણથી ટ્રાફિકની સમસ્યા જોવા મળે છે. બ્રિજ તોડવાની ૭૦ ટકા કામગીરી પુરી કરાઈ છે.

ક્રાઈમ ડાયરી

સંસ્થામાં ખરીદી અંગેના ખોટા વાઉચરો બનાવી રૂા. ૩૯ લાખની ઉચાપત

સલીમભાઈ મહંમદભાઈ અગોલીયા (ઉ.વ.૫૪, રહે. કાજલ પાર્ક સોસાયટી ગલી નંબર-૨ ફતેહવાડી સરખેજ)એ તા.૬/૧૨/૨૦૨૫ના રોજ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી છે કે ગુજરાત સમસ્ત મુસ્લિમ ઘાંચી સમાજ અમદાવાદ ખાતે મેનેજર તરીકે નોકરી કરતા અને સંસ્થાની રોજબરોજની આવક જાવકના હીસાબ રાખતા નુરમહંમદભાઈ કાસમભાઈ મીનાપરા (રહે. કુંભારવાસ બ્રાન્ચ સ્કૂલની બાજુમાં સરખેજ ગામ)એ ૨૦૧૬થી તા.૨૮/૨/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન ગુજરાત સમસ્ત મુસ્લિમ ઘાંચી સમાજની સંસ્થામાં ખરીદી અંગેના ખોટા વાઉચરો બનાવી કુલ રૂપિયા ૩૯,૦૦,૦૦૦/-ઉચાપત કરી છે.

એક્ટિવાની ડેકી ખોલી પર્સની ચોરી

વેજલપુર વિસ્તારમાં રહેલી યુવતીએ તા.૬/૧૨/૨૦૨૫ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી છે કે યુવતી તા.૧૨/૧૧/૨૦૨૫ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે સરખેજ મકરબા ઓડા ગાર્ડનની બહાર એક્ટિવાની પાર્ક કરી ઓડા ગાર્ડન ખાતે ચાલવા ગયા હતા. દરમ્યાન એક્ટિવાની ડેકી ખોલી ડેકીમાંથી અજાણી વ્યક્તિ પર્સ ચોરી કરી લઈ ગઈ હતી. જે પર્સમા રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- તથા અલગ-અલગ બેન્કના એ.ટી.એમ. કાર્ડ તેમજ જરૂરી દસ્તાવેજ હતા. જે પર્સમાં રાખેલ એટીએમ કાર્ડ પૈકી બે એટીએમ કાર્ડથી રૂપિયા ૬૫,૦૦૦/- ઉપાડી લીધા હતા.

કારમાંથી રૂા.૨.૫૦ લાખની રોકડ ભરેલો થેલો ચોરાયો

ખાખરેરૂ પોલીસ સ્ટેશન હેઠળના જહાંગીર નગર ગહુરામાં એક દલિત યુવાનને લગ્નની જાન દરમ્યાન ઉછાળવામાં આવેલ નોટો વીણવાનું મોંઘુ પડ્યું હતું. ત્યાં હાજર એક માથાભારે વ્યક્તિએ પહેલા દલિત યુવાનને ભગાડવાનો પ્રયાસ કર્યો. પરંતુ તે ત્યાંથી ન જતાં તેની સાથે જાતિ આધારિત દુર્વ્યવહાર કરવામાં આવ્યો અને લાકડીથી માર મારવામાં આવ્યો. તેણે તેને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી અને ભગાડી મૂક્યો હતો. ત્યારબાદ તેણે તેને સમાધાન માટે દબાણ કર્યું. પીડિતની ફરિયાદના આધારે પોલીસે કેસ નોંધીને તપાસ શરૂ કરી છે. જહાંગીર નગર ગહુરાના રહેવાસી મુકેશ કુમાર પાસવાને જણાવ્યું કે તે મંડપમાં મજૂરી કરે છે. ૩ ડિસેમ્બરના રોજ, તે તે જ ગામના મુન્ના શાહના ઘરે યોજાયેલા લગ્ન સમારોહમાં મંડપનું કામ કરવા ગયો હતો. લગ્નની જાન તેના ઘરે આવી હતી. સ્વાગત દરમિયાન પૈસા વહેંચાઈ રહ્યા હતા. તે પણ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. તે જ ગામનો આસિફ ત્યાં હાજર હતો અને તેને ત્યાંથી ભગાડવા લાગ્યો. તેણે કહ્યું કે તે હમણાં મંડપનું કામ કરે છે. આ પર આસિફે તેને અપશબ્દો બોલ્યા, જાતિવાદી શબ્દોનો ઉપયોગ કર્યો અને લાકડીથી માર મારવાનું શરૂ કર્યું. તેણે કહ્યું કે ભાગી જા નહીંતર હું તને મારી નાખીશ. આ પછી આરોપી આસિફ અમારા પર સમાધાન માટે દબાણ કરી રહ્યો છે. પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ વિદ્યા પ્રકાશ સિંહે જણાવ્યું કે કેસ નોંધવામાં આવ્યો છે અને તપાસ ચાલી રહી છે.

KINARA CAPITAL

કિનારા કેપિટલ પ્રાઈવેટ લિમિટેડ

રજીસ્ટર્ડ ઓફિસ: 50, સેકન્ડ ફ્લોર, 100 ફીટ રોડ, એચ એ એલ 2-ન્ડ સ્ટેજ, ઈન્દિરાનગર, બેંગલુરુ, કર્ણાટક – 560038
CIN: U74899KA1996PTC068587

જાહેર સૂચના (શાખા વિલીન અંગે)

અમારા માનનીય ગ્રાહકો તથા સામાન્ય જનતાને સૂચિત કરવામાં આવે છે કે નીચે ઉલ્લેખિત કિનારા કેપિટલની ગુજરાત રાજ્યની શાખાઓ 31-03- 2026 સુધી કે તે પહેલાં ગ્રાહક સેવાઓના સતત પ્રવાહ માટે વિલીન કરવામાં આવશે.

વિલીન થનારી હાલની શાખાઓ	વિલીન થનારી શાખાઓનું નામ અને સરનામું
ઓઢવ, રાજકોટ	કિનારા કેપિટલ – પાંડેસરા ૪થો માળ, ગ્રોવાલા હાઉસ, સિટી સર્વે નંબર: 2, 312, મોટો મહોલ્લો, પાંડેસરા, રૂસ્તમપુરા, સુરત ગુજરાત – 394210

વધુ માહિતી અથવા સહાય માટે, કૃપા કરીને help@kinaracapital.com પર ઈમેલ કરો અથવા ટોલ-ફ્રી નંબર 18001032683 પર સોમવારથી શુક્રવાર સવારે 9:30 થી સાંજે 6:00 વચ્ચે કોલ કરો. હાલના ગ્રાહકો વોટ્સએપ મેસેજ 9902224000 પર પણ મોકલી શકે છે. વધુ માહિતી માટે કૃપા કરીને www.kinaracapital.com ની મુલાકાત લો.

રજિસ્ટર્ડ ઓફિસ: બેંગલુરુ, કર્ણાટક
તારીખ: 08-12-2025

Sd/-
અધિકૃત અધિકારી

અરૂણાચલ પ્રદેશ : ભાજપના મંત્રીએ કહ્યું કે જ્યાં ભાજપ હારી જશે ત્યાં પંચાયતોને સરકારી યોજનાઓનો લાભ મળશે નહીં

અરૂણાચલ પ્રદેશના મંત્રી ઓજિંગ તાસિંગે પંચાયત ચૂંટણી માટે પ્રચાર કરતી વખતે દાવો કર્યો હતો કે ભાજપ જે મતવિસ્તારમાં હારશે ત્યાં કલ્યાણકારી યોજનાના લાભો મળશે નહીં. કોંગ્રેસ પાર્ટીએ મંત્રીના નિવેદનનો સખત વિરોધ કર્યો અને રાજ્ય ચૂંટણી પંચમાં તાસિંગ સામે કેસ દાખલ કર્યો હતો

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

અરૂણાચલ પ્રદેશના મંત્રી ઓજિંગ તાસિંગે પ્રચાર કરતી વખતે દાવો કર્યો હતો કે ભાજપ જે મતવિસ્તારમાં હારશે ત્યાં કલ્યાણકારી યોજનાના લાભો મળશે નહીં. રાજ્યના પંચાયત અને ગ્રામીણ વિકાસ મંત્રી તાસિંગે લોઅર દિબંધ ખીણ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે પ્રચાર કરતી વખતે આ નિવેદન આપ્યું હતું. મંત્રીના ભાષણની એક વીડિયો ક્લિપ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે, જેમાં તેઓ કહેતા જોવા મળે છે કે, 'હું ગોળ ગોળ વાતો કરવામાં માનતો નથી. જે પંચાયત મતવિસ્તારમાં ભાજપના ઉમેદવારો હારે છે ત્યાં કોઈ યોજનાના લાભો મળશે નહીં.' તેમણે વધુમાં ઉમેર્યું, 'પંચાયતી રાજ મંત્રી તરીકે, હું જે કહું છું તે કરૂં છું.' રોઈંગમાં તાસિંગ પાર્ટીના જિલ્લા પરિષદના ઉમેદવાર માટે પ્રચાર કરી રહ્યા હતા તે જાણીતું છે. ઉલ્લેખનીય છે કે રાજ્યમાં ૧૫ ડિસેમ્બરે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજાવાની છે. ભાજપે પહેલાથી જ ૨૪૫ જિલ્લા પરિષદની ૫૮ બેઠકો અને ઈટાનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના ૨૦માંથી ૪ વોર્ડમાં બિનહરીફ જીત મેળવી છે.

કોંગ્રેસે ભારે વાંધો ઉઠાવ્યો

કોંગ્રેસ પાર્ટીએ પંચાયત અને ગ્રામીણ વિકાસ મંત્રીના નિવેદન સામે ભારે વાંધો ઉઠાવ્યો છે અને શાસક ભાજપ પર નિશાન સાધ્યું છે. કોંગ્રેસે તાસિંગ વિરૂદ્ધ રાજ્ય ચૂંટણી પંચમાં કેસ દાખલ કર્યો છે, જેમાં મંત્રીની ટિપ્પણીને 'ગેરબંધારણીય, અલોકતાંત્રિક અને ગેરકાયદેસર' ગણાવી છે. કોંગ્રેસનો આરોપ છે કે તાસિંગે આદર્શ આચારસંહિતા અને લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૨૩ (અયોગ્ય પ્રભાવ અને ધાકધમકી સામે રક્ષણ)નું ખુલ્લેઆમ ઉલ્લંઘન કર્યું છે. આ સંદર્ભમાં, કોંગ્રેસ પાર્ટીએ જણાવ્યું હતું કે, 'ભાજપને મત ન આપનારા મતદારોને વિકાસથી વંચિત રાખવાની ધમકી આપવી એ લોકશાહી, સંઘવાદ અને ભારતના બંધારણ દ્વારા બાંયધરીકૃત નાગરિકોના અધિકારો પર સીધો હુમલો છે.' કોંગ્રેસ પાર્ટીએ માંગ કરી છે કે મુખ્યમંત્રી પેમા ખાંડુ તાસિંગને તેમના મંત્રીમંડળમાંથી દૂર કરે. તેણે તાસિંગને માફી માંગવા અને તાત્કાલિક રાજીનામું આપવાની પણ માંગ કરી છે. કોંગ્રેસ પાર્ટીના મતે, 'આવું નિવેદન રાજ્યના લોકોનું અપમાન છે, કારણ કે સરકારી ભંડોળ જનતાનું છે, કોઈ રાજકીય પક્ષનું નહીં.' રાજ્ય ચૂંટણી પંચના સચિવ તારૂ તાલોએ જણાવ્યું હતું કે તેમણે આ બાબતે જિલ્લા નાયબ કમિશનર પાસેથી રિપોર્ટ માંગ્યો છે. તાસિંગે હજુ સુધી આ મુદ્દા પર કોઈ ટિપ્પણી કરી નથી. આ દરમિયાન, રાજ્યના ભાજપના નેતાઓએ જણાવ્યું હતું કે આ ટિપ્પણીઓ મંત્રીનો વ્યક્તિગત અભિપ્રાય છે અને પાર્ટી તેમના મંતવ્યો સાથે સહમત

નથી. તેલંગાણા અને મહારાષ્ટ્રમાં પણ 'મત અને ભંડોળ' વિશે ભાષણો સાંભળવા મળ્યા હતા. ઉલ્લેખનીય છે કે અગાઉ, કેન્દ્રીય મંત્રી અને ભાજપ નેતા બંદી સંજય કુમારે કહ્યું હતું કે જો લોકો તેલંગાણાના કરીમનગર સંસદીય મતવિસ્તારમાં ગ્રામ પંચાયત ચૂંટણીમાં ભાજપ સમર્થિત ઉમેદવારોને ચૂંટે છે, તો તેઓ તેમના સાંસદ ભંડોળમાંથી દરેક ગામને રૂા.૧૦ લાખનું દાન કરશે. તેલંગાણામાં ગ્રામ પંચાયત ચૂંટણીઓ ૧૧, ૧૪ અને ૧૭ ડિસેમ્બરના રોજ ત્રણ તબક્કામાં યોજાવાની છે. X પરની તેમની પોસ્ટમાં, કુમારે એમ પણ કહ્યું હતું કે ભારત રાષ્ટ્ર સમિતિ (BRS) અને કોંગ્રેસે ભૂતકાળમાં સમાન વચનો આપ્યા હતા પરંતુ તે પૂરા કરવામાં નિષ્ફળ રહ્યા હતા. કુમારે કહ્યું, 'માત્ર ભાજપ જ વાસ્તવિક ભંડોળ લાવે છે. જો કોંગ્રેસ અથવા BRS સમર્થિત ઉમેદવાર ભૂલથી જીતે છે, તો નવું ભંડોળ આવશે નહીં, અને કેન્દ્રીય ભંડોળ પણ અન્યત્ર જઈ શકે છે. તેમની યુક્તિઓમાં ન પડો. તેમના લોભમાં ન લલચાશો.' ભાજપ સમર્થિત ઉમેદવારોને મત આપો. ચાલો સાથે મળીને જીતીએ અને આપણા ગામને દરેક રીતે આગળ લઈ જઈએ ! અગાઉ, મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારે પણ માલેગાંવ નગર પંચાયત ચૂંટણી પ્રચાર દરમિયાન કહ્યું હતું કે તેમના પક્ષના ઉમેદવારને નકારવાથી નગર પંચાયત ભંડોળ પાછું ખેંચી શકાય છે. પોતાના ભાષણમાં પવારે કહ્યું, 'માલેગાંવ નગર પંચાયતનું બજેટ ફક્ત ૧૫ કરોડ રૂપિયા છે અને વિકાસ માટે વધુ ભંડોળની જરૂર છે. મેં બારામતીને વધુ ભંડોળ આપ્યું છે, જેના કારણે આજે તે વિકાસ કરી રહ્યું છે. જો તમે અમારા ઉમેદવારને ચૂંટશો, તો હું મારા બધા વચનો પૂરા કરવા માટે પ્રતિબદ્ધ છું. પરંતુ જો તમે તેમને નકારશો, તો હું તેમને પણ નકારીશ. તમારી પાસે મત છે, મારી પાસે ભંડોળ છે.'

જયરામ રમેશે મણિબેનની ડાયરી પોસ્ટ કરી, રાજનાથ સિંહ પર તથ્યોની તોડ-મરોડ કરવાનો આરોપ લગાવ્યો

સંરક્ષણ મંત્રીએ દાવો કર્યો કે નેહરૂએ બાબરી મસ્જિદના પુનઃનિર્માણ માટે સરકારી ભંડોળનો ઉપયોગ કરવાની યોજના બનાવી હતી પરંતુ 'ધર્મનિરપેક્ષ' સરદાર પટેલ દ્વારા તેમને અટકાવવામાં આવ્યા હતા

(એજન્સી) તા.૭

કોંગ્રેસ નેતા જયરામ રમેશે નિર્દેશ કર્યો છે કે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે બાબરી મસ્જિદ અને ધાર્મિક પ્રોજેક્ટ્સના જાહેર ભંડોળ અંગે સરદાર વલ્લભભાઈ પટેલના મંતવ્યો અંગેની તેમની ટિપ્પણીમાં ઐતિહાસિક રેકોર્ડને ખોટી રીતે રજૂ કર્યા હતા. X પરની એક પોસ્ટમાં, રમેશે દાવો કર્યો હતો કે મંત્રી દ્વારા આપવામાં આવેલા નિવેદનોને દસ્તાવેજી પુરાવાઓ દ્વારા સમર્થન આપવામાં આવ્યું નથી અને જાહેર માફીની માંગ કરી છે. સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે આયોજિત 'સરદાર સભા' દરમિયાન વડોદરામાં સિંહના ભાષણથી આ વિવાદ ઉભો થયો છે. તેમના સંબોધનમાં, સંરક્ષણ મંત્રીએ પટેલને 'ખરેખર ધર્મનિરપેક્ષ' ગણાવ્યા અને કહ્યું કે સ્વતંત્ર ભારતના પ્રથમ ગૃહમંત્રીએ બાબરી મસ્જિદ માટે જાહેર નાણાંનો ઉપયોગ કરવા સામે વાંધો ઉઠાવ્યો હતો. સંરક્ષણ મંત્રીએ વધુમાં કહ્યું કે સોમનાથ મંદિરના પુનર્નિર્માણ માટે કોઈ પણ સરકારી ખર્ચ વિના, સંપૂર્ણપણે જાહેર યોગદાન દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવ્યું હતું. રમેશે આ દાવાઓને ફગાવી દીધા, દલીલ કરી કે તે પ્રાથમિક સ્ત્રોતો સાથે વિરોધાભાસી છે. તેમણે સરદાર પટેલ વલ્લભભાઈ પટેલ મેમોરિયલ સોસાયટી દ્વારા પ્રકાશિત CA ઈ.



જી. પટેલ 'આરેશ' દ્વારા ૨૦૨૫ના પ્રકાશન 'સમરપિત પઢછાયો સરદારનો'માં પટેલની પુત્રી મણિબેન દ્વારા લખાયેલી ડાયરીની એન્ટ્રી તરફ ધ્યાન દોર્યું. રમેશના મતે, ડાયરીની એન્ટ્રીની સામગ્રી સિંહ દ્વારા રજૂ કરાયેલી વાર્તાનો વિરોધાભાસ કરે છે. તેમણે સોશિયલ મીડિયા પર પુસ્તકના પાનાઓની છબીઓ પોસ્ટ કરીને કહ્યું કે, 'મૂળ ડાયરીની એન્ટ્રીમાં જે છે અને રાજનાથ સિંહજી અને તેમના સાથી ડિસ્ટોરિયનો જે પ્રચાર કરી રહ્યા છે તેમાં ઘણો તફાવત છે,'. તેમણે મંત્રી પર 'જૂઠાણા' ફેલાવવાનો આરોપ લગાવ્યો અને આરોપ લગાવ્યો કે આ વડાપ્રધાનને વધુ વ્હાલા થવા માટે કરવામાં આવ્યું હતું. રમેશે લખ્યું કે, 'સંરક્ષણ પ્રધાને પીએમ સાથેના તેમના સંબંધો સુધારવા માટે, તેઓ જે જૂઠાણા ફેલાવી રહ્યા છે તેના માટે માફી માંગવી જોઈએ,'. પ્રકાશન સમયે સિંહ કે સંરક્ષણ મંત્રાલયે રમેશની ટિપ્પણીઓનો જવાબ આપ્યો નથી. આ વાતચીત રાજકીય વાતાવરણમાં વધુ ગરમાવો લાવે છે, કારણ કે મુખ્ય રાજ્યોની ચૂંટણીઓ પહેલા ઐતિહાસિક અર્થઘટન પર ચર્ચાઓ ચાલુ રહે છે.

'આ ગેરબંધારણીય કામ નથી' : સસ્પેન્ડ તૃણમૂલ ધારાસભ્યએ 'બાબરી મસ્જિદ' શૈલીની મસ્જિદની પાયાવિધિનો બચાવ કર્યો

(એજન્સી) તા.૭

સસ્પેન્ડ કરાયેલા તૃણમૂલ ધારાસભ્ય હુમાયુ કબીરે શનિવારે મુર્શિદાબાદ જિલ્લાના રેજીનગર ખાતે અયોધ્યાની બાબરી મસ્જિદના મોડેલ પર બનેલી મસ્જિદનો શિલાન્યાસ કર્યો, જેનાથી આગામી વર્ષની શરૂઆતમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણી પહેલા પહેલાથી જ ધ્રુવીકરણ પામેલા પશ્ચિમ બંગાળમાં નવી રાજકીય વિવાદ થયો છે.

૧૯૯૨ના બાબરી મસ્જિદ ધ્વંસની વર્ષગાંઠ ૬ ડિસેમ્બરે ઈરાદાપૂર્વક આયોજિત આ કાર્યક્રમમાં બેલડાંગાના વિસ્તારોને નિયંત્રિત ઝોનમાં ફેરવી દેવામાં આવી હતી અને કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

કબીરે પ્રસ્તાવિત મસ્જિદ સ્થળથી લગભગ એક કિલોમીટર દૂર આવેલા વિશાળ મંચ પરથી બોલતા, મુલાકાતી મૌલવીઓ સાથે એક ઔપચારિક રિબન કાપીને "નારા-એ-તકબીર, અલ્લાહુ અકબર"ના નારા હજારો સમર્થકોથી ભરેલા મેદાનમાં ગુંજી ઉઠ્યા હતા. તેમણે કહ્યું કે, "આમાં કંઈ ગેરબંધારણીય નથી. પૂજા સ્થળ બનાવવું એ બંધારણીય અધિકાર છે. બાબરી મસ્જિદ બનાવવામાં આવશે," કબીરે દાવો કર્યો કે આ કાર્યક્રમમાં ચાર લાખ લોકો હાજર રહ્યા હતા. ૧૯૯૨ માં બાબરી મસ્જિદ ધ્વંસનો ઉલ્લેખ કરતા, કબીરે કહ્યું કે, તેત્રીસ વર્ષ પહેલાં, મુસ્લિમોના હૃદય પર એક ઊંડો ઘા કરવામાં આવ્યો હતો. આજે, અમે તે ઘા પર એક મલમ લગાવી રહ્યા છીએ, તેમને મસ્જિદની જાહેરાત કરવા બદલ ધમકીઓ મળી હતી.

આ દેશમાં ૪૦ કરોડ મુસ્લિમો છે અને આ રાજ્યમાં ચાર કરોડ મુસ્લિમો છે. શું આપણે અહીં એક મસ્જિદ ન બનાવી શકીએ ?

ભાજપે ધાર્મિક પ્રતીકવાદ સાથે સમાંતર પ્રદર્શન કર્યું અને આ પક્ષના નેતા સખારવ સરકારે બહરામપુરના બાંજતીયાના મણીન્દ્ર નગરમાં રામ મંદિરનો શિલાન્યાસ કર્યો, અને મુખ્યમંત્રી પર નિશાન સાધતા કહ્યું કે, આ બાબરી મસ્જિદ ફક્ત હુમાયુ કબીરનો પ્રોજેક્ટ નથી. રાજ્ય વહીવટ અને ટીએમસી તેમાં સામેલ છે.

મુખ્યમંત્રી મમતા બેનરજીએ X પર પોસ્ટ કર્યું કે, "બંગાળની ભૂમિ રવીન્દ્રનાથ, નઝરૂલ, રામકૃષ્ણ અને

વિવેકાનંદની એકતાની ભૂમિ છે. આ ભૂમિએ ક્યારેય વિભાજનકારી રાજકારણ સામે માથું ઝુકાવ્યું નથી અને ક્યારેય આવું કરશે પણ નહીં. શ્રદ્ધા વ્યક્તિગત છે, પરંતુ તહેવારો બધાના છે. સાંપ્રદાયિક શક્તિઓ સામેની લડાઈ ચાલુ રહેશે.

ભાજપના વરિષ્ઠ નેતા અમિત માલવિયાએ X પર દાવો કર્યો હતો કે કબીરના સમર્થકો બાબરી મસ્જિદ બનાવવા માટે ઈંટો લઈ જતા જોવા મળ્યા હતા અને આરોપ લગાવ્યો હતો કે ધારાસભ્યને પોલીસનું સમર્થન છે. આ કહેવાતો મસ્જિદ પ્રોજેક્ટ ધાર્મિક પ્રયાસ નથી પરંતુ રાજકીય છે, જે પશ્ચિમ બંગાળની સ્થિરતા માટે ગંભીર ખતરો છે. મમતા બેનરજી "પશ્ચિમ બંગાળને અશાંતિ તરફ ધકેલી રહ્યા છે."

વિપક્ષના નેતા સુવેન્દુ અધિકારીએ કહ્યું કે "આજે મુર્શિદાબાદમાં મુઘલ-પઠાણ રાજકારણનું બીજ વાવાયું હતું. મસ્જિદનું નામ "આક્રમણખોર"ના નામ પર રાખવું એ અપમાન છે. બાબર જુલમ અને વિનાશનું પ્રતિનિધિત્વ કરે છે. આને ટેકો આપવો એ આગ સાથે રમવા જેવું છે.

કોંગ્રેસે ટીએમસી અને ભાજપ બંને પર આરોપ લગાવ્યો કે તેઓ ઐતિહાસિક રીતે સાંપ્રદાયિક તણાવગ્રસ્ત જિલ્લામાં ધાર્મિક ભાવનાનો લાભ લઈ રહ્યા છે. કોલકાતામાં સેંકડો કોંગ્રેસ કાર્યકરોએ એક મસ્જિદથી મંદિર સુધી 'સદભાવના રેલી' યોજી હતી, જેમાં લોકોને બાબરી ધ્વંસ પછી સાંપ્રદાયિકરણના ભયને નકારવા વિનંતી કરવામાં આવી હતી. મંદિરો અને મસ્જિદો લોકોને નોકરી કે ખોરાક નહીં આપે. વિભાજનની રાજનીતિ બંધ થવી જોઈએ.

૨૦૨૫માં છટણીનું સુનામી : વિશ્વભરમાં ૧૨ લાખથી વધુ કામદારો પર નોકરીમાં કાપનો ખતરો

જેમ જેમ ૨૦૨૫ તેના અંતની નજીક આવી રહ્યું છે તેમ તેમ વૈશ્વિક રોજગાર બજાર 'પુનઃરચના મંદી'ને કારણે નોંધપાત્ર છટણીનો અનુભવ કરી રહ્યું છે

(એજન્સી) તા.૭

જેમ જેમ ૨૦૨૫ સમાપ્ત થઈ રહ્યું છે, તેમ તેમ વૈશ્વિક રોજગાર બજાર અર્થશાસ્ત્રીઓ 'પુનઃરચના મંદી' તરીકે ઓળખાવે છે તેના ઘા સહન કરી રહ્યું છે. વિશ્વભરમાં નોકરીદાતાઓએ નવેમ્બર સુધીમાં ૧.૧૭ મિલિયનથી વધુ નોકરીઓમાં કાપની જાહેરાત કરી, જે ૨૦૨૦માં ૨૨ લાખ રોગચાળા-યુગની છટણી પછીનો સૌથી વધુ વાર્ષિક કુલ આંકડો છે. આ વધારો, ૨૦૨૪ના સમાન સમયગાળા કરતાં ૫૪% વધુ છે, તે પરિબળોના સંગમને પ્રતિબિંબિત કરે છે : ધીમી વૃદ્ધિ વચ્ચે આક્રમક ખર્ચ-કપાત, AI અને ઓટોમેશનનો ઝડપી સ્વીકાર જે ભૂમિકાઓને વિસ્થાપિત કરે છે અને રોગચાળા પછીની ભરતીના પ્રવાહમાંથી વધુ પડતા કર્મચારીઓની છટણી જેવા ક્ષેત્ર-વિશિષ્ટ દબાણ. સરકાર અને છૂટક વેચાણમાં મોટા પાયે છટણી કરવામાં આવી હોવા વચ્ચે, ટેક, સ્ટાર્ટઅપ્સ અને બેંકિંગ, નાણાકીય સેવાઓ અને વીમા (BFSI) ક્ષેત્રોને અપ્રમાણસર રીતે ઊંડા ઘાનો સામનો કરવો પડ્યો, જેની અસર યુનાઈટેડ સ્ટેટ્સ અને ભારતમાં તીવ્રપણે અનુભવાઈ હતી. આ વર્ષના અંતે ચેલેન્જર, ગ્રે અને ક્રિસમસ, ટુઅપ અને ઈન્ક૪૨ જેવા ટ્રેકર્સમાંથી ડેટાનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે, જેથી આ કાપના સ્કેલ, ભૂગોળ અને પરિબળોને પ્રકાશિત કરી શકાય. આંકડા પરીક્ષણ કરાયેલ પ્રતિકારનું ચિત્ર દર્શાવે છે : એકલા યુએસમાં કંપનીઓએ ૧૧ લાખથી વધુ છટણીની જાહેરાતો કરી હતી, જ્યારે ભારતની IT અને સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ્સ 'ગુપચુપ છટણી' સાથે ઝઝૂમી રહી હતી જે કુલ હજારો હતી. વિશ્વભરમાં, જાન્યુઆરીથી ઓછામાં ઓછી ૪,૨૮૬ કંપનીઓએ મોટા પાયે છટણી જાહેર કરી, જેમાં ટેક જાયન્ટ્સથી લઈને મધ્યમ કદની કંપનીઓનો સમાવેશ થાય છે. ટેક કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું, ૬૮૩ ટ્રેક્ડ ઈવેન્ટ્સે ૨૦૩,૮૦૧ કામદારોને અસર કરી-દૈનિક સરેરાશ ૬૧૩ કાપ. આ ક્ષેત્રના બહુ-વર્ષીય છટણી ચાલુ રાખવાનું ચિહ્ન છે, પરંતુ ૨૦૨૫ની તીવ્રતા AI-સંચાલિત કાર્યક્ષમતા દ્વારા વધારવામાં આવી હતી, જ્યાં જનરેટિવ મોડેલ્સ જેવા સાધનો ઓટોમેટેડ કોડિંગ, ગ્રાહક સેવા અને ડેટા વિશ્લેષણ ભૂમિકાઓ દ્વારા કરવામાં આવ્યા હતા. ટેકનોલોજી ઉપરાંત, છૂટક અને વેરહાઉસિંગમાં કાપમાં વિસ્ફોટક વૃદ્ધિ જોવા મળી હતી, જેમાં યુએસ-કેન્દ્રિત ડેટા દર્શાવે છે કે છૂટક વેચાણમાં વર્ષ-દર-વર્ષ ૧૪૫% વધારો થયો છે. વૈશ્વિક સ્તરે, આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠને નોંધ્યું હતું કે વિકસિત અર્થતંત્રોમાં બેરોજગારીમાં ૧૨%નો વધારો થયો છે, જે આંશિક રીતે આ કોર્પોરેટ પગલાંને આભારી છે. ભારત જેવા ઊભરતા બજારોએ આઉટસોર્સિંગ નિર્ભરતા દ્વારા મુશ્કેલી અનુભવી હતી, જ્યારે યુરોપના નિયમનકારી વાતાવરણ (દા.ત., પ્લેટફોર્મ પર DSA દંડ)એ પરોક્ષ રીતે ટેક એકત્રીકરણને વેગ આપ્યો હતો.

યુએસએ વૈશ્વિક આંકડામાં ટોચનું સ્થાન મેળવ્યું હતું અને ફક્ત ઓક્ટોબર સુધીમાં ૧,૦૯૯,૫૦૦ નોકરીઓમાં કાપની જાહેરાત કરી હતી જે ૨૦૨૪ના ૬૬૪,૮૩૯થી ૬૫% વધુ હતી. CNBCના અહેવાલ મુજબ, નવેમ્બરમાં ૭૧,૩૨૧ નોકરીઓ ઉમેરાઈ, જેનાથી વાર્ષિક આંકડો ૧.૧૭ મિલિયનને વટાવી ગયો હતો. એલોન મસ્ક અને વિવેક રામાસ્વામીના નેતૃત્વ હેઠળ ફેડરલ સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી (DOGE) પહેલથી સૌથી મોટો સિંગલ-સેક્ટર વેવ શરૂ થયો : જાહેર વહીવટમાં ૩૦૭,૬૩૮ કાપ, જે પાછલા વર્ષો કરતા ઓછો હતો. ખાનગી ક્ષેત્રો પણ બચ્યા ન હતા. ટેક કંપનીઓએ ઓક્ટોબર સુધીમાં ૧૪૧,૧૫૯ નોકરીઓ ઘટાડી (વર્ષ-દર-વર્ષ ૧૭% વધુ), ફક્ત ઓક્ટોબરમાં જ ઈન્ટેલ, માઈક્રોસોફ્ટ અને ગૂગલ જેવી કંપનીઓમાં AI એકીકરણ સાથે જોડાયેલા ૩૩,૨૮૧ નોકરીઓ નાબૂદ કરવામાં આવી હતી. ત્યારબાદ ફાઈનાન્સમાં ૪૮,૯૬૮ નોકરીઓ કાપવામાં આવી, જે ૨૭%નો વધારો દર્શાવે છે, કારણ કે JPMorgan અને Citigroup જેવી બેંકોએ ઊંચા વ્યાજ દરો અને સોદામાં મંદી વચ્ચે રોકાણ બેંકિંગ અને કામગીરીમાં ઘટાડો કર્યો હતો. રિટેલમાં ૮૮,૬૬૪ નોકરીઓ ઘટી ગઈ, જે ગયા વર્ષની ગતિ કરતાં બમણી કરતાં વધુ છે, જે ઈ-કોમર્સ શિફ્ટ અને ગ્રાહક ખર્ચમાં ઘટાડો થવાને કારણે પ્રભાવિત થઈ હતી. Inc42ના અહેવાલ મુજબ,ભારતની છટણીની વાર્તા સરખામણીમાં હળવી હતી પણ ઓછી પીડાદાયક નહોતી, 'ગુપચુપ' એટ્રિશન-બિન-નવીકરણ દ્વારા પ્રોત્સાહિત સ્વૈચ્છિક એક્ઝિટ- ઔપચારિક જાહેરાતો પર ઢાંકપિછોડો કરતી હતી. IT સેવાઓ ક્ષેત્ર, $૨૮૩ બિલિયનનું પાવરહાઉસ જે ૫૦ લાખ લોકોને રોજગારી આપે છે, તેણે વર્ષના અંત સુધીમાં ૫૦,૦૦૦ કાપનો અંદાજ લગાવ્યો હતો, જે AI અપસ્કિલિંગ ગેપ અને ક્લાયન્ટ-સાઇડ ખર્ચ દબાણને કારણે હતો. ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (TCS)એ ૧૨,૦૦૦થી વધુ ઘટાડા સાથે નેતૃત્વ કર્યું, જેમાં પરીક્ષણ અને લોકોના સંચાલનમાં મધ્યમથી વરિષ્ઠ સ્તરની ભૂમિકાઓને લક્ષ્ય બનાવવામાં આવ્યું, જે ૨૦૩૦ સુધીમાં ઉદ્યોગ-વ્યાપી ૫૦૦,૦૦૦ નોકરીઓ દૂર કરી શકે તેવા વ્યાપક AI-નેતૃત્વના ઓવરઓલનો સંકેત આપે છે. પ્રથમ છ મહિનામાં ભંડોળ $૧૦ બિલિયન સુધી પહોંચવાથી ઉત્સાહિત સ્ટાર્ટઅપ્સે હજુ પણ નવેમ્બર સુધીમાં 50+ કંપનીઓમાંથી ૬,૭૧૬ કર્મચારીઓની છટણી કરી હતી જે ૨૦૨૪ના ઉન્માદથી ૫૨% ઘટાડો છે પરંતુ ૨૦૨૨-૨૩ની તેજી દરમિયાન વધુ પડતી ભરતીની તીવ્ર યાદ અપાવે છે. એડટેક (દા.ત., બાયજુના અવશેષો) અને ફિનટેક જેવા ક્ષેત્રોએ સૌથી વધુ નુકસાન સહન કર્યું, પ્રથમ ક્વાર્ટરમાં ફક્ત સાત મુખ્ય રાઉન્ડમાં કુલ ૧,૬૦૨ કાપ મૂકવામાં આવ્યા. વર્ષના મધ્ય સુધીમાં, પ્રથમ છટણી ૬૭% ઘટીને ૪,૨૦૦ થઈ ગઈ, કારણ કે સ્થિર મૂલ્યાંકન વચ્ચે ભરતીમાં ૧૫% વધારો થયો હતો. ભારતમાં BFSIમાં મધ્યમ ઘટાડો જોવા મળ્યો, HSBC અને Citigroup જેવી વૈશ્વિક બેંકોએ સ્થાનિક કામગીરીમાં યુએસ કાપનો વિસ્તાર કર્યો (દા.ત., HSBC India ખાતે ૧,૦૦૦+). HDFC અને ICICI જેવી સ્થાનિક ધિરાણકર્તાઓએ ડિજિટાઈઝેશન પર ધ્યાન કેન્દ્રિત કર્યું, બેક-ઓફિસ ભૂમિકાઓને અંદાજે ૫,૦૦૦-૭,૦૦૦ સુધી ઘટાડી. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના સ્થિર દરોએ મદદ કરી, પરંતુ ફિનટેક સ્ટાર્ટઅપ્સ બંધ થયા; વાણિજ્ય મંત્રાલય અનુસાર, ઓક્ટોબર સુધીમાં ૬,૩૮૫ને 'બંધ' તરીકે ઓળખવામાં આવ્યા હતા.

ટેક : ઓટોમેશન હિમપ્રપાત

વૈશ્વિક ટેક છટણી ૨૦૭,૮૦૧ સુધી પહોંચી, જેમાં યુએસ કંપનીઓએ બે તૃતીયાંશથી વધુ ફાળો આપ્યો. ૧૪૧,૧૫૯ સ્થાનિક કાપ ઉપરાંત, આંતરરાષ્ટ્રીય ખેલાડી જેવા કે, જર્મનીના SAP અને ચીનના ByteDance જેવા ઉદ્યોગસાહસિક ખેલાડીઓ આ સ્પર્ધામાં જોડાયા. AI ખલનાયક-નાયક હતા : Amazon અને Meta જેવી કંપનીઓએ 'AI-first' મોડેલ્સ તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું હોવાથી, માત્ર Q4માં ૨૨,૦૦૦+ કામદારોએ ભૂમિકાઓ ગુમાવી દીધી, જેના કારણે સોફ્ટવેર એન્જિનિયરિંગમાં કર્મચારીઓની સંખ્યા ૨૦-૩૦% ઘટી ગઈ. ટેકનીકલ

સ્ટાર્ટઅપ્સે આને વધુ મજબૂત બનાવ્યું, ૧૫૦+ યુએસ સાહસોએ વર્ષના મધ્યમાં ૭૨,૦૦૦ કર્મચારીઓની છટણી કરી હતી. ભારતના ૬,૭૧૬ સ્ટાર્ટઅપ છટણીઓએ Kaggle ડેટાસેટ્સ દીઠ ૧૦૦,૦૦૦+ના વૈશ્વિક સ્ટાર્ટઅપ છટણીની તુલના કરી. યુએસ વેન્ચર-સમર્થિત કંપનીઓએ સપ્ટેમ્બર સુધીમાં ૨૮ ચેનલ-ટેક કાપ જોયો, જ્યારે યુરોપના ભંડોળના અછતને કારણે ૨૦% કર્મચારીઓની છટણી કરવામાં આવી. વધુ પડતું વિસ્તરણ અને ડ્રાય પાવડર થાક આ માટે જવાબદાર હતા, જોકે ભારતનો H1માં ૬૭% ઘટાડો કામચલાઉ ફરીથી બેઠા થવાનો સંકેત આપે છે. JPMorganએ ૩,૦૦૦+ ઈન્વેસ્ટમેન્ટ બેંકિંગ ઘટાડા શરૂ કરતા ફાઈનાન્સનો વૈશ્વિક ઘટાડો ઓક્ટોબર સુધીમાં ૧૦૦,૦૦૦ને વટાવી ગયો, જેમાં US BFSI ૪૮,૯૬૮ પર પહોંચ્યો-ઓગસ્ટમાં ફાર્મા-ફાઈનાન્સ કોસઓવરમાંથી ૧૮,૦૯૨ ઘટાડો થયો. ફક્ત Q1માં ૧૪૫% વધીને ૪,૫૫૯ થયો. ભારતમાં, આ ક્ષેત્રના ૫,૦૦૦-૭,૦૦૦ નુકસાન ફિનટેક બંધ થવાને કારણે થયા, જ્યારે UBS (૩,૦૦૦ કાપ) અને સિટીગ્રુપ (૫,૦૦૦+) જેવી વૈશ્વિક બેંકોએ મર્જર પછી પુનર્ગઠન કર્યું. ઊંચા દરોએ સોદાઓને દબાવી દીધા, પરંતુ સાયબર સુરક્ષા ભરતીઓએ કેટલાક દુઃખને દૂર કર્યા. આ છટણીઓ રેન્ડમ નહોતી. મેક્રો અવરોધો જેમ કે યુએસ દ્વારા ફેડ રેટ Q3માં જાળવી રાખવો, ભારત ૬.૫% GDPમાં ઘટાડો જેવા પરિબળોને પગલે બેલેન્સ-શીટની સાફસૂફીની ફરજ પાડવામાં આવી. AIની પરિપક્વતાએ બિનજરૂરી ભૂમિકાઓ દૂર કરી, મેકકિન્સે ૨૦૨૬ સુધીમાં ૪૫% નાણાકીય કાર્યોને સ્વચાલિત કરવાનો અંદાજ લગાવ્યો. યુએસ-ચીન વેપાર ઘર્ષણથી લઈને EU ટેક રેગ સુધીના ભૂરાજનીતિએ ઓફશોરિંગ રિવર્સલ્સને વેગ આપ્યો. છતાં, નવેમ્બરમાં આયોજિત ભરતીમાં ૧૨%નો વધારો થયો, જે નવીનીકરણીય અને EV જેવા વિકાસ ક્ષેત્રોમાંઇ ફરીથી ભરતી કરવાનો સંકેત આપે છે.

મહાયુતિ સરકારે મુંબઈમાં ૩૦ વર્ષ માટે VHPને કબજાના ધોરણે સાયનમાં ૪ એકરનો પ્લોટ ફાળવ્યો

(એજન્સી) મુંબઈ, તા.૭

મહાયુતિ સરકારે વીએચપીને સાયનમાં આશરે ૪ એકરનો પ્લોટ ફાળવવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે. બીએમસીની માલિકીની આ જમીન રાજ્યની મંજૂરીથી વીએચપીને ફાળવવામાં આવી છે. BMCના F ઉત્તર વોર્ડમાં સર્વે નંબર ૧૨ (ભાગ) પર સ્થિત પ્લોટ ફાળવવાનો પ્રસ્તાવ BMC અધિનિયમ, ૧૮૮૮ની કલમ ૯૨ (DD) હેઠળ રજૂ કરવામાં આવ્યો હતો. નોંધપાત્ર રીતે, ૭,૫૫૮.૩૩ ચોરસ મીટર પ્લોટ ભાડાપટ્ટે નહીં પણ કબજાના ધોરણે મંજૂર કરવામાં આવ્

કોડીનારના વાલાદર ગામે દીપડાએ મહિલા પર હુમલો કર્યો

(સંવાદદાતા દ્વારા)

કોડીનાર, તા.૭

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના વલાદર ગામે ગત મોડી સાંજે દીપડાના હિંસક હુમલાની ઘટના બનતા સમગ્ર પંથકમાં ભયનો માહોલ છવાયો છે. પોતાના કાકાના ઘરેથી પરત ફરી રહેલા ૫૫ વર્ષીય રસીદાબેન નૂરમોહમ્મદભાઈ બ્લોચ પર જાહેરમાં વંડી ટપીને અચાનક દીપડાએ હુમલો કર્યો હતો. જોકે, આ સમયે પસાર થઈ રહેલા એક યુવકની સમયસૂચકતા અને સતર્કતાને કારણે મહિલાનો આબાદ બચાવ થયો હતો. ઘટનાના પ્રત્યક્ષદર્શી યુવક હરસુખભાઈએ સમગ્ર ઘટનાની વિગતો આપતા જણાવ્યું હતું કે, 'હું કોડીનારથી વલાદર તરફ મારા ઘરે જઈ રહ્યો હતો. એ દરમિયાન મારા આગળ જઈ રહેલા રસીદાબેન પર રસ્તાની બાજુમાંથી અચાનક દીપડો ત્રાટક્યો. મેં તરત જ જોરથી દેકારો કરતાં દીપડો મહિલાને છોડીને નાસી ગયો, જેથી રસીદાબેનનો જીવ બચી ગયો.' દીપડાના હુમલામાં રસીદાબેનને ડોક અને છાતીના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત મહિલાને તાત્કાલિક કોડીનારની રા.ના.વાળા હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમની હાલત હાલ સ્થિર હોવાનું તબીબો દ્વારા જાણવા મળ્યું છે. જંગલની બોર્ડરને અડીને આવેલા વલાદર સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી દીપડા જેવા હિંસક પ્રાણીઓના હુમલાની ઘટનાઓ સતત વધી રહી છે. જેને કારણે ગ્રામજનોમાં ભયની લાગણી વધુ ઘેરાઈ રહી છે અને વન વિભાગ સામે રોષ પણ જોવા મળી રહ્યો છે. ગામના રહીશ નૂરમહમદભાઈએ પોતાનો રોષ વ્યક્ત કરતા જણાવ્યું કે, 'વારંવાર દીપડાના હુમલાની ઘટનાઓ બને છે. પશુઓના રક્ષણ માટે લાકડી રાખીએ તો તંત્ર કાર્યવાહી કરે છે. હવે આવા હિંસક પ્રાણીઓ માનવ જીવ પર હુમલો કરે ત્યારે અમારે શું કરવું ?' ગ્રામજનોએ દીપડાની દહેશતમાંથી કાયમી મુક્તિ મળે તેવી વન વિભાગ સમક્ષ માંગ કરી છે. હુમલાખોર દીપડાને ત્વરિત પાંજરે પૂરવા અને સમગ્ર વિસ્તારમાં રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કરવા માટે માંગ ઉઠાવવામાં આવી છે. ઘટનાની જાણ થતાં જ જામવાળા રેન્જ ફોરેસ્ટર બી.બી.વાળાની સૂચનાથી વન વિભાગની ટીમો તાત્કાલિક વલાદર ગામે પહોંચી હતી. વનવિભાગ દ્વારા ગામની આસપાસના વિસ્તારમાં ૪થી ૫ જેટલા પાંજરાઓ મૂકી દીપડાને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

સિદ્ધપુરની એડનવાલા હાઈસ્કૂલ જિલ્લા કક્ષાએ ઝળકી

(તસવીર : જહીર મન્સુરી, સિદ્ધપુર)

સિદ્ધપુર, તા.૭

વિકસિત ગુજરાત @ 20147 થીમ આધારિત જિલ્લા કક્ષાના કલા ઉત્સવમાં શાળાના ત્રણ વિદ્યાર્થીઓએ તાલુકા કક્ષામાં પ્રથમ નંબર મેળવી તા.૫-૧૨-૨૫ના રોજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ (ડાયટ) મુકામે જિલ્લા કક્ષાની સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો જેમાં સંગીત વાદન સ્પર્ધામાં શાળાના વિદ્યાર્થી મીર ઉસ્માને સમગ્ર જિલ્લામાં પ્રથમ નંબર મેળવી સંસ્થા, S.E.W.T. ટ્રસ્ટ તેમજ સમગ્ર સિદ્ધપુર પંથક તથા પાટણ જિલ્લાનું નામ રોશન કર્યું છે. હવે તે ઝોન કક્ષાએ સ્પર્ધામાં ભાગ લેશે. આ સાથે તાલુકા કક્ષાની બાળ કવિ સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવનાર એડનવાલા ઉ.માધ્યમિક શાળાની વિદ્યાર્થીની પીંઢારા મહેરબાનુ તેમજ માધ્યમિક વિભાગમાં સંગીત ગાયન સ્પર્ધામાં મીર આલિયાએ જિલ્લા કક્ષાની સ્પર્ધામાં બંનેએ ત્રીજો નંબર મેળવેલ છે. સંસ્થાને ઝોનકક્ષા સુધી લઈ જવા બદલ સિદ્ધપુર એજ્યુકેશન એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ, શાળાના આચાર્ય એમ.આઈ. સૈયદ, સમગ્ર શાળા પરિવાર તેમજ સંસ્થાના વિશાળ હિતેચ્છુ વર્ગે ટ્રસ્ટ ,સંસ્થા અને સિદ્ધપુરને ગૌરવ અપાવવા બદલ તમામને અભિનંદિત કર્યા હતા. શાળાના આવા ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે શાળાના સિનિયર શિક્ષિકા આબેદાબેન મલેકની માર્ગદર્શક તરીકેની ચાવીરૂપ ભૂમિકા રહી હતી. જિલ્લા કક્ષાએ પ્રથમ નંબર મેળવનાર મીર ઉસ્માન હવે ઝોન કક્ષાએ શાળાનું પ્રતિનિધિત્વ કરશે.

તેલંગાણામાંથી બે ગુજરાતીઓ રૂા.૪.૫ કરોડની રોકડ સાથે ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

દેશમાં ચાલી રહેલા હવાલા નેટવર્કમાં તેલંગાણા પોલીસે રૂા.૪.૫ કરોડની રોકડ રકમ સાથે બે ગુજરાતીઓને ઝડપી લીધા છે. આ અંગે મળતી માહિતી મુજબ તેલંગાણાના મહેબુબનગર જિલ્લામાં વડુકલ પોલીસ સ્ટેશનની હદમાં પુર્વ બાતમી પરથી શરૂ કરાયેલા ચેકિંગમાં મહારાષ્ટ્ર પાર્સીંગની કારમાંથી રૂા.૪.૫ કરોડની રોકડ સાથે બે લોકોને ઝડપી લેવાયા હતા.

આ રકમ નાગપુરથી બેંગ્લુરૂ હવાલા રેકેટ મારફત મોકલવામાં આવતી હોવાનું બહાર આવ્યુ છે. પોલીસે આ મામલે પ્રકાશ મોનીભાઈ પ્રજાપતિ (ઉ.વ.૩૦) અને પ્રજ્ઞેશ કિર્તિભાઈ પ્રજાપતિ (ઉ.વ.૨૮)ને ઝડપી લીધા છે.

વાસ્તવમાં ૨૦૨૪માં હવાલા રેકેટમાં થયેલી છેતરપિંડીમાં એક વ્યક્તિએ રૂા.૫૦ લાખ આરટીજીએસ મારફત મોકલી રૂા.૬૦ લાખ રોકડમાં આવશે તેવા વ્યવહારમાં રોકડ અપાયા જ ન હતા જેની ફરિયાદ થઈ હતી.

પોલીસને તેના આધારે હવાલા નેટવર્કની કડી મળી હતી અને તેમાં એક બાતમીદારે મોટી રકમની હેરાફેરી નિશ્ચિત હોવાનું જણાવીને 'ટીપ' આપી હતી જેના આધારે ગોઠવાયેલા ચેકિંગમાં રૂા.૪.૫ કરોડ મળી આવ્યા હતા.

હિંમતનગર ખાતે દાવત-એ-ઈસ્લામીનો બે દિવસીય શાનદાર ઈજતેમા સફળતાપૂર્વક સંપન્ન

તસ્વીરઃ ઈસ્હાક શેઠ,હિંમતનગર

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૭

દાવત-એ-ઈસ્લામી ઈન્ડિયા દ્વારા સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર પરબડા મુકામે બે દિવસીય ઈજતિમાનું અયોજન કરવામાં આવ્યું હતું. શનિવાર સવારે ૧૦:૦૦ કલાકથી રવિવારે ૧૦ હાફિઝોને દસ્તારબંદી કરવામાં આવી હતી. મગરીબની નમાઝ પછી ખાસ દુઆ કરી પ્રોગ્રામ પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો. આ બે દિવસીય ઈજતિમામાં હાજી અમજદ અત્તારીના નિગરાનીમાં આયોજન કર્યું હતું. જેમાં સબ્બીર અહેમદ અત્તારી, સૈયદ ઈલ્યાસ બરકાતી તથા આકિલ અત્તારીએ દિલમાં ઉતરે એવું બયાન કર્યું હતું. આ ઈજતિમામાં બદ્દીઓ દૂર કરવા, સુન્નતોનો તરીકો, 'SAY NO TO DRUGS' (સે નો ટુ ડ્રગ્સ), નમાઝનો તરીકો, અદબ, જીવન જીવવા માટેની ઈસ્લામી રીત વગેરે વિશે અસરકારક તકરીરો થઈ હતી. આ જલ્સામાં સાબરકાંઠા જિલ્લા તેમજ અન્ય જિલ્લાના હજારો આશીકે રસુલે હાજરી આપી હતી. સમગ્ર જલ્સાનું આયોજન હિંમતનગરના મુબલ્લીગ અ.રઝાક મનસુરી, અબ્દુલ અહદ મુતવલ્લી, સોહરાબ નાગોરી, મિન્હાઝ મેમણ તેમજ તેમના સાથી મિત્રો તથા દરેક જમાતના આશીરે રસુલ આગેવાનો, કાર્યકરો, અને ઓલમાએ કિરામે ભારે જહમત ઉઠાવી સુંદર આયોજન કર્યું હતું. આ જલ્સામાં બે દિવસમાં કુલ લગભગ ૧૨થી ૧૫ હજાર વ્યક્તિઓએ ઈજતિમામાં હાજરી આપી ફૈઝયાબ થયા હતા. આ સેમિનારમાં પોલીસ અધિકારીઓ અને કર્મી મિત્રોએ સુંદર સહકાર આપ્યો હતો. આ સમગ્ર આયોજન માટે સ્થાનિકોએ જગ્યા ઉપલબ્ધ કરાવતા શાનદાર સુવિધાયુક્ત શામિયાણો તથા પાર્કિંગ સહિતની સુચારૂં સગવડ કરવામાં આવી હતી. આ સમગ્ર ઈજતિમામાં કમિટી સહિત નાના-મોટા સેવકોએ યથાશક્તિ યોગદાન આપ્યું હતું.

દસાડા તાલુકામાં સગીરને સગર્ભા બનાવનાર ગામના શખ્સ સામે પાટડી પોલીસમાં ફરિયાદ

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૭

સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકાના એક ગામમાં સગીરા સાથે દુષ્કર્મનો બનાવ સામે આવ્યો છે. પેટમાં દુખાવો ઉપડતા સગીરાને હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં પાંચ માસનો ગર્ભ હોવાનું બહાર આવ્યું હતું. ત્યારબાદ સગીરાએ અધૂરા માસે મૃત બાળકને જન્મ આપ્યો હતો. આ મામલે આરોપી સામે પાટડી પોલીસ મથકે પોક્સો સહિતની કલમો હેઠળ ફરિયાદ નોંધાઈ છે.

મળતી માહિતી મુજબ, દસાડા તાલુકાના એક ગામમાં રહેતા પરિવારની ૧૪ વર્ષ, ૬ માસ અને ૧૨ દિવસની સગીરાને ૫ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ અચાનક પેટમાં દુખાવો ઉપડ્યો હતો. તેને સારવાર માટે પાટડી સરકારી હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. તપાસ દરમિયાન સગીરાને પાંચ માસનો ગર્ભ હોવાનું સામે આવતા તેને વધુ સારવાર માટે સુરેન્દ્રનગરની સરકારી ગાંધી હોસ્પિટલમાં રિફર કરવામાં આવી હતી.

સુરેન્દ્રનગરની ગાંધી હોસ્પિટલમાં સગીરાએ પાંચ માસના મૃત બાળકને જન્મ આપ્યો હતો. પરિવારજનો દ્વારા પૂછપરછ કરતા સગીરાએ જણાવ્યું કે, ગામમાં દુકાન ધરાવતા અજીત ઉર્ફે જીતો મણાભાઈ ઠાકોર તેને દુકાને ખરીદી કરવા ગઈ ત્યારે હાથ પકડીને ઘરમાં લઈ ગયો હતો. ત્યાં તેણે દુષ્કર્મ આચર્યું હતું અને કોઈને કહેશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સગીરાના પિતાએ આ ઘટના અંગે અજીત ઠાકોર સામે પાટડી પોલીસ મથકે પોક્સો એક્ટની કલમો હેઠળ ફરિયાદ નોંધાવી છે. પીઆઈ બી.સી. છત્રાલીયા આ મામલે વધુ તપાસ ચલાવી રહ્યા છે. ઘટનાની જાણ થતા જ આરોપી અજીત ઠાકોર ફરાર થઈ ગયો છે.

હિંમતનગરના અંબાવાડામાં ખેડૂતના ઘરમાં આગ: સરસામાન બળીને ખાખ

(તસવીર : એફ.કે.મન્સુરી, હિમતનગર)

હિંમતનગર, તા.૭

હિંમતનગર તાલુકાના અંબાવાડા ગામે શનિવારે રાત્રે ખેડૂત જુજારસિંહ બાપુસિંહ મકવાણાના મકાનમાં આગ લાગી હતી. આ ઘટનામાં ઘરનો સરસામાન બળીને ખાખ થઈ ગયો હતો, જોકે પરિવારના સભ્યો સમયસર સુરક્ષિત બહાર નીકળી ગયા હતા. આગની જાણ થતાં જ હિંમતનગર ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર વિભાગે એક બ્રાઉઝર અને એક મિની ટેન્ડર સહિત બે ફાયર ફાઈટરનો ઉપયોગ કર્યો હતો. ફાયર ફાઈટરોની અંદાજે સાડા ત્રણ કલાકની જહેમત બાદ આગ પર કાબૂ મેળવી શકાયો હતો. હિંમતનગર ફાયર વિભાગના મયંકભાઈ પટેલે ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, આગ લાગવાનું પ્રાથમિક કારણ શોર્ટ સર્કિટ હોવાનું મનાય છે. આ ઘટનાથી ખેડૂત પરિવારને મોટું નુકસાન થયું છે.

વડોદરામાં પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મકાન અપાવવાનું કહી ચાર લોકો સાથે છેતરપિંડી

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૭

પ્રધાન મંત્રી આવાસ યોજનામાં મકાન અપાવવાના બહાને કમાટીપુરામાં રહેતા ચાર લોકો પાસેથી રૂા.૧.૭૮ લાખ પડાવી લઈ છેતરપિંડી કરનાર ભેજાબાજ સામે સયાજીગંજ પોલીસે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મળતી વિગતો અનુસાર, કમાટીપુરા નરહરિ હોસ્પિટલની પાછળ રહેતા ગુલાબસિંગ ઉદેસિંગ જાદવ અલકાપુરીની એડ્રોઇ કન્સ્ટ્રક્શન કંપનીમાં ઓફિસ બોય તરીકે નોકરી કરે છે. તેણે સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, સમા ખાતે તૈયાર થતા મકાનમાં મારે મકાન લેવું હોવાથી જુલાઈ-૨૦૨૪માં તે અંગેની માહિતી અને દસ્તાવેજો ભેગા કરતો હતો. તે દરમિયાન પાડોશી મારફતે સંજય રાજુભાઈ પ્રજાપતિની ઓળખાણ થઈ હતી. પાડોશીએ તેઓની ઓળખાણ આવાસ યોજનાના એજન્ટ તરીકે આપી હતી. સંજય અને તેની પત્ની દિવ્યા અમારા ઘરે આવ્યા હતા. સંજયે મને કહ્યું હતું કે, સરકારી કામમાં મને મોટા સાહેબો ઓળખે છે. તમને ચોક્કસ મકાન અપાવી દઈશ, તે માટે સાહેબને ૫૦ હજાર આપવા પડશે. તેમના પર વિશ્વાસ કરીને મેં તેઓને મારા દસ્તાવેજો આપ્યા હતા. મેં તેઓને કુલ ૫૯ હજાર રૂપિયા ચૂકવ્યા હતા. ત્યારબાદ મને ખબર પડી હતી કે, સંજયભાઈએ અલગ-અલગ વ્યક્તિઓ પાસેથી મકાન અપાવવાના બહાને રૂપિયા લીધા છે. ત્યારબાદ તેમનો ફોન લાગતો નહતો અને મકાન ખાલી કરીને અન્ય સ્થળે રહેવા જતા રહ્યા હતા. થોડા દિવસ પછી પાડોશી કીર્તિબેન કહારે કહ્યું હતું કે, સંજયભાઈની માતાને એટેક આવ્યો છે. તેઓ અમદાવાદ ગયા છે. સંજય રાજુભાઈ પ્રજાપતિ (રહે. ચંદ્રભાડા હાઉસિંગ બોર્ડ, નવા વાડજ, અમદાવાદ તથા સમા જલારામ મંદિર પાસે)એ મારી પાસેથી ૫૯ હજાર તથા પાડોશી સતિષભાઇ પાસેથી ૫૪ હજાર, મયંક પટેલ પાસેથી ૩૯ હજાર તથા કીર્તિબેન પાસેથી ૩૨ હજાર મળી કુલ ૧.૭૮ લાખ પડાવી લીધા હતા.

વાવ-થરાદના દશરથ સિંહ રાજપૂત દિવ્યાંગ સ્પર્ધામાં ભાલાફેંકમાં પ્રથમ

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૭

વડોદરા ખાતે તાજેતરમાં આયોજિત ઓલ ગુજરાત સ્પોર્ટ્સ કાઉન્સિલ ઓફ ધ ડેફ દ્વારા દિવ્યાંગ (મૂક-બધિર) ખેલાડીઓની ટૂર્નામેન્ટમાં વાવ-થરાદના દશરથસિંહ અભાજી રાજપૂત (જમડા)એ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. તેમણે ભાલા ફેંકમાં પ્રથમ સ્થાન અને ૪૦૦ મીટર દોડમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી વાવ, થરાદ અને બનાસકાંઠા જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. આ ટૂર્નામેન્ટનું આયોજન વડોદરા ખાતે ૪થી ૬ ડિસેમ્બર, ૨૦૨૫ દરમિયાન કરવામાં આવ્યું

હતું. દશરથસિંહ રાજપૂતે તેમની અદભુત રમતગમત કૌશલ્યનું પ્રદર્શન કર્યું, જેના પરિણામે તેમને બે મેડલ મળ્યા. તેમની આ સિદ્ધિથી જમડા ગામ સહિત સમગ્ર વાવ, થરાદ અને બનાસકાંઠા જિલ્લાના રાજપૂત સમાજમાં આનંદ અને ગૌરવની લાગણી છવાઈ છે.

વડોદરામાં વૃદ્ધનું કાર્ડ બદલી લઈ ગઠિયાએ ATMમાંથી રૂા.૭૫ હજાર ઉપાડી લીધા

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૭

એ.ટી.એમ. સેન્ટરમાં પૈસા ઉપાડવા ગયેલા સિનિયર સિટિઝનનું કાર્ડ ગઠિયાએ બદલી લઈ બીજું કાર્ડ આપી દીધું હતું. ત્યારબાદ ગઠિયાએ રૂા.૭૫ હજાર વિડ્રો કરી લીધા હતા. પ્રાપ્ત વિગતો મુજબ, છાણી રોડ ઝેવિયર નગર સોસાયટીમાં રહેતો અંકિત વિનોદભાઈ મેકવાન ગેંડા સર્કલ પાસે શો રૂમમાં નોકરી કરે છે. ફતેગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, ગત ૧ લી તારીખે સવારે ૧૧ વાગ્યે મારા પિતાજી વિનોદભાઈ મેકવાન પૈસા ઉપાડવા માટે છાણી રોડ સિદ્ધાર્થ એલીગેન્સના એ.ટી.એમ.માં ગયા હતા. મારા પિતાએ કાર્ડ નાખ્યું હતું. પરંતુ, ટ્રાન્જેક્શન ફેઈલ થયું હતું. તેમની સાથે ઊભેલી વ્યક્તિને મારા પિતાએ કાર્ડ આપ્યું હતું. જેથી, તેણે પૈસા ઉપાડવા માટે પ્રયાસ કર્યો હતો. પરંતુ,ટ્રાન્જેક્શ ફેઈલ થતા મારા પિતાજી ઘરે આવી ગયા હતા. મને કાર્ડ પરત આપ્યું હતું. ત્યારબાદ હું નોકરી જતો રહ્યો હતો. ત્યારબાદ મારા એકાઉન્ટમાંથી સતત ત્રણ દિવસ સુધી ૭૫ હજાર વિડ્રો થઈ ગયા હતા. જેના કોઈ મેસેજ આવ્યા ન હતા. ત્યારબાદ જાણ થઈ હતી કે, મારા પિતાજીએ જે વ્યક્તિને કાર્ડ આપ્યું હતું તેણે કાર્ડ બદલી નાખ્યું હતું અને તેણે મારા પિતાજી પાસેથી લીધેલા કાર્ડ પરથી રૂપિયા વિડ્રો કરી લીધા હતા.

સમસ્યાઓનું નિરાકરણ હવે આંગળીના ટેરવે

વડોદરા : VMCએ જાહેર કર્યો ૨૪ કલાકનો ટોલ-ફ્રી અને વોટ્સએપ નંબર

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૭

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના નાગરિકોની સુવિધા અને તેમની સમસ્યાઓના ઝડપી નિરાકરણ માટે એક અગત્યની પહેલ કરવામાં આવી છે. નાગરિકોને હવે પાણી, ડ્રેનેજ, રોડ-રસ્તા, સ્ટ્રીટલાઈટ, અને સાફ-સફાઈ જેવી તમામ પ્રકારની સમસ્યાઓ માટે મ્યુનિસિપલ કચેરીઓના ધક્કા ખાવાની જરૂર રહેશે નહીં. VMC દ્વારા આ સમસ્યાઓ નોંધાવવા માટે એક ૨૪ કલાક કાર્યરત ટોલ-ફ્રી નંબર અને ફરિયાદના મેસેજ મોકલવા માટે એક વોટ્સએપ નંબર જાહેર કરવામાં આવ્યો છે. શહેરીજનોને કોઈપણ પ્રકારની જાહેર સુવિધા સંબંધિત સમસ્યાઓ ઉદ્ભવે તો તેમણે વડોદરા મહાનગરપાલિકાના કોલ સેન્ટરના ટોલ-ફ્રી નંબર ૧૮૦૦ ૨૩૩ ૦૨૬૫ ઉપર સંપર્ક કરવાનો રહેશે. આ ટોલ-ફ્રી નંબર ૨૪ કલાક કાર્યરત હોય છે, જેથી નાગરિકો દિવસ કે રાત કોઈપણ સમયે પોતાની ફરિયાદ નોંધાવી શકે છે. કોલ સેન્ટર પર ફોન કરવાથી નાગરિકોને તેમની ફરિયાદનો એક કમ્પ્લેઈન નંબર જનરેટ થશે.

ભરૂચ કૃષિ મહાવિદ્યાલય ખાતે પંથકના ખેડૂતોને માર્ગદર્શન

(સંવાદદાતા દ્વારા) પાલેજ, તા.૭

જીએનએફસીની ઝજીઇ વીંગ નારદેશ દ્વારા સંચાલિત નર્મદા

કિસાન સમૃદ્ધિ પરિયોજનાં અંતર્ગત ગત રોજ કૃષિમહા વિદ્યાલય ભરૂચ કેમ્પસ ખાતે પાલેજ, રાજપીપળા અને રેડીયાપાળા, ક્લસ્ટનાં ૧૫૦થી વધું ખેડૂતનું એક દિવસીય તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડો.ડી.ડી.પટેલ પ્રિન્સિપાલ કૃષિ મહાવિદ્યાલય ભરૂચના અધ્યક્ષ સ્થાને મુખ્ય મહેમાન માર્કેટિંગ હેડ. વિશ્વનાથ બિરાદર (એ.જી.એમ. જીએનએફસી) સિનિયર પ્રાધ્યાપકો, એરિયા મેનેજર, બી.સી.નાયક માર્કેટિંગ મેનેજર સંદીપ કંસારા તેમજ એ.એમ. પટેલ, પાલેજ .કે.બી.હડિયા. ડે ડીયાપાળા. એ સ. બી પરનાલિયા, રાજપીપળા ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે આવનાર ખેડૂતોને કૃષિ મહા વિદ્યાલય ભરૂચ કેમ્પસના જમીનની જાળવણી જમીન ઉત્પાદક વધારવા સવિસ્તાર માહિતી આપી હતી તેમજ તુવેર કપાસ મકાઈ જેવા પાકોની વૈજ્ઞાનિક વાવેતર પદ્ધતિ આપવામાં આવી હતી તેમજ પાકોમાં આવતી રોગ જીવાતનું અસરકારક નિયંત્રણ અંગે પ્રધ્યાપકો દ્વારા સવિસ્તાર માહિતી આપવામાં આવી હતી. ખેડૂતોને કપાસ સંશોધન કેન્દ્ર તુવેર સંશોધન કેન્દ્રની રૂબરૂ મુલાકાત ઉપર લઈ જવામાં આવ્યાં હતા. ખેડૂતોને જમીન પાણી ચકાસણી લેબોરેટરી પણ બતાવી તેની સમજ આપવામાં આવી હતી.

ખેરોજ ખાતે નદીમાંથી યુવકનો મૃતદેહ મળ્યો

ડીસા, તા.૭

બનાસકાંઠાના હડાદ તાલુકાના ખેરોજ નજીક સાબરમતી નદીમાંથી એક અજાણ્યા યુવકનો મૃતદેહ મળતા ભારે ચકચાર સાથે અરેરાટી ફેલાઈ છે. આ ઘટના બનાસકાંઠા જિલ્લાની સરહદ પર ખેરોજ નજીક બનવા પામી છે જયાં સાબરમતી નદીના કિનારે અજાણ્યા પુરૂષનો એક મૃતદેહ તરતો જોવા મળતા ભારે ચર્ચા જોવા મળી હતી. આ ઘટનાને લઈ પુલ ઉપર લોકોની ભારે ભીડ ઉમટી પડી હતી. જો કે આ ઘટનાની જાણ ખેરોજ પોલીસને થતા પોલીસ તાકીદે ઘટનાસ્થળ પર પહોંચી હતી. પોલીસે અજાણ્યા પુરૂષના મૃતદેહની ઓળખ કરવા અને મૃત્યુનું કારણ જાણવા કાયદેસરની કાર્યવાહી કરી આગળની તપાસ શરૂ કરી છે.

હિંમતનગરના રાયગઢ-અડપોદરા રોડ પર દીપડો દેખાયો

વીડિયો વાયરલ થતાં વન વિભાગની તપાસ બાદ પુષ્ટિ

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૭

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના રાયગઢથી અડપોદરા રોડ પર બે દિવસ પહેલા રાત્રિના સમયે એક દીપડો જોવા મળ્યો હતો. આ ઘટનાનો વીડિયો વાઈરલ થતાં વન વિભાગે તપાસ હાથ ધરી હતી. વન વિભાગે પુષ્ટિ કરી છે કે આ વીડિયો બે દિવસ જૂનો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાયગઢથી અડપોદરા રોડ પર રેલવે સ્ટેશન વિસ્તાર નજીક ઝાડીઓમાં દીપડો દેખાયો હતો. એક કાર ચાલકે દીપડાનો વીડિયો પોતાના મોબાઈલમાં કેદ કર્યો હતો, જે બાદમાં સોશિયલ મીડિયા પર વાઈરલ થયો હતો. આ અંગે રાયગઢના RFO અનિરૂદ્ધસિંહ સિસોદિયાએ ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, બે દિવસ પહેલા દીપડો જોવા મળ્યો હોવાનો વીડિયો વાયરલ થયો હતો. આ માહિતી મળતા જ વન વિભાગની ટીમે તે વિસ્તારમાં પેટ્રોલિંગ કર્યું હતું, પરંતુ દીપડો ફરીથી જોવા મળ્યો ન હતો. તેમણે ઉમેર્યું હતું કે આ વિસ્તાર જંગલની નજીક હોવાથી દીપડો રોડ તરફ આવી ગયો હોઈ શકે છે. જોકે, પેટ્રોલિંગ દરમિયાન તેની હાજરી જણાઈ નથી.

વડોદરા પાલિકામાં વિવાદનો અંત

મ્યુ. કમિશનરના હસ્તક્ષેપ બાદ માસ CLનો અંત

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૭

વડોદરા મહાનગરપાલિકાની કચેરીઓમાં છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલા આંતરિક વિખવાદે ગંભીર સ્વરૂપ ધારણ કર્યું હતું. ત્રાહિત વ્યક્તિઓની કનડગત અને ત્રાસથી હેરાન પરેશાન થયેલા અધિકારીઓ અને કર્મચારીઓએ સામૂહિક વિરોધ દર્શાવતા માસ સીએલ પર ઉતરી ગયા હતા. આ અણધાર્યા પગલાને કારણે મહાનગરપાલિકાની કચેરીઓ સુમસામ જણાઈ હતી, મોટાભાગની ઓફિસોમાં વહીવટી કામકાજ રોકાઈ ગયું હતું અને કચેરીઓમાં અંધારપટ છવાયો હતો. કર્મચારીઓએ માસ સીએલ માટે આપેલા આવેદનમાં ખાસ કરીને ઓડિટ વિભાગ અને પીઆરઓ શાખા વચ્ચેના આંતરિક મતભેદોનો ઉલ્લેખ થતાં મામલો વધુ વણસ્યો હતો. આ વિવાદમાં પીઆરઓ વિભાગના જીગ્નેશ

વહીવટી કામગીરી ફરી સામાન્ય બની

ગોહિલનું નામ પણ સામે આવતા બંને વિભાગો વચ્ચેનો કોલ્ડ વોર જાહેરમાં આવ્યો હતો. કર્મચારીઓની અરજીમાં પીઆરઓ વિભાગ સાથેના મતભેદો સપાટી પર આવ્યા હતા, વહીવટી તંત્રના વિવિધ વિભાગો વચ્ચે સર્જાતા મતભેદો વહીવટમાં વિક્ષેપ પેદા કરી રહ્યા હોવાનું સ્પષ્ટ થયું હતું. આ મામલે મ્યુ.કમિશ્નરની તાત્કાલિક દખલગીરી અને તપાસના આદેશ બાદ પરિસ્થિતિ નિયંત્રણમાં આવી છે. કમિશ્નરની ખાતરી બાદ અધિકારીઓએ પોતપોતાની ફરજ પર હાજરી આપી દીધી છે, જેથી વહીવટી કામગીરી ફરી સામાન્ય બની હતી અને તણાવપૂર્ણ વાતાવરણ થોડું શાંત બન્યું હતું. જોકે, જીએડી તપાસના અંતે કયા તથ્યો સામે આવે છે, તેના પર સૌની નજર ટકેલી છે.

નામ બદલેલ છે
જૂનું નામ : **સોની વિક્રમકુમાર ચંપકલાલ**
નવું નામ : **વિક્રમભાઇ ચંપકભાઈ સોની**
સરનામું : બગીચા વિસ્તાર, હિંમતનગર-૩૮૩૦૦૧

CHANGE OF NAME
I HAVE CHANGED MY OLD FULL NAME FROM
MIRZA MEENHAZBEG HAMEEDBEG
TO NEW FULL NAME
MIRZA MINHAJBEG HAMIDBEG
& I WILL BE KNOWN AS NEW FULL NAME WHICH PLEASE NOTE.
ADD:-CHUNARVAD, NEAR NAAZ CINEMA PO. JAMBUSAR DIST.BHARUCH 392150 GUJARAT.

હોસ્પિટલની બેદરકારી સામે આક્ષેપો

વડોદરાની ગોત્રી હોસ્પિટલમાં દર્દીને એક્સપાયરી ડેટવાળી બોટલ ચઢાવી દેવાતા હોબાળો

રાત્રે દર્દીની તબિયત બગડતા આઇ.સી.યુ.માં શિફ્ટ કરાયો : દર્દીના સગા

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૭

વડોદરાના ગોત્રી જી.એમ.ઈ.આર.એસ. હોસ્પિટલમાં આંતરડાની સારવાર માટે આવેલા દર્દીને એક્સપાયરી ડેટની દવાનો બોટલ ચઢાવી દેવામાં આવ્યો હતો. દર્દીના સગાઓનું ધ્યાન જતા તેમણે ભારે રોષ વ્યક્ત કર્યો હતો. હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટે આ અંગે તપાસ શરૂ કરી છે અને જવાબદાર વ્યક્તિઓ સામે કડક કાર્યવાહીની બાંયધરી આપી હતી. આ અંગેની વિગત એવી છે કે, શહેરની ગોત્રી હોસ્પિટલમાં આંતરડાના ઈન્ફેક્શનનો દર્દી મુદ્દસર શેખ, ઉ.વ.૨૮ (રહે. વલસાડ) સારવાર માટે આવ્યો હતો. મેડિસિન યુનિટમાં તેની સારવાર ચાલતી હતી. ગઈકાલે રાત્રે તેને પેરાસિટામોલનો બોટલ ચઢાવવામાં આવ્યો હતો. તે બોટલ એક્સપાયરી ડેટનો હોઈ દર્દીના સગાનું ધ્યાન જતા તેમણે સ્ટાફનું ધ્યાન દોર્યું હતું. તેમણે ભારે રોષ વ્યક્ત કર્યો હતો. ત્યારબાદ બોટલ ઉતારી લેવામાં આવ્યો હતો. આ અંગે દર્દીના સગાએ ભારે રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, હોસ્પિટલની ગંભીર બેદરકારી છે. મારા બનેવીને એક્સપાયરી ડેટવાળો બોટલ ચઢાવી દેતા તેમની તબિયત વધારે ખરાબ થઈ ગઈ હતી. તેઓને રાતે આઇ.સી.યુ.માં લઈ જવામાં આવ્યા હતા. તેઓ ખૂબ જ ગભરાઈ ગયા છે. ગોત્રી હોસ્પિટલ સારી છે, તેવું સમજીને તેઓને અહીંયા સારવાર માટે લાવવામાં આવ્યા હતા. તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે, સારી દવા બારોબાર વેચી દેવાય છે અને એક્સપાયરી ડેટવાળી દવા ગરીબ દર્દીઓને આપવામાં આવે છે. આ બાબતે કડક કાર્યવાહી થવી જોઈએ. દવા મેડિકલ સ્ટોરમાંથી આવે છે. ત્યાંથી કઈ રીતે એક્સપાયરી ડેટવાળી દવા સપ્લાય થઈ ? તે અંગે પણ તપાસ શરૂ કરવામાં આવી છે. રાત્રે ડયૂટી પર હાજર નર્સ સહિત અન્ય સ્ટાફની પૂછપરછ શરૂ કરવામાં આવી છે. હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટે જણાવ્યું હતું કે, પેરાસિટામોલનો બોટલ છે. એક્સપાયરી પાંચ દિવસ પહેલાની જ હતી. તેનાથી તબિયત બગડવાની શક્યતા નથી. માત્ર દવાની અસર ઓછી થઈ જાય.

બંને કિડની ફેલ થતાં જીવન-મરણ વચ્ચે ઝૂલતા જમાઈને સસરાએ કિડની આપી

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૭

થરાદ તાલુકાના ભાચર ગામના યુવકની બંને કિડની ફેલ થતા પરિવાર ચિંતામાં મૂકાયો હતો. જીવ-મરણ વચ્ચે ઝૂલતાં જમાઈ માટે સસરાએ માનવતાનો અનોખો નિર્ણય લીધો હતો. સસરાએ પોતાની કિડની દાન કરીને જમાઈને નવું જીવન આપ્યું હતું.

થરાદ તાલુકાના ભાચરગામના ૩૪ વર્ષીય ભાણજીભાઈ હેમરાજ પટેલની બંને કિડની ફેલ થતા પરિવાર ચિંતામાં મૂકાયો હતો. અનેક સારવાર છતાં સ્થિતિમાં સુધારો ન થતાં જીવ-મરણ વચ્ચે ઝૂલતા જમાઈ માટે સસરાએ માનવતાનું અનોખું નિર્ણાયક પગલું લીધું હતું. નાની પાવડ ગામના સસરા રતનસીભાઈ હેમરાજભાઈ પટેલે પોતાના જમાઈને કિડની દાન આપી છે.

અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં સફળ ટ્રાન્સપ્લાન્ટ સર્જરી બાદ સસરા તેમજ જમાઈ બંને હાલ સ્વસ્થ છે. આ ઘટના કુટુંબ માટે જ નહીં પરંતુ સમગ્ર સમાજ માટે પ્રેરણાદાયી અને પથદર્શક બની છે. દીકરીના સુખ માટે જમાઈને કિડની દાન આપવું એક માનવતાભર્યું કાર્ય છે, જે પરિવારના સાચા અર્થને ઉજાગર કરે છે.

પી.પી. સવાણી યુનિવર્સિટીમાં છઠ્ઠો દીક્ષાંત સમારોહ યોજાયો

૨૫ ગોલ્ડ મેડાલિસ્ટ અને ૧૨ પીએચ.ડી. સહિત કુલ ૧૨૦૦થી વધુ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવી

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૭

દક્ષિણ ગુજરાતના મધ્યમાં આવેલી પી.પી. સવાણી યુનિવર્સિટી દ્વારા, ૬મો દીક્ષાંત સમારોહ તા.૬ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ યુનિવર્સિટી કેમ્પસ ખાતે ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો. વૈદિક પરંપરાનુસાર દીક્ષાંત યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું, ત્યારબાદ મુખ્ય સમારોહ યોજાયો હતો. આ વર્ષનો દીક્ષાંત સમારોહ વિશેષ બને છે - 'વંદે માતરમ ગીતની ૧૫૦ વર્ષની ઉજવણીના ભાગ રૂપે, આ મધ્યવર્તી વિચાર સાથે આ પાવન દીક્ષાંત પર્વ ઉજવવામાં આવ્યો હતો.

આ પ્રતિષ્ઠિત સમારોહમાં યુનિવર્સિટીની ગૌરવ ગાથામાં એક અમૂલ્ય ઉમેરો બની. ગિરિશ લુથરા, ચેરમેન, લુથરા ગ્રૂપ અને અશોક મહેતા, સ્થાપક અને ચેરમેન, સુચી ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને સુચી સેમિકોન પ્રા.લિ. વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આદરણીય અતિથિઓએ પોતાના વક્તવ્ય દ્વારા વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી સંદેશો પાઠવ્યા હતા. આ પ્રસંગે પી.પી. સવાણી યુનિવર્સિટીના પ્રમુખ વલ્લભભાઈ સવાણી (બાપુજી), ગવર્નિંગ બોડીના સભ્યો, પ્રોવોસ્ટ ડો.પરાગ સંઘાણી, રજિસ્ટ્રાર ડો.સતીશ

બિરાદર, ડેપ્યુટી રજિસ્ટ્રાર ડો.બિંદેશ પટેલ, પરીક્ષા નિયામક ડો. હિરેન પટેલ, પી.પી. સવાણી એજયુકેશન ગ્રૂપના ટ્રસ્ટીઓ તેમજ યુનિવર્સિટીના ફેકલ્ટી, સ્ટાફ અને વાલીગણ ઉપસ્થિત રહ્યાં.

આ વર્ષે કુલ ૧૨૦૦થી વધુ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવી જેમાં ૨૫ ગોલ્ડ મેડાલિસ્ટને વિશેષ સન્માન અને ૧૨ પીએચ.ડી. વિદ્યાર્થીઓને ડોક્ટરેટ ડિગ્રી આપવામાં આવી હતી, તેમજ બેચલર અને માસ્ટર્સ સ્તરની વિવિધ શાખાઓ-જેમ કે બેચલર ઓફ સાયન્સ, માસ્ટર ઓફ સાયન્સ, માસ્ટર ઓફ કોમ્પ્યુટર સાયન્સ અને માસ્ટર ઑફ પબ્લિક હેલ્થ વગેરેના વિદ્યાર્થીઓને ડિગ્રી અને મેડલ એનાયત કરવામાં આવ્યા હતા.

વિશ્વમાં એક તરફ પાશ્ચાત્ય વિચારધારાની પ્રભાવ શીલતા વધતી હોવા છતાં, પી.પી. સવાણી યુનિવર્સિટી દ્વારા ભારતીય સંસ્કૃતિ અને મૂલ્યોનું સવર્ધન - દીક્ષાંત યજ્ઞ જેવી પરંપરાગત વિધિઓ દ્વારા - અનન્ય પહેલ સાબિત થાય છે. યુનિવર્સિટીએ આ યજ્ઞ દ્વારા વિશ્વ શાંતિ, વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય અને સાર્વભૌમિક કલ્યાણની પ્રાર્થના સાથે દીક્ષાંત સમારોહ સંપન્ન કર્યો હતો.આ પ્રસંગે ગુજરાત રાજ્યના ઉપ મુખ્યપ્રધાન હર્ષ સંઘવી અનિવાર્ય કારણોસર અનુપસ્થિત રહેતા તેઓએ કાર્યક્રમ માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

તેલંગાણામાંથી બે ગુજરાતીઓ રૂા.૪.૫ કરોડની રોકડ સાથે ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

દેશમાં ચાલી રહેલા હવાલા નેટવર્કમાં તેલંગાણા પોલીસે રૂા.૪.૫ કરોડની રોકડ રકમ સાથે બે ગુજરાતીઓને ઝડપી લીધા છે. આ અંગે મળતી માહિતી મુજબ તેલંગાણાના મહેબુબનગર જિલ્લામાં વડુકલ પોલીસ સ્ટેશનની હદમાં પુર્વ બાતમી પરથી શરૂ કરાયેલા ચેકિંગમાં મહારાષ્ટ્ર પાર્સીંગની કારમાંથી રૂા.૪.૫ કરોડની રોકડ સાથે બે લોકોને ઝડપી લેવાયા હતા.

આ રકમ નાગપુરથી બેંગ્લુરૂ હવાલા રેકેટ મારફત મોકલવામાં આવતી હોવાનું બહાર આવ્યુ છે. પોલીસે આ મામલે પ્રકાશ મોનીભાઈ પ્રજાપતિ (ઉ.વ.૩૦) અને પ્રજ્ઞેશ કિર્તિભાઈ પ્રજાપતિ (ઉ.વ.૨૮)ને ઝડપી લીધા છે.

વાસ્તવમાં ૨૦૨૪માં હવાલા રેકેટમાં થયેલી છેતરપિંડીમાં એક વ્યક્તિએ રૂા.૫૦ લાખ આરટીજીએસ મારફત મોકલી રૂા.૬૦ લાખ રોકડમાં આવશે તેવા વ્યવહારમાં રોકડ અપાયા જ ન હતા જેની ફરિયાદ થઈ હતી.

પોલીસને તેના આધારે હવાલા નેટવર્કની કડી મળી હતી અને તેમાં એક બાતમીદારે મોટી રકમની હેરાફેરી નિશ્ચિત હોવાનું જણાવીને 'ટીપ' આપી હતી જેના આધારે ગોઠવાયેલા ચેકિંગમાં રૂા.૪.૫ કરોડ મળી આવ્યા હતા.

વડોદરામાં જૂનીગઢી ભદ્ર કચેરી પાસે ભંગારના ગોડાઉનમાં ભીષણ આગ લાગી

(તસવીર : અતિક શેખ, વડોદરા)

(સંવાદદાતા દ્વારા)વડોદરા, તા.૭

વડોદરા શહેરમાં આગ લાગવાના બનાવોમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. તેવામાં શહેરના જૂનીગઢી ભદ્ર કચેરીની પાસે આવેલા ભંગારના ગોડાઉનમાં ભીષણ આગ લાગતા દોડધામ મચી ગઈ હતી. ફાયર બ્રિગેડના જવાનો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને આગ ઉપર કાબૂ મેળવી લીધો હતો.

આજે શહેરના જૂનીગઢી વિસ્તારમાં આગ લાગતા ભારે અફરાતફરી મચી ગઈ હતી. ભંગાર ગોડાઉનમાં લાગેલી એકાએક આગે ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લેતા ધુમાડાના ગોટે ગોટા નીકળ્યા હતા. જેના કારણે વિસ્તારના લોકોમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. બનાવની જાણ કરવામાં આવતા ફાયર બ્રિગેડના જવાનો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા અને પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબૂ મેળવ્યો હતો. હાલ આ આકસ્મિક આગની ઘટના બાદ શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક અનુમાન લગાવાઈ રહ્યું છે. સદનસીબે આગની આ ઘટનામાં કોઈ જાનહાનિ થવા પામી ન હતી.

સાગબારાની ધનસેરા ચેકપોસ્ટ પરથી અમદાવાદના બુટલેગરો દારૂના જથ્થા સાથે ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)

રાજપીપળા, તા.૭

નર્મદા પોલીસ વડા વિશાખા ડબરાલએ જિલ્લામાં ઇંગ્લીશ દારૂની હેરાફેરી થતી અટકાવવા તથા ઈંગ્લીશ દારૂની હેરાફેરી કરતા ઈસમોને પકડી પાડી પરિણામલક્ષી કામગીરી કરવા આપેલ સુચનાઓ અનુસંધાને સાગબારા પોલીસની ટીમના માણસો ધનસેરા ચેકપોસ્ટ પર નાકાબંધી કરી વાહન ચેકીંગ કરી રહ્યા હતા. આ દરમિયાન મહારાષ્ટ્ર તરફથી આવી રહેલી ઈન્ડિકા વિસ્ટા કાર નંબર-GJ-06- DB-2339 શંકાસ્પદ લાગતા પોલીસે હાથના ઈશારે ગાડી રોકવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ કાર ચાલકે પોલીસની નાકાબંધી જોઈને ગાડી રોકવાના બદલે પુરઝડપે હંકારીને ભાગવાનો પ્રયાસ કર્યો હતો. જેથી, પોલીસે સાગબારા પોલીસ સ્ટેશન સામે હાઈવે રોડ પર બેરિકેડ લગાવીને આ ગાડીને આંતરી લીધી હતી. ગાડી રોકતાં જ પોલીસે અંદર તપાસ કરી, જેમાં ગેરકાયદેસર રીતે પાસ-

(તસવીર : વહાબ શેખ, રાજપીપળા)

પરમિટ વિનાનો ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે ગાડીમાંથી રૂા.૯૬,૦૦૦ કિંમતના બિયરના કુલ ૪૮૦ ટીન તથા કાર અને બે મોબાઈલ સહિત કુલ રૂા.૩,૦૬,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી, કૃણાલ ઉર્ફે ગુડ્ડ રાજેશભાઈ પરમાર અને કુલદિપ ઉર્ફે બોબી રાજેશભાઈ પરમાર (બંને રહે. મહાજનીયા વાસ, નરોડા પાટીયા, સરદાર નગર, અમદાવાદ) નામના બે આરોપીઓની ધરપકડ કરી હતી.

પોલીસ દ્વારા મળતી માહિતી મુજબ, પકડાયેલા બંને આરોપી કૃણાલ ઉર્ફે ગુડ્ડ રાજેશ પરમાર અને કુલદિપ ઉર્ફે બોબી રાજેશ પરમાર સામે અગાઉ પણ ક્રિષ્નનગર, ગાંધીનગર ચીલોડા, દહેગામ, સરદાર નગર અને મહેસાણાના પોલીસ સ્ટેશનોમાં ગુના નોંધાયેલા છે. પોલીસે આ દારૂનો જથ્થો મંગાવનાર આરોપીઓ મયુર ચંદુભાઈ રાઠોડ (રહે. અમદાવાદ) અને ભરી આપનાર આરોપી સાહીલ રાજેશ રાઠોડ (રહે. તલોદા, નંદુરબાર, મહારાષ્ટ્ર)ને વોન્ટેડ જાહેર કરી બંને આરોપીઓને ઝડપી પાડવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

સુરેન્દ્રનગરની ભોગાવો નદી બની પ્રદૂષણનું ધામ

(સંવાદદાતા દ્વારા) સુરેન્દ્રનગર, તા.૭

મધ્યમાંથી પસાર થતી ભોગાવો નદી એ સુરેન્દ્રનગરની ઓળખ છે પણ આ નદીની સ્વચ્છતાની જાણે કોઈને પડી જ ના હોય તેવો ઘાટ જોવા મળે છે. ભોગાવો નદી હાલ કચરા અને કેમિકલનો કારણે પ્રદૂષિત બની છે અને તંત્રને આની કંઈ પડી જ નથી. પર્યાવરણ પ્રેમીઓ અને જાગૃત નાગરિકો તેને લઈને હવે રોષે ભરાયા છે. આ ભોગાવો નદીના એક તરફ સુરેન્દ્રનગર અને બીજી તરફ જોરાવરનગર અને રતનપર આવેલા છે. નદીમાં ગંદકી અને કચરાના ઢગલા એટલા વધી ગયા છે કે સમગ્ર નદીમાં પ્રદૂષણ જોવા મળી રહ્યું છે. નદીમાં ઠેર ઠેર ઉંચા ઘાસ, બાવળ અને વેલ ઉગી નિકળ્યાં છે ત્યારે તંત્ર દ્વારા તાત્કાલિક નદીની સાફસફાઈ કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે. સુરેન્દ્રનગર મહાનગપાલિકા તંત્ર દ્વારા જ ગટરનું ગંદુ પાણી ભોગાવો નદીમાં ઠાલવવામાં આવતું હોવાની ચર્ચા પણ તેજ બની છે. આ મામલે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા તેની કામગીરી સામે પણ અનેક સવાલો ઉભા થયાં છે. ભોગાવો નદીના કાંઠે રિવરફ્રન્ટ તો બનાવી દેવાયો છે પણ ગંદકીના કારણે લોકોનું ત્યાં ચાલવું પણ મુશ્કેલ બન્યું છે. પ્રદૂષણ, ગંદકી અને અસામાજીક તત્વોનો અડ્ડો બની ગયેલી ભોગાવો નદીને જલ્દી સ્વચ્છ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે. હવે તંત્ર ક્યારે કામગીરી કરે છે એ જોવું રહ્યું

! સુરેન્દ્રનગર વઢવાણ શહેરમાં પસાર થતી ભોગાવો નદી ઐતિહાસિક વારસો ધરાવે છે. ભોગાવો નદીમાં ગટર અને કેમિકલ યુક્ત પાણી છોડાય છે. આથી પક્ષી અને જીવાતો દૂર રહે છે. પરંતુ વરસાદી પાણી હાલ નદીમાં શરૂ થયું છે. ત્યારે દૂરદૂરથી પક્ષીઓ આવવાના શરૂ થયા છે. આશરે ૧૦ કિમી લાંબી ભોગાવો નદીમાં ગટરો અને કેમીકલયુક્ત પાણી બંધ કરવાની માંગ ઉઠી છે.

અંકલેશ્વર ONGC ઓડિટોરિયમ ખાતે

ઓલ ઈન્ડિયા એસસી/એસટી એમ્પ્લોઈઝ વેલફેર એસો. દ્વારા ૧૨૦ બાળકોને બેગ વિતરણ

(તસવીર : મુનીર શેખ, અંકલેશ્વર)

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૭

ડો.બાબાસાહેબ આંબેડકરના ૬૯માં મહા પરિનિર્વાણ દિવસ નિમિત્તે અંકલેશ્વર ઓએનજીસી અને ઓલ ઈન્ડિયા એસસી એસટી એમ્પ્લોઈઝ વેલ્ફેર એસોસિએશન દ્વારા ONGC ઓડિટોરિયમ ખાતે કાર્યક્રમ યોજાયો હતો. આ ઉજવણી પ્રસંગે એસેટ મેનેજર જે.એન સુખનંદન અને વક્તા વિજય ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં વાલિયા, ગડખોલ સહિત ત્રણ માધ્યમિક શાળાના ૧૨૦ જેટલા બાળકોને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે બેગનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઓલ ઈન્ડિયા એસસી એસટી એમ્પ્લોઈઝ વેલફેર એસોસિએશનના પ્રમુખ અમીત વસાવા, સેક્રેટરી સંજય પરમાર સહિતના હોદ્દેદારો ઓએનજીસીના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગીરગઢડાનું જામવાળા ગામ પ્રાથમિક સુવિધાઓથી વંચિત !

પાણી, રસ્તા, ગટર, વિજળી જેવા પ્રજાલક્ષી કામો નહીં થતાં લોકો ત્રાહિમામ્ પોકારી ઊઠયા

ઉના, તા.૭

આઝાદીના ૭૫ વર્ષ બાદ પણ ગીર પંથકના ગ્રામિણ વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાના કાર્યો થયા નથી. જેના પગલે લોકો ત્રાહિમામ પોકારી રહ્યા છે. ગીર ગઢડા તાલુકાના મધ્ય ગીરમાં આવેલ જામવાળા ગામે આવેલ મુખ્ય પાણીનો સંપ ટાંકો અતિ જર્જરીત હાલતમા મૂકાયો છે ગ્રામ પંચાયત કચેરીનું બિલ્ડિંગ પણ અતિશય ખંડેર સ્થિતિમાં જોવા મળ્યું હતું. નવો સંપ બની ગયાને ૨ વર્ષ જેટલો સમય વિતી ગયા પછી પણ હજુ સુધી પંચાયતના પાણી પુરવઠા વિભાગે લોકોને કનેકશનનું જોડાણ

આપ્યું નથી નવો ટાંકો કાર્યરત કર્યો નથી. જર્જરીત સંપના ચારે પિલરના સળિયા દેખાઈ રહ્યા છે તેમ છતાં હાલ આ જ પાણીના સંપનો પંચાયત દ્વારા ઉપયોગ થઈ રહ્યો છે. જામવાળા ગ્રામ પંચાયતના મુખ્ય માર્ગો છેલ્લા ૮થી ૧૦ વર્ષથી બન્યા નહીં હોવાથી મુખ્ય માર્ગો ઉપર મસમોટા ખાડાઓ પડી જતાં ધુળની ડમરીના કારણે ગ્રામજનો હેરાન પરેશાન બની રહ્યા છે ધુળની ડમરી ઉડતા રોડ આસપાસ રહેતા રહીશોના સ્વાથ્યને પણ નુકશાન કરી રહ્યું છે શેહરી મહોલ્લા અને નવાપરા વિસ્તારમાં બ્લોક સીસી રોડ ગટર વિજળી જેવા પ્રજાલક્ષી કાર્યો હજું સુધી કરાયા નથી ચોમાસામાં ઘર આંગણે પાણી ભરાતા અનેક મુશ્કેલી ઊભી થઈ હતી. સ્થાનિક કચેરી અને તાલુકા જિલ્લા રાજ્ય કક્ષાના પદાધિકારી અધિકારીને સ્થાનિક સમસ્યા અંગે આંખ આડા કાન કરતાં હોવાનું પ્રતિત થાય છે. ત્યારે આ બાબતે પંચાયતથી જિલ્લાના તંત્ર દ્વારા આ વિસ્તારોની સમસ્યા ઉકેલવામાં રસ દાખવામાં આવે તેવી માંગ ઉઠી છે

બોડેલીના મૂઠઈ વસાહત પાસેથી વિદેશી દારૂ ભરેલ છકડો ઝડપાયો

(સંવાદદાતા દ્વારા) બોડેલી, તા.૭

બોડેલી તાલુકાના મૂઠઈ વસાહત પાસે છગડામાંથી ગેરકાયદેસર ઈંગ્લિશ દારૂનો જથ્થો જિલ્લા એલ.સી.બી.એ ઝડપી પાડ્યો હતો છકડામાંથી કુલ કિં.રૂા.૩,૧૯,૩૮૬/-દારૂ સહિત કુલ કિં.રૂા.૫,૨૫,૧૮૬/-નો મુદ્દામાલની જપ્ત કરી છકડા ચાલકની અટકાયત કરી ત્રણ ઈસમો વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.છોટાઉદેપુર જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ કર્મચારીઓ બોડેલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન પોલીસ ઈન્સ્પેક્ટર લોકલ ક્રાઈમ બ્રાન્ચે એક વાદળી કલરની અતુલ શક્તિ છગડામાં ઈંગ્લિશ દારૂ ભરી વડાતલાવ ચોકડીથી ચલામલી તરફ જનાર છે જે બાતમીના આધારે મૂઠઈ વસાહત ગામે હાઈવે રોડ ઉપર નાકાબંધીમાં હાજર હતા. થોડો વખત વોચમાં રહ્યા બાદ બાતમી મુજબની છકડો આવતા તેને કોર્ડન કરી ઉભી રાખી હતી અને ગાડીના ચાલકને પકડી પાડેલ છકડામાં જોતાં તેમા પ્લાસ્ટિકના કેરેટ તથા પાછળના શિટના ભાગે તેમજ પાછળની ડીક્કીમા જોતા તેમાં વિદેશી દારૂની છૂટા પ્લાસ્ટિકના ક્વાર્ટીયા તેમજ ખાખી કલરના પુઠાના બોક્સ તેમજ પતરાના બીયર ભરેલ મળી આવેલ જેથી પકડાયેલ રિક્ષાના ચાલક ઈસમનું નામ-ઠામ પૂછતાં તેણે પોતાનું નામ વહાબભાઈ આરીફભાઇ મેમણ (ઉ.વ.-૩૨ રહે.કોહીનુર સોસાયટી જકાતનાકા પાસે ભાલેજ રોડ આણંદ) હોવાનું જણાવ્યુંહતું. તેની વધુપૂછપરછ કરતા જણાવેલ કે મુદામાલ તેમને નિલેશભાઇ શાન્તીલાલ રાઠોડ (રહે.કઠીવાડા બજાર ફળીયા તા.કઠીવાડા જી.અલીરાજપુર) ભરી આપેલ અને આગળ હનીફભાઇ આરીફભાઇ મેમણ (રહે.કોહીનુર સોસાયટી જકાતનાકા પાસેભાલેજ રોડ આણંદ) આપવાનોહોવાનુંજણાવેલ.

પાલેજ ખાતે રૂા.૨.૪૦ કરોડના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત

(તસવીર : ઐયુબ મોદી, પાલેજ)

(સંવાદદાતા દ્વારા)

પાલેજ, તા.૭

પાલેજ ગ્રામ પંચાયત દ્વારા રવિવારે સાંજે વિકાસ કાર્યોના ખાતમુહૂર્તના આયોજિત કાર્યક્રમમાં વાગરાના ધારાસભ્ય અરૂણસિંહ રાણાના હસ્તે બે કરોડ ચાલીસ લાખના ખર્ચે વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. પાલેજ એસ.કે. ૨-વિસ્તારમાં મંજૂર થયેલી પાણીની ઉંચી ટાંકીના ખાતમુહૂર્ત પ્રસંગે મોટી સંખ્યામાં જન મેદની ઉપસ્થિત રહી હતી. આ પ્રસંગે ધારા સભ્ય અરૂણસિંહ રાણા, ભરૂચ જિલ્લા સદસ્ય મલંગ ખાન પઠાણ, શમશેર ખાન પઠાણ, તાલુકા પંચાયત પ્રમુખ કૌશિક પટેલ, તાલુકા સદસ્ય સલમાબેન પઠાણ, અનસૂયા બેન વસાવા તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે પાલેજ ગ્રામ પંચાયતના ઈન્ચાર્જ સરપંચ સબ્બીર ખાન પઠાણે ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું. તેમજ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

અંકલેશ્વર : દુષ્કર્મના ગુનામાં દોઢ વર્ષથી ફરાર આરોપીની ધરપકડ

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૭

અંકલેશ્વરના પાનોલી પોલીસ મથકના બળાત્કાર અને પોક્સોના ગંભીર ગુનામાં છેલ્લા દોઢ વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો છે.

ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા માટે આપેલ સુચનાને આધારે ડી.વાય.એસ.પી. ડૉ. કુશલ ઓઝાના માર્ગદર્શન હેઠળ પાનોલી પોલીસ મથકના પી.આઈ. એસ.એમ.દેસાઈ સહિત સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન પાનોલી પોલીસ મથકના બળાત્કાર અને પોક્સોના ગંભીર ગુનામાં છેલ્લા દોઢ વર્ષથી નાસ્તા ફરતા આરોપીના વતન બિહાર રાજ્ય ખાતે ચાર વાર ટીમ મોકલવામાં આવેલ પરંતુ આરોપી પોલીસ

ધરપકડથી બચવા સારૂં નાસતો ફરતો રહેતો હતો. ત્યારે આરોપી સંતુ રામજી મુખિયા ભરૂચના કોલેજ રોડ ઉપર રોડ કન્ટ્રકશન સાઈડમાં જે.સી.બી ચલાવતો હોવાની બાતમી મળતા પોલીસે વોચ ગોઠવી તેની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

સુરત : ગેસ લીકેજથી લાગેલી આગમાં દાઝેલા ચાર પૈકી બેનાં મોત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

સુરતના સચિન GIDC નજીક આવેલી ગુરૂકૃપા સોસાયટીમાં તા.૨ ડિસેમ્બરના રોજ ગંભીર દુર્ઘટના ઘટી હતી. બરફની ફેક્ટરી પાસેના એક રહેણાંક મકાનમાં ગેસ સિલિન્ડર લીકેજ થતાં ફ્લેશ ફાયર થયું હતું. જેમાં બે યુવતીઓ એક મહિલા અને એક પુરુષ સહિત કુલ ચાર લોકો ગંભીર રીતે દાઝ્યા હતા. જે બાદ ચારેય લોકોને સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા જેમાંથી આજે ૨ લોકોના મોત થયા છે. દાઝી ગયેલા લોકોમાં રિક્કી હરિભાઈ પોલાઇ (ઉ.વ.૧૯), ભાગ્યશ્રી હરિભાઈ પોલાઈ (ઉ.વ.૨૨) અને સાલુબેન રામકુમાર મોહન (ઉ.વ.૨૬) તેમજ હરિઓમ સુરેન્દ્ર યાદવ હતા, જેમાંથી આજે સાલુબેન અને રિક્કીબેન જિંદગીને અલવિદા કહ્યું છે. પરિવારજનો આર્કદ સાથે યોગ્ય તપાસની માંગ કરી રહ્યા છે. સચિન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ફાયર વિભાગ પણ તપાસમાં જોતરાયું છે. મળતી માહિતી અનુસાર ગુરુકૃપા સોસાયટીમાં આવેલા એક મકાનમાં ગેસ સિલિન્ડર લીકેજના કારણોસર ફ્લેશ ફાયર થયું હતું. જોત જોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું કે ઘરના સભ્યોને બહાર નીકળવાનો મોકો મળ્યો ન હતો. અને આગની લપેટમાં ચાર લોકો અત્યંત ગંભીર રીતે દાઝી ગયા હતા. જે બાદ ઘાયલ લોકોને સમયસર સારવાર મળી રહે તે માટે તુરંત જ એમ્બ્યુલન્સ મારફતે તેમને સિવલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જેમાંથી બે યુવતીના કરુંણ મોત થયા છે. જ્યારે અન્ય બેમાંથી એક જિંદગી અને મોત વચ્ચે લડી રહ્યા છે.

નામ બદલેલ છે
જૂનું નામ : **સોની વિક્રમકુમાર ચંપકલાલ**
નવું નામ : **વિક્રમભાઇ ચંપકભાઈ સોની**
સરનામું : બગીચા વિસ્તાર, હિંમતનગર-૩૮૩૦૦૧

CHANGE OF NAME
I HAVE CHANGED MY OLD FULL NAME FROM
MIRZA MEENHAZBEG HAMEEDBEG
TO NEW FULL NAME
MIRZA MINHAJBEG HAMIDBEG
& I WILL BE KNOWN AS NEW FULL NAME WHICH PLEASE NOTE.
ADD:-CHUNARVAD, NEAR NAAZ CINEMA PO. JAMBUSAR DIST.BHARUCH 392150 GUJARAT.

અજાણી વ્યક્તિ ક્લોરિનનો બાટલો ફેંકીને જતી રહી

એસ.જી. હાઈવે પર સોલા ભાગવત નજીક ક્લોરિન ગેસ લિકેજ થતાં હડકંપ

લોકોને આંખમાં બળતરા અને શ્વાસ લેવામાં તકલીફ પડી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

શહેરના એસ.જી. હાઈ-વે પર સોલા ભાગવત પાસે ક્લોરિન ગેસ લીકેજ થયાની ઘટના બની હતી. માધવ ઔડા ગાર્ડન નજીક કોઈ અજાણી વ્યક્તિ ક્લોરિનનો બાટલો ફેંકીને જતી રહી, જે બાટલામાંથી ગેસ લીકેજ થતા આસપાસના લોકોને આંખમાં બળતરા અને શ્વાસ લેવામાં

જેથી, ગેસ વધુ હવામાં ફેલાય નહીં. આસપાસના વિસ્તારમાં લોકોને ન આવવા માટેની પણ તકેદારી રાખવામાં આવી હતી. જે લોકો આસપાસમાં હતા, તેમને મોઢે માસ્ક અથવા તો રૂમાલ રાખવો પડે એવી સ્થિતિ હતી.

એસ.જી. હાઇ-વે જેવો વિસ્તાર જ્યાં મોટી સંખ્યામાં લોકો પસાર થતા હોય ત્યારે આ વિસ્તારમાં ક્લોરીન

બે ફાયર બ્રિગેડના જવાનોને ગેસની અસર પહોંચતા હોસ્પિટલમાં દાખલ

તકલીફ પડી. ફાયર બ્રિગેડની બે ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી હતી અને ક્લોરિન ગેસને કાબૂમાં લેવાના પ્રયાસ હાથ ધર્યા, જેમાં બે ફાયર બ્રિગેડના જવાનોને અસર પહોંચી હતી, જેના પગલે તેઓને તાત્કાલિક સારવાર અર્થે સોલા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. બાદમાં ફાયર બ્રિગેડની બે ગાડીઓ દ્વારા ક્લોરિન ગેસ પર પાણીનો મારો ચલાવી તેને બંધ કરવાના પ્રયાસો કરાયા હતા. ફાયર બ્રિગેડના અધિકારીના જણાવ્યા અનુસાર ક્લોરિન ગેસનો બાટલો લીકેજ થયો હતો, જેમાંથી ગેસ બહાર નીકળી જવા દેવો પડે એવી સ્થિતિ હતી. જેથી, પાણીનો મારો તેના પર ચલાવવામાં આવ્યો અને જ્યા સુધી તમામ ગેસ બહાર ન નીકળી જાય ત્યા સુધી પાણીનો મારો ચલાવવામાં આવશે. ગેસની અસર જોવા મળી છે. જેથી, લોકોને ત્યાંથી પસાર થતી વખતે મોઢા ઉપર રૂમાલ રાખવો પડે તેવી સ્થિતિ છે. ગેસ લીકેજના કારણે બાજુમાં આવેલી એક હોટલને પણ બંધ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું.

ફ્લાઈટ્સ કેન્સલ થવાના આવી પડેલ સંકટને લઈ મુસાફરોની વ્હારે રેલવે

અમદાવાદ એરપોર્ટ પર મુસાફરો માટે રેલવેએ શરૂ કર્યું ખાસ કાઉન્ટર

એરપોર્ટ ખાતે રેલવેએ એક વિશેષ હેલ્પડેસ્ક કાઉન્ટર શરૂ કર્યું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

ઈન્ડિગોની સેંકડો ફ્લાઈટ્સ રદ થવાને કારણે હવાઈ મુસાફરોને થઈ રહેલી ભારે પરેશાની વચ્ચે ભારતીય રેલવેએ એક મોટી પહેલ કરી છે. અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ફસાયેલા મુસાફરોની મદદ માટે રેલવેએ એક વિશેષ હેલ્પડેસ્ક કાઉન્ટર શરૂ કર્યું છે. આ હેલ્પડેસ્ક પર ફ્લાઈટ રદ થવાને કારણે અટવાયેલા મુસાફરોને વિશેષ અને નિયમિત ટ્રેનોની ઉપલબ્ધતા અને સીટોની માહિતી આપવામાં આવી રહી છે. વેસ્ટર્ન રેલવે તરફથી જણાવાયા અનુસાર, ફ્લાઈટ કેન્સલ થવાની સ્થિતિને ધ્યાનમાં રાખીને IRCTC અને અમદાવાદ રેલવે ડિવિઝને મળીને આ અભિયાન ચલાવ્યું છે, જેમાં મુસાફરોને ઉપલબ્ધ ટ્રેનો અને સીટોની માહિતી આપવામાં આવી રહી છે.

ઈન્ડિગોની સંખ્યાબધ્ધ ફ્લાઈટ્સ રદ થવાને કારણે દેશભરના એરપોર્ટ પર મુસાફરોની લાંબી લાઈનો લાગી છે. દિલ્હી સ્થિત ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર મોટી સંખ્યામાં મુસાફરો ભારે વિલંબ અને ફ્લાઈટ્સ કેન્સલ થવાને કારણે મુશ્કેલીનો સામનો કરી રહ્યા હતા. મુંબઈમાં પણ મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો. એક યુવતીએ જણાવ્યું કે તેના માતા-પિતા(જે સિનિયર સિટીઝન છે) કાનપુર માટે ફ્લાઈટમાં જવાના હતા, પરંતુ સવારે તેમને મેસેજ મળ્યો કે ફ્લાઈટ કેન્સલ થઈ ગઈ છે. એક અન્ય મુસાફરે પોતાની આપવીતી જણાવતા કહ્યું કે, શનિવારે ચેન્નઈથી સવારે ૮:૪૦ વાગ્યે તેની ફ્લાઈટ હતી, પરંતુ સાંજે ૬:૩૦ વાગ્યા પછી કેન્સલેશનનો મેસેજ મળ્યો. તેને પુણે જવાનું હતું, પરંતુ કોઈ ફ્લાઈટ ઉપલબ્ધ ન હોવાથી તેને મુંબઈ આવવું પડ્યું અને હવે તે ત્યાંથી પુણે જશે. એક અન્ય યુવતીએ પણ ફરિયાદ કરી કે પોર્ટ બ્લેયરથી હૈદરાબાદ આવ્યા બાદ તેમનો એક કલાકનો લેઓવર વધીને ૬ કલાક થયો, અને ૧૨-૧૩ કલાકની મુસાફરી દરમિયાન કોઈ ભોજન પણ આપવામાં આવ્યું નહોતું. હવાઈ મુસાફરીમાં સર્જાયેલા આ સંકટને જોતાં, અમદાવાદ એરપોર્ટ પર રેલવે દ્વારા શરૂ કરાયેલ આ હેલ્પડેસ્ક મુસાફરોને તેમના ગંતવ્ય સ્થાન સુધી પહોંચવા માટે એક મોટો વિકલ્પ પૂરો પાડી રહી છે.

અમદાવાદ મ્યુનિ. કોર્પો. દ્વારા નિયમની અવગણના બદલ કાર્યવાહી જારી

અમદાવાદમાં મલ્ટિપ્લેક્સ અને હોસ્પિટલ સહિત ૮ મિલકતો સીલ

બી.યુ. પરવાનગી અને ફાયર સેફ્ટીના નિયમોનું ઉલ્લંઘન કરનારી મિલકતો પર તવાઈ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

AMC દ્વારા અમદાવાદની વધુ ૮ મિલકતોને સીલ કરવામાં આવી છે. આ કાર્યવાહી બી.યુ. પરવાનગી અને ફાયર સેફ્ટીના નિયમોનું ઉલ્લંઘન કરનારી મિલકતો પર કરવામાં આવી છે, ખાસ કરીને જ્યાં લોકોની મોટી અવર-જવર હોય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, AMC દ્વારા છેલ્લા એક અઠવાડિયાથી આ કાર્યવાહી કરવામાં આવી રહી છે. પૂર્વ ઝોનમાં કુલ ૮ મિલકતો સીલ કરવામાં આવી છે. આમાં નિકોલ અને હાથીજણ વિસ્તારના ૩ મલ્ટિપ્લેક્સ જેમ કે સિને પ્રાઈડ-મિરાજ મલ્ટિપ્લેક્સનો સમાવેશ થાય છે. વસ્ત્રાલ અને ઓઢવમાં આવેલી ૫ હોસ્પિટલોને પણ સીલ કરવામાં આવી છે. AMCના પૂર્વ ઝોન એસ્ટેટ વિભાગે અગાઉ નોટિસ આપી હોવા છતાં નિયમોનું પાલન ન થતાં આ સીલ મારવાની કાર્યવાહી કરી છે. રાજકોટ ગેમ ઝોન દુર્ઘટના બાદ રાજ્ય સરકારના કડક આદેશોને પગલે AMC દ્વારા ફરી એકવાર ચેકિંગ સઘન બનાવવામાં આવ્યું છે. પૂર્વ ઝોનમાં કુલ ૧૦૩ હોસ્પિટલોનું ચેકિંગ થયું હતું. જેમાંથી માન્ય બી.યુ. રજૂ ન કરનારી ૧૩ હોસ્પિટલોને નોટિસ અપાઈ અને આખરે ૫ હોસ્પિટલ બિલ્ડિંગોને સીલ કરવામાં આવી હતી. ૧૦ જેટલા મલ્ટિપ્લેક્સમાં પણ તપાસ હાથ ધરાઈ, જેમાં ૩ મલ્ટિપ્લેક્સને બી.યુ. માટે નોટિસ આપવામાં આવી હતી અને તે ત્રણેય મલ્ટિપ્લેક્સને સીલ કરી દેવાયા છે કારણ કે તેમની પાસે માન્ય વપરાશ પરવાનગી નહોતી. સિને પ્રાઈમ સિનેમા-નિકોલ, એસ.કે. સિનેમા-હાથીજણ, મિરાજ સિનેમા-હાથીજણ, પ્રાચીન આયુર્વેદીક હોસ્પિટલ-વસ્ત્રાલ, જનમ ગાયનેક હોસ્પિટલ (જૂનુ નામ પલ્સ હોસ્પિટલ)-વસ્ત્રાલ, આશાદીપ હોસ્પિટલ-રામોલ-હાથીજણ, ધ્વનિ હોસ્પિટલ-ઓઢવ અને ઘનશ્યામ હોસ્પિટલ વગેરેને સીલ કરવામાં આવી છે. આમ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા બી.યુ. પરમીશન અને ફાયર સેફ્ટી મુદ્દે કાર્યવાહી કરવાનો સિલસિલો જારી રાખવામાં આવ્યો છે.

અનંત નેશનલ યુનિવર્સિટીનો ૭મો દીક્ષાંત સમારોહ યોજાયો

અમદાવાદ, તા.૭

અનંત નેશનલ યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં ૭મો દીક્ષાંત સમારોહ યોજવામાં આવ્યો હતો, જેમાં બેચલર ઑફ ડિઝાઈન, બેચલર ઑફ આર્કિટેક્ચર, માસ્ટર ઑફ ડિઝાઈન, સસ્ટેનેબિલિટી અને બિલ્ટ એન્વાયરમેન્ટમાં અનંત ફેલોશિપ, સસ્ટેનેબિલિટી અને એન્વાયરમેન્ટમાં એમએસસી, અને અનંત ફેલોશિપ ઈન ક્લાઈમેટ એક્શનના ૨૯૯ વિદ્યાર્થીઓને ડિગ્રીઓ એનાયત કરવામાં આવી હતી.

પદ્મ શ્રી પુરસ્કાર વિજેતા અને ઝોહો કોર્પોરેશનના ચીફ સાયન્ટિસ્ટ અને સહ-સ્થાપક, ડૉ. શ્રીધર વેમ્બુ મુખ્ય અતિથિ હતા. અનંત નેશનલ યુનિવર્સિટીના પ્રમુખ અજય પીરામલ, પ્રોવેસ્ટ ડૉ. સંજીવ વિદ્યાર્થી, અને બોર્ડના સભ્યો આ દીક્ષાંત સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા.

શહેરની કોઈપણ હોસ્પિટલ સુધી પહોંચાડવા એમ્બ્યુલન્સની નિઃશુલ્ક સેવા શરૂ કરતી સ્ટર્લિંગ હોસ્પિટલ

અમદાવાદ,તા.૭

ગુજરાતની અગ્રણી મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલ ચેઈન પૈકીની એક સ્ટર્લિંગ હોસ્પિટલ્સે અમદાવાદના નાગરિકોની સેવા માટે ખાસ ઈમરજન્સી રિસ્પોન્સ (ER) એમ્બ્યુલન્સ સેવા શરૂ કરવાની જાહેરાત કરી છે. આધુનિક ટેકનોલોજી અને કમાન્ડ સેન્ટરથી સજ્જ આ એમ્બ્યુલન્સ સેવા દર્દીઓને ઝડપી અને વધારે અસરકારક ઈમરજન્સી સારવાર ઉપલબ્ધ કરાવશે. નાગરિકો ૯૯૧૩૨ ૯૯૧૩૨ પર કોલ કરીને અમદાવાદમાં કોઈપણ હોસ્પિટલ સુધી પહોંચવા માટેની એમ્બ્યુલન્સની સેવા મેળવી શકે છે. અમદાવાદના નાગરિકો માટે આ એમ્બ્યુલન્સ સેવા નિઃશુલ્ક રહેશે.

મેઘાણીનગરમાં થયેલી હત્યાના કેસમાં અનેક ઘટસ્ફોટ

શખ્સની હત્યા બાદ હત્યારાએ જ કપડા બદલી ફરી ઘટનાસ્થળે આવી મૃતકને હોસ્પિટલ ખસેડયો

આરોપીએ સગીરા પર દુષ્કર્મ આચર્યું હતું જેની જાણ સગીરાના કાકાને થતા હત્યા કરી નાખી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

શહેરના મેઘાણીનગર વિસ્તારમાં ૧ નવેમ્બરના રોજ પ્રેમી યુવકે જાહેરમાં સગીરાના કાકાની છરીના ઘા મારીને હત્યા કરી હતી. આ મામલે પોલીસે ગુનો નોંધીને આરોપીની ધરપકડ કરી હતી. જેમાં આરોપીએ સગીરા સાથે પ્રેમસંબંધ હોવાથી તેની સાથે દુષ્કર્મ આચરીને ગર્ભવતી બનાવી દવા આપી સારવાર કરાવી હતી. તેની જાણ સગીરાના કાકાને થતા હત્યા કરી હોવાનું સામે આવ્યું છે. આ અંગે મેઘાણીનગર પોલીસે પોક્સો સહિતની કલમ હેઠળ આરોપી સામે બીજો ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે. મેઘાણીનગરમાં આવેલા ભાર્ગવ રોડ પર ચાલતા ચાલતા મિત્ર સાથે જઈ રહેલા કાકાની ૧ નવેમ્બરની મોડીરાતે હત્યા કરવામાં આવી હતી. કાકા સંયુક્ત પરિવારમાં રહેતા અને નોકરી કરીને ગુજરાન ચલાવતા હતા. કાકા ચાલતા હતા ત્યારે રામકુમારસિંગ ઉર્ફે છોટુ આવ્યો હતો અને પીઠ પર છરીના આડેધડ ઘા ઝીકીને ફરાર થઈ ગયો હતો. સગીરાના કાકા લોહીથી લથબથ હાલતમાં જમીન પર ઢળી પડ્યા હતા. ત્યારબાદ તેને હોસ્પિટલ ખસેડાતા તેનું સારવારમાં મોત થયું હતું. મેઘાણીનગરમાં ૧ નવેમ્બરે કાકાની હત્યા થઈ હતી. આ કેસમાં પોલીસે આરોપી રામકુમારસિંગ ઉર્ફે છોટુ રામનરેશસિંહ તોમરની ધરપકડ કરી હતી.

ત્યારબાદ પોલીસે આરોપીની પૂછપરછ કરતા આરોપીએ જણાવ્યું કે ૧૬ વર્ષીય સગીરા પર ઓગસ્ટ ૨૦૨૫માં દુષ્કર્મ આચર્યું હોવાની જાણ થઈ હતી. જેના કારણે સગીરા ગર્ભવતી થઈ હતી. જો કે, રામકુમારસિંહે દવા આપી સારવાર કરાવી દીધી હતી. આ ઉપરાંત આરોપી અવાર નવાર સગીરાને જુદી જુદી જગ્યાએ લઈ જઈ બળાત્કાર ગુજાર્યો હતો. આ મામલે સગીરાની માતાની પોલીસે પૂછપરછ કરતા સગીરાએ સમગ્ર મામલે ઘટસ્ફોટ કર્યો હતો અને આરોપીએ અવાર નવાર દુષ્કર્મ ગુજાર્યું હોવાનું સામે આવ્યું હતું. તેમજ સગીરાના કાકાને આ અંગે જાણ થતા રામકુમારસિંગે તેની હત્યા કરી હોવાનું સામે આવ્યું છે. આ અંગે સગીરાની માતાએ મેઘાણીનગર પોલીસ સ્ટેશનમાં આરોપી સામે પોક્સો, બળાત્કાર સહિતની કલમ હેઠળ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે. નોંધનીય છે કે, હાલ તો આરોપીની હત્યા કેસમાં પોલીસે ધરપકડ કરી રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે. જો કે, તે કેસમાં કસ્ટડી થયા બાદ બળાત્કાર કેસમાં પોલીસ આરોપીની ટ્રાન્સફર વોરંટના આધારે ધરપકડ કરી તપાસ કરાશે. પીઆઈ વિજય દેસાઈએ જણાવ્યું કે, હત્યા કર્યા બાદ આરોપી ફરીથી સ્વેટર બદલીને ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને એમ્બ્યુલન્સ બોલાવીને મૃતકને હોસ્પિટલ પહોંચાડ્યો હતો.

મુન્દ્રા પોર્ટ ડ્રગ્સનું સેન્ટર બની ગયું છે; AAP કન્વીનર કેજરીવાલના પ્રહારો

ગુજરાતમાં ૩૦ વર્ષથી ચાલી રહેલા ભાજપના શાસનને હટાવી નવી સરકાર લાવો : કેજરીવાલ

મહાપાલિકા-પાલિકા, તા.પંચાયતોની ચૂંટણીઓમાં દરેક બેઠક પર આપ ચૂંટણી લડશે : આપ સુપ્રિમો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

આમ આદમી પાર્ટી (AAP)ના રાષ્ટ્રીય કન્વીનર અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે રાજકોટ જિલ્લાના ત્રિ-દિવસીય પ્રવાસના પ્રથમ દિવસે ભારતીય જનતા પાર્ટી (ભાજપ) પર તીખા પ્રહારો કર્યા હતા. તેમણે ગુજરાતમાં વધતા નશા, બેરોજગારી અને નકલી શરાબના મુદ્દે સરકારને ઘેરી હતી. લોકોને અપીલ કરી કે, ૩૦ વર્ષથી ચાલી રહેલા ભાજપના શાસનને હટાવી નવી સરકાર લાવવાનો સમય આવી ગયો છે. કેજરીવાલના આગમન વખતે રાજકોટ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર મોટી સંખ્યામાં AAP કાર્યકર્તાઓ એકત્ર થયા હતા અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. કેજરીવાલે પોતાના સંબોધનમાં જણાવ્યું કે, ગુજરાતની હાલત દિન-પ્રતિદિન ખરાબ થઈ રહી છે. તેમણે ભાજપ સરકારના તાજેતરના મંત્રીમંડળમાં ફેરફાર પર કટાક્ષ કરતા કહ્યું કે, "થોડા દિવસો પહેલા તેમણે પોતાનું મંત્રીમંડળ બદલ્યું છે, જેનો અર્થ એ છે કે, તેઓ પોતે માને છે કે તેમનાથી ગુજરાત સંભાળી શકાતું નથી. તેઓએ પોતાના તમામ મંત્રીઓને ખરાબ, બેકાર અને ભ્રષ્ટાચારી માનીને બદલ્યા છે." તેમણે વધુમાં કહ્યું કે, ખેડૂતો પોતાના હક્ક માટે લડી રહ્યા છે, પરંતુ તેમના દીકરાઓને જેલમાં નાખવામાં આવ્યા છે. "અમે તેમની સાથે છીએ. કેટલાક ખેડૂતો જેલમાંથી છૂટી ગયા છે, જ્યારે કેટલાક હજુ જેલમાં છે. અમે તેમના પરિવારજનોને મળીશું." નશા અને નકલી શરાબના મુદ્દે કેજરીવાલે સરકારને આડે હાથ લેતાં કહ્યું કે, "અહીં દરેક તરફ નકલી શરાબ મળી રહી છે, જેને લીધે યુવાનોના મૃત્યુ થઈ રહ્યા છે. નશો ખૂબ વધી ગયો છે, પરંતુ સરકાર કશું કરતી નથી અને ખેડૂતોના દીકરાઓને જેલમાં નાખે છે." તેમણે મુન્દ્રા પોર્ટને ડ્રગ્સનું કેન્દ્ર ગણાવતા કહ્યું કે, "મુન્દ્રા પોર્ટ ડ્રગ્સનું સેન્ટર બની ગયું છે. ત્યાંથી મોટી માત્રામાં ડ્રગ્સ ગુજરાત અને દેશભરમાં પહોંચે છે." યુવાનોની બેરોજગારી પર પણ તેમણે ચિંતા વ્યક્ત કરી અને કહ્યું કે, "યુવાનો બેરોજગાર છે અને તેઓને નોકરી મળતી નથી. આનો એક જ ઉકેલ છે કે ૩૦ વર્ષથી ચાલી રહેલી ભાજપ સરકારને હટાવી નવી સરકાર લાવવી જોઈએ." કેજરીવાલે ભાજપ અને કોંગ્રેસ પર પણ આક્ષેપ કર્યા. તેમણે જામનગરમાં AAP ધારાસભ્ય ગોપાલ ઇટાલીયા પર જૂતું ફેંકવાની ઘટનાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, "ભાજપ અને કોંગ્રેસ વચ્ચે શું ચાલી રહ્યું છે? ચલો ૩૦ વર્ષથી ગુજરાતમાં ભાજપ અને કોંગ્રેસના ગઠબંધનની સરકાર ચાલી રહી છે. લોકો પરેશાન થઈ ગયા છે." તેમણે રાજકોટ જિલ્લાના પ્રવાસને લોકોની સમસ્યાઓ સાંભળવા અને તેમને ઉકેલવા માટેના પ્રયાસ તરીકે વર્ણવ્યો હતો. કેજરીવાલના આગમન વખતે રાજકોટ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર ભારે ઉત્સાહ જોવા મળ્યો. મોટી સંખ્યામાં AAP કાર્યકર્તાઓએ નારા લગાવ્યા હતા. જામનગરની ઘટના બાદ પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો હતો, જેમાં ૨ પોલીસ ઇન્સ્પેક્ટર, ૭ PSI અને CISF જવાનો સામેલ હતા. કાર્યકર્તાઓને દૂર ખસેડવામાં આવ્યા હતા અને અજાણી વ્યક્તિઓ પર નજર રાખવામાં આવી હતી. પોલીસે કેજરીવાલ સાથે કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે વિશેષ વ્યવસ્થા કરી હતી. કેજરીવાલના ત્રણ દિવસીય પ્રવાસ દરમિયાન તેઓ ખેડૂતોના પરિવારજનોને મળશે અને રાજકોટ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં સભાઓ સંબોધશે. આ પ્રવાસને AAPની ગુજરાતમાં વધતી હાજરી અને આગામી ચૂંટણીઓની તૈયારી તરીકે જોવામાં આવી રહ્યો છે. કેજરીવાલ રાજકોટ આવે એ પૂર્વે દિલ્હીના પૂર્વ મંત્રી તથા AAP ધારાસભ્ય ગોપાલ રાય પણ રાજકોટ પહોંચ્યા હતા અને તેમણે મોટું એલાન કર્યું કે, આગામી મહાનગરપાલિકા, નગરપાલિકા અને તાલુકા પંચાયતની ચૂંટણીઓમાં દરેક બેઠક પર આમ આદમી પાર્ટીના કાર્યકર્તા ચૂંટણી લડશે. AAPના ધારાસભ્ય ગોપાલ રાયે જણાવ્યું હતું કે, ગુજરાતમાં મહાપાલિકા, પાલિકા અને તાલુકા પંચાયત સહિતની સીટો ઉપર આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ ચૂંટણી લડશે. AAP દ્વારા ગુજરાત જોડો યાત્રા અને કિસાન આંદોલન કરવામાં આવી રહ્યું છે. હડદડમાં ખેડૂત આંદોલન બાદ ૮૫ લોકો ઉપર FIR દાખલ કરવામાં આવી. જેથી, રાજકોટ આવી રહેલા અરવિંદ કેજરીવાલ આ લોકોને મળશે. જે આંદોલનકારી જેલમાંથી છૂટીને બહાર આવ્યા છે, તેનો સન્માન કાર્યક્રમ કાલે રાખવામાં આવ્યો છે. આ ઉપરાંત રાજુ કરપડા અને પ્રવીણ રામ જેવા આંદોલનકારીઓ કે જેઓ જેલમાં છે તેમના પરિવારજનોને અરવિંદ કેજરીવાલ મળશે.

ફ્લાઈટ રદ થવાનો સિલસિલો યથાવત

એરલાઈન્સના આશ્વાસન વચ્ચે ફરી અમદાવાદમાં ઘણી ફ્લાઈટ્સ રદ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

ઈન્ડિગો સંકટ વચ્ચે રવિવારે (૭ ડિસેમ્બર) ફરી એરલાઈન્સની ફ્લાઈટ રદ થવાનો સિલસિલો યથાવત છે. જોકે, સરકારની દખલગીરી બાદ સ્થિતિમાં પહેલાં કરતા થોડો સુધારો જોવા મળ્યો છે. પરંતુ, મુસાફરોની તકલીફોમાં કોઈ ખાસ સુધારો જોવા મળ્યો નથી. હજુ પણ દેશના મોટા ભાગના એરપોર્ટ પર લાંબી લાઇન જોવા મળી રહી છે, જે પોતાની ફ્લાઈટ ઉડાન ભરવાની રાહ જોઈ રહ્યા છે. એવામાં અમદાવાદ એરપોર્ટ પરથી આજે પણ અનેક ફ્લાઈટ રદ થઈ છે, જેની યાદી સામે આવી છે.પ્રાપ્ત માહિતી મુજબ, અમદાવાદ એરપોર્ટ પર ઈન્ડિગોની ૩૦થી વધુ ફ્લાઈટ રદ કરવામાં આવી છે. જેમાં ૧૫ થી વધુ અરાઈવલ ફ્લાઈટ રદ કરવામાં આવી છે અને ૧૮ જેટલી ડિપાર્ચર ફ્લાઈટ રદ કરવામાં આવી છે. એરપોર્ટ દ્વારા જે ફ્લાઈટ રદ કરવામાં આવી છે, તેની યાદી જાહેર કરવામાં આવી છે. ફ્લાઈટ રદ થવાનો સિલસિલો યથાવત રહેતા મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

www.nephroplus.com

A Global Network of 519 Clinics

PLUS

Expanded across India, Nepal, Philippines, Uzbekistan, and Kingdom of Saudi Arabia (KSA)

PLUS

High-Quality, Patient-Centric Dialysis Care

—

- Strategic partnerships with leading Hospitals, Public-Private Partnerships (PPP) with State Governments, and partnerships with the Ministries of Health (MOH) in KSA and Uzbekistan
- Extensive pan-India network of clinics across 328 cities**
- Offers services like Holiday Dialysis and Home Dialysis apart from traditional clinic-based dialysis

*Based on the number of treatments performed in Fiscal 2025. (Source: F&S Report)
**As of September 30, 2025 (Source: F&S Report)

nephroplus
Nephrocare Health Services Ltd.
Asia's Largest Dialysis Service Provider*

NEPHROCARE HEALTH SERVICES LIMITED is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the RHP with RoC and the Stock Exchanges on December 2, 2025. The RHP shall be available on the website of SEBI at www.sebi.gov.in, and is available on the websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of the Company at www.nephroplus.com and the websites of the BRLMs, i.e., ICICI Securities Limited, Ambit Private Limited, IIFL Capital Services Limited *(formerly known as IIFL Securities Limited)* and Nomura Financial Advisory and Securities (India) Private Limited at www.icicisecurities.com, www.ambit.co, www.iiflcap.com and www.nomuraholdings.com/ company/group /asia/india/index.html, respectively. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see *"Risk Factors"* beginning on page 49 of the RHP. Potential investors should not rely on the DRHP filed with SEBI and the Stock Exchanges, and should instead rely on their own examination of our Company and the Offer, including the risks involved, for making any investment decision.

The Equity Shares offered in the Offer have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (the "U.S. Securities Act") or any state securities laws in the United States, and unless so registered, may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and in accordance with any applicable U.S. state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold only outside the United States in 'offshore transactions' in compliance with Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdictions where such offers and sales are made. The Equity Shares have not been and will not be registered, listed or otherwise qualified in any other jurisdiction outside India and may not be offered or sold, and Bids may not be made by persons in any such jurisdiction, except in compliance with the applicable laws of such jurisdiction.

Adfactors 675/25

બાબરી શૈલીની મસ્જિદના નિર્માણ માટે દાનનો પ્રવાહ : ગ્રામજનો દ્વારા બેલડાંગામાં ઈંટો અને રોકડ રકમ સાથે ઘસારો થતાં NH-12 રોડ બ્લોક

આ ગ્રામજનોમાં મોટાભાગે સ્થળાંતરિત મજૂરો હતા, તેમણે જણાવ્યું હતું કે તૃણમૂલ કોંગ્રેસના સસ્પેન્ડેડ ધારાસભ્ય હુમાયુ કબીરના નેતૃત્વમાં પ્રસ્તાવિત બાબરી મસ્જિદના શિલાન્યાસ સમારોહમાં ફાળો આપવો એ અયોધ્યામાં થયેલી મોટી ભૂલને સુધારવાનો પ્રયાસ છે

(એજન્સી) તા.૭

અમીન શેખ, મૈનુલ શેખ, અનવર અલી જેવા હજારો લોકો શનિવારે તેમના ગામડાઓમાંથી ઈંટો લઈને મુર્શિદાબાદના બેલડાંગામાં આવ્યા હતા અને તેઓ બાબરી મસ્જિદનું પુનઃનિર્માણ કરીને અયોધ્યાના મુસ્લિમોએ કરેલી ભૂલને પૂર્વવત્ કરવાની ઈચ્છાથી પ્રેરિત છે. આ ગ્રામજનોમાં મોટાભાગે સ્થળાંતરિત મજૂરો હતા, તેમણે જણાવ્યું હતું કે તૃણમૂલ કોંગ્રેસના સસ્પેન્ડેડ ધારાસભ્ય હુમાયુ કબીરના નેતૃત્વમાં પ્રસ્તાવિત બાબરી મસ્જિદના શિલાન્યાસ સમારોહમાં ફાળો આપવો એ અયોધ્યામાં થયેલી ખોટી ભૂલને સુધારવાનો પ્રયાસ છે. તેઓએ દાવો કર્યો હતો કે આ ઓડિશા અને અન્ય રાજ્યોમાં બંગાળના મુસ્લિમો દ્વારા કરવામાં આવેલા અત્યાચારો સામે વિરોધનું પ્રતિક પણ હતું જ્યાં તેઓ એક સમયે કામ કરતા હતા અને પાછા ફરવા માટે મજબૂર થયા હતા. આ ભૂતકાળમાં થયેલા ખોટા કામને સુધારવા અને કાયદેસર ભારતીય નાગરિક તરીકેના આપણા અધિકારને સ્થાપિત કરવાનો કાર્યક્રમ છે. તેઓને બાંગ્લાદેશી તરીકે ઓળખવામાં આવે છે અને ભાજપ શાસિત રાજ્યમાં હુમલાઓનો સામનો કરવો પડે છે. આ સમારોહ NH-12 પર મોરાદિઘી ખાતે યોજાયો હતો, જ્યાં ટ્રાફિક જામ થઈ ગયો હતો. દક્ષિણ ૨૪-પરગણાના ઉત્તર દિનાજપુર અને કેનિંગથી લાવવામાં આવેલી ઈંટોથી ભરેલી ટ્રકો અને ટ્રેક્ટર ૨ કિમી દૂર ચેતિયાણી ગામમાં પ્રસ્તાવિત બાબરી મસ્જિદ સ્થળ પર બાંધકામ સામગ્રી ઉતારવા માટે આવી હતી. કોલકાતા અને ઉત્તર બંગાળ જતી હાઈવે લેન પર વાહનોની અવરજવર લગભગ છ કલાક સુધી ઠપ્પ રહી હતી. પોલીસે જણાવ્યું હતું કે બેલડાંગા અને રેજીનગર વચ્ચેનો NH-12નો ૧૫ કિલોમીટરનો ભાગ સંપૂર્ણપણે બંધ રહ્યો હતો કારણ કે કાર્યક્રમ સ્થળની નજીક લગભગ ૧ લાખ લોકો રસ્તા પર હતા. પોલીસની અપીલ સાથે કબીરે મુખ્ય કાર્યક્રમ ૩૦ મિનિટ માટે ટૂંકાવી દીધો, નિર્ધારિત ૨ વાગ્યાને બદલે બપોરે ૧.૩૦ વાગ્યે સમાપ્ત કર્યો. આ ઉશ્કેરાટ વચ્ચે, ઘણા લોકો ઈંટો લઈને જતા જોવા મળ્યા, તેને એક પવિત્ર કાર્યમાં યોગદાન અને અયોધ્યામાં બાબરી મસ્જિદના ધ્વંસ દ્વારા થયેલી ભૂલ સુધારવાનો પ્રયાસ ગણાવ્યો. તેમાંથી ઘણાએ આને રામ જન્મભૂમિ આંદોલન દરમિયાન ઈંટ-દાન સાથે સરખાવ્યો. આયોજકોએ જણાવ્યું હતું કે ગ્રામજનો તેમના માથા પર ઈંટો લઈને આવ્યા હતા, જ્યારે અન્ય લોકો મોટરબાઈક પર આવ્યા હતા અને તેમની પાછળ ઈંટો બાંધી હતી. ઘણા લોકોએ લારી દ્વારા ઈંટો મોકલી હતી, જેમાં સો કરતાં વધુ વાહનો રસ્તા પર ઊભા હતા.

બ્રિકફિલ્ડના માલિક મુસ્તફા ચૌધરીએ જણાવ્યું હતું કે ઈંટો રૂા.૧૦ પ્રતિ ઈંટ વેચાઈ હતી અને શનિવારે તેમણે લગભગ રૂા.૧૫ લાખ કમાયા હતા. ન્યાયતંત્રનો આભાર વ્યક્ત કર્યો. શિલાન્યાસ રોકવા માટે કાવતરૂં ઘડવામાં આવ્યું હતું. . થોડી વાર પછી, કબીરે જાહેરાત કરી કે SBI શાખાએ થાપણ મર્યાદા રૂા.૨૦ લાખ વધારી દીધી છે. ઉત્સાહિત વાતાવરણ વચ્ચે, કબીરે જાહેરાત કરી કે લગભગ રૂા.૪,૦૦૦ કરોડનું વાર્ષિક ટર્નઓવર ધરાવતા એક ભારતીય મુસ્લિમ ઉદ્યોગપતિએ રૂા.૮૦ કરોડનું દાન આપવાની તૈયારી દર્શાવી છે. અમે હમણાં તેમના પૈસા લઈ રહ્યા નથી. કામ શરૂ થાય તે પહેલાં અમે તેમની મદદ લઈશું. તેમણે કહ્યું કે કલકત્તાના એક ડૉક્ટરે રૂા.૧ કરોડની ઓફર કરી હતી. અહીં દાનમાં વધારો થયો ત્યારે, ભીડને મફત ચિકન બિરયાની પીરસવામાં આવી હતી. તેમણે કહ્યું કે, અમે હજુ સુધી જમીન ખરીદી નથી... આવતા વર્ષે મમતા બેનરજીને મારી વિરૂદ્ધ કાવતરૂં ઘડવા અને મુસ્લિમ સમુદાયને ગેરમાર્ગે દોરવા બદલ કિંમત ચૂકવવી પડશે. કાર્યક્રમ દરમિયાન સ્થાનિક મદરેસાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે લગભગ ૨૦૦ મૌલાના અને સામાજિક કાર્યકરો સ્ટેજ પર બેઠા હતા. કોઈ રાજકીય નેતાઓ જોવા મળ્યા ન હતા. કાર્યક્રમ પછી, મુર્શિદાબાદ પોલીસ વડા કુમાર સન્ની રાજે રાહત વ્યક્ત કરતા કહ્યું કે, હું બધાના સહકારથી ખુશ છું. આજે વધુ ભીડ હોવા છતાં, રસ્તા પર એક પણ નાનો અકસ્માત થયો ન હતો. પોલીસે કાર્યક્રમ શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવામાં મદદ કરી અને લોકોને પાછા ફરવાની વ્યવસ્થા કરી હતી.

'તૃણમૂલની મુસ્લિમ વોટ બેંક ખતમ થઈ જશે' સસ્પેન્ડેડ ધારાસભ્ય હુમાયુ કબીરની ચેતવણી

હુમાયુ કબીરે કહ્યું કે, તેઓ ૨૨ ડિસેમ્બરે પોતાની પાર્ટી બનાવશે અને ૨૦૨૬ બંગાળની ચૂંટણી પહેલા AIMIM સાથે ગઠબંધન કરવાનો પ્રયાસ કરશે

(એજન્સી) તા.૭

પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદમાં બાબરી મસ્જિદની પ્રતિકૃતિ બનાવવાના પ્રસ્તાવ બાદ તૃણમૂલ દ્વારા સસ્પેન્ડ કરાયેલા ધારાસભ્ય હુમાયુ કબીરે આગામી વર્ષે મુખ્યમંત્રી મમતા બેનરજીને ચોથી વખત સત્તામાં પાછા નહીં આવવા દેવાની પ્રતિજ્ઞા લીધી છે. તેમણે કહ્યું કે, તૃણમૂલની મુસ્લિમ વોટ બેંક ખતમ થઈ જશે. તેમણે બેનરજી માટે ફિલ્મી ધમકી આપતા કહ્યું, 'પિક્ચર અભી બાકી હૈ.' બેલડાંગામાં પ્રસ્તાવિત 'બાબરી મસ્જિદ'નો પાયો નાખ્યાના એક દિવસ પછી NDTV સાથે વાત કરતા કબીરે કહ્યું કે, તેઓ ૨૨ ડિસેમ્બરે પોતાની પાર્ટી બનાવશે અને હૈદરાબાદના સાંસદ અસદુદ્દીન ઓવૈસીના AIMIM સાથે જોડાણ કરવાનો પ્રયાસ કરશે. તેમણે આગામી વર્ષની ચૂંટણીમાં બંગાળની ૨૯૪ બેઠકોમાંથી ૧૩૫ બેઠકો પર ઉમેદવારો ઊભા રાખવાનું વચન આપ્યું હતું, આ પગલું તેમને રાજ્યના રાજકારણમાં 'ગેમ-ચેન્જર' બનાવશે. તેમણે કહ્યું કે, હું એક નવી પાર્ટી બનાવીશ જે મુસ્લિમો માટે કામ કરશે. હું ૧૩૫ બેઠકો પર ઉમેદવારો ઊભા રાખીશ. બંગાળની ચૂંટણીમાં હું ગેમ-ચેન્જર બનીશ. હું AIMIMના સંપર્કમાં છું અને તેમની સાથે ચૂંટણી લડીશ. ઓવૈસી સાથે મારો વાત થઈ ગઈ છે. AIMIM કે ઓવૈસીએ હજુ સુધી આ અંગે કોઈ ટિપ્પણી કરી નથી. તૃણમૂલ તેમની એકમાત્ર ચિંતા નથી. બંગાળમાં ભાજપનો ઉદય કબીર માટે માથાનો દુઃખાવો છે, કારણ કે, મસ્જિદ વિવાદને લીધે ૨૦૨૬ની રાજ્ય ચૂંટણી પહેલા ધ્રુવીકરણ અને હિન્દુ મતોના એકત્રીકરણનો ભય છે. તેમણે કહ્યું કે, હું બંગાળમાં ભાજપને સત્તામાં આવવા દઈશ નહીં. તૃણમૂલ તેની

આગામી સરકાર બનાવી શકશે નહીં. ભારતભરના ઘણા ઉદ્યોગો મને મદદ કરવાના છે. ભારતમાં મુસ્લિમો પાસે ભંડોળ છે; તેઓ બાબરી બનાવવામાં મદદ કરશે. તૃણમૂલ કોંગ્રેસે કબીરને સસ્પેન્ડ કરી દીધા હતા અને કહ્યું કે, તેઓ 'ધર્મનિરપેક્ષ સિદ્ધાંત'માં માને છે, જ્યારે ભાજપે તેમના મસ્જિદ નિર્માણના પ્રયાસોને સાંપ્રદાયિક તણાવ પેદા કરવાનો પ્રયાસ ગણાવ્યો હતો. મુસ્લિમો બેનરજીની પાર્ટી માટે એક મોટી વોટ બેંક છે જે રાજ્યમાં ભાજપના પ્રવેશ કરવાને રોકવાનો પ્રયાસ કરે છે. વિષમતા હોવા છતાં તૃણમૂલ કોંગ્રેસે ૨૦૨૧ની ચૂંટણી બે તૃતીયાંશ બહુમતી સાથે જીતી લીધી, જો કે, બેનરજી તેમના રાજકીય સંઘર્ષના કેન્દ્ર, નંદીગ્રામમાં ભાજપ સામે હારી ગયા હતા. 'બાબરી મસ્જિદ' માટે કબીરના શિલાન્યાસ કાર્યક્રમમાં શનિવારે ભારે ભીડ થઈ હતી. પોલીસ તરફથી કોઈ સમર્થન ન હોવા છતાં ગઈકાલે આઠ લાખ લોકોએ ભાગ લીધો હતો, તેમણે દાવો કર્યો હતો કે, ઈંટો અને રોકડના રૂપમાં દાનનો વરસાદ થયો હતો. મુર્શિદાબાદ અને માલદા જિલ્લાના સેંકડો ગ્રામજનો મસ્જિદ માટે દાનમાં જોડાયા હોવાથી રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૧૨ ઠપ્પ થઈ ગયો હતો. ઈંટો સાથે ટ્રક અને ટ્રેક્ટર આવ્યા હતા.

ભાજપે હુમાયુ કબીરની ટીકા કરી :

બંગાળ ભાજપના વડા સમિક ભટ્ટાચાર્યએ મસ્જિદ વિવાદને 'ગણતરીપૂર્વકનો તૃણમૂલ એજન્ડા' ગણાવ્યો. તેમણે દાવો કર્યો કે, કબીરનું સસ્પેન્શન ફક્ત દેખાવ માટે છે, બેનરજીની પાર્ટી 'બાબર સાથે છે, પરંતુ અમે નથી.'

તેમના પુરોગામી અને કેન્દ્રીય મંત્રી સુકાંત મજુમદારે જણાવ્યું હતું કે, બંગાળમાં 'બાબરી મસ્જિદ' ક્યારેય સ્વીકારવામાં આવશે નહીં. કોઈપણ મસ્જિદના નિર્માણનો વિરોધ કરી રહ્યું નથી, પરંતુ બાબરના નામે બનાવવી એ હિન્દુઓનું અપમાન કરવાનો અને તેમને ઉશ્કેરવાનો પ્રયાસ લાગે છે. હિન્દુ સમુદાય યોગ્ય જવાબ આપશે.

બાબરી શહીદીની ૩૩મી વાર્ષિક તિથિ પર હૈદરાબાદમાં બાબરી મસ્જિદના સ્મારકનું નિર્માણ કરવાની જાહેરાત

ન્યુઝ પોઈન્ટ ૮૫% વી ૧૫% ધ્રુવીકરણથી કોને ફાયદો થાય છે એ તો બધાને ખબર છે. દરેક નવી બનનારી મસ્જિદનું નામ બાબરી મસ્જિદ રખાશે ?

તહરીક મુસ્લિમ શબ્બાનના પ્રમુખ મુશ્તાક મલિકે બાબરી મસ્જિદ શહીદીની ૩૩મી વર્ષગાંઠ પર આ નિર્ણયની જાહેરાત કરી હતી

(એજન્સી) તા.૭

તહરીક મુસ્લિમ શબ્બાનના પ્રમુખ મુશ્તાક મલિકે જાહેરાત કરી કે ગ્રેટર હૈદરાબાદમાં કેટલીક કલ્યાણકારી સંસ્થાઓ સાથે બાબરી મસ્જિદ સ્મારક બનાવવામાં આવશે. શનિવારે હૈદરાબાદમાં બાબરી મસ્જિદ ધ્વંસની ૩૩મી વર્ષગાંઠ પર આયોજિત જાહેર સભામાં આ નિર્ણય લેવામાં આવ્યો છે.

તેમણે કહ્યું કે, "અમે નક્કી કર્યું છે કે ગ્રેટર હૈદરાબાદમાં બાબરી મસ્જિદ માટે એક સ્મારક બનાવવામાં આવશે, અને તેની અંદર કેટલીક કલ્યાણકારી સંસ્થાઓ પણ બનાવવામાં આવશે. અમે ટૂંક સમયમાં જાહેરાત કરીશું કે તે કેવી રીતે અને કેટલા સમય માટે બનાવવામાં આવશે." તેમણે કહ્યું કે કોઈએ "બાબર" નામથી પરેશાન ન થવું જોઈએ અને તેને દાવો કર્યો કે ભાજપ અને RSS દેશને વિભાજીત કરવા માટે રાજકીય પ્રચાર કરી રહ્યા છે. મલિકે એવો પણ દાવો કર્યો હતો કે બાબરી મસ્જિદના નિર્માણના લગભગ ૬૦ વર્ષ પછી લખાયેલા તુલસીદાસ રામાયણમાં મંદિર તોડી પાડવાનો કોઈ ઉલ્લેખ નથી. બાબર પછી હુમાયુનું

શાસન આવ્યું, અને તેના પછી અકબરનું શાસન આવ્યું. અકબરના મહેલમાં ધાર્મિક વિધિઓ અને પ્રાર્થનાઓ થતી હતી. જોધાબાઈ અકબરના મહેલમાં હતા. ધાર્મિક વિધિઓ, પ્રાર્થનાઓ અને હવન થતા હતા... તે સમયે તુલસીદાસ પણ જીવિત હતા. અકબરના સમયમાં, તુલસીદાસ અકબર સાથે વાત કરી શક્યા હોત. માનસિંહ તે સમયે સેનાના વડા હતા. તેઓ તેમને પૂછી શક્યા હોત... આવી વાત તુલસીદાસની રામાયણમાં દેખાતી નથી. આ દેશને વિભાજીત કરવાનો રાજકીય પ્રચાર છે. હિન્દુઓ, મુસ્લિમો, શીખો, ખ્રિસ્તીઓ અને દલિતો વચ્ચે જે ભાઈચારો હતો તે આનાથી તૂટી ગયો છે, અને નફરતના બીજ વાવી દેવામાં આવ્યા છે. આ દરમિયાન, પશ્ચિમ બંગાળમાં, તૃણમૂલ કોંગ્રેસના સસ્પેન્ડ કરાયેલા ધારાસભ્ય હુમાયુ કબીરે મુર્શિદાબાદમાં બાબરી મસ્જિદ શૈલીની મસ્જિદના શિલાન્યાસ સમારોહનું નેતૃત્વ કર્યું હતું. કબીરને સસ્પેન્ડ કર્યા પછી આ કાર્યક્રમથી દૂર રહેનાર ટીએમસીએ સાંપ્રદાયિક સૌહાર્દના પ્રતીક તરીકે 'સંહિતા દિવસ' (એકતા દિવસ) ઉજવ્યો, જ્યારે ભાજપે "ધાર્મિક ધ્રુવીકરણને પ્રોત્સાહન આપવા" માટે ધારાસભ્ય પર પ્રહારો કર્યા હતા. ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ તરૂણ ચુગે જણાવ્યું કે "દેશની સંસ્કૃતિનો નાશ કરવાના હેતુથી ભારત આવેલા બાબરને ગુરૂ નાનક સાહેબે જુલમી ગણાવ્યા હતા. તેણે ગંગા, યમુના અને સરયુ નદીઓને હિન્દુ લોહીથી લાલ કરી દીધી હતી. ભારત તેમના નામે ક્યારેય કોઈ સ્મારક કે વસ્તુ સ્વીકારશે નહીં.

સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા (CCE) પહેલા વય-છૂટછાટના વિવાદ વચ્ચે જમ્મુ અને કાશ્મીરના ઉમેદવારોમાં અનિશ્ચિતતા

લાયકાતના નિયમો અને પરીક્ષા મુલતવી રાખવાની ચર્ચાઓ વચ્ચે LG અને મુખ્યમંત્રી વચ્ચે હજારો વિદ્યાર્થીઓ અનિશ્ચિતતાનો સામનો કરી રહ્યા છે

(એજન્સી) તા.૭

પ્રારંભિક પરીક્ષાના એક દિવસ પહેલા, લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહા અને મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા વચ્ચે વય-છૂટછાટના મુદ્દા પર એકબીજા પર દોષારોપણની રમતમાં જમ્મુ અને કાશ્મીર સિવિલ સર્વિસીસના સેંકડો ઉમેદવારોનું ભાવિ અનિશ્ચિત બની ગયું છે. દેશમાં મોટા પાયે ફ્લાઈટ રદ થવાથી ફસાયેલા ઉમેદવારો માટે આ પરિસ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ છે, જેમાં હાલના નિયમો હેઠળ સ્પર્ધા કરવા માટે લાયક ઉમેદવારોનો પણ સમાવેશ થાય છે અને શનિવાર સાંજ સુધી પરીક્ષા મુલતવી રાખવાની વધતી જતી માંગણીઓનો કોઈ જવાબ મળ્યો નથી. એક વિદ્યાર્થી સંગઠને જણાવ્યું હતું કે તેમને "દિલ્હી, બેંગલુરૂ, પુણે, ચંદીગઢ, હૈદરાબાદ, ઉત્તર પ્રદેશ, મુંબઈ અને અન્ય શહેરોના એરપોર્ટ પર અટવાયેલા ચિંતાતુર ઉમેદવારો" તરફથી સેંકડો ચિંતાજનક કોલ મળ્યા છે. ઘણા વિદ્યાર્થીઓ જેઓ કોચિંગ માટે જમ્મુ અને કાશ્મીરની બહાર ગયા હતા, અથવા યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરી રહ્યા હતા, તેઓનું ભાવિ હવે અનિશ્ચિત છે કે તેઓએ ઉડાન ભરવી જોઈએ, રાહ જોવી જોઈએ કે તેમની મુસાફરી સંપૂર્ણપણે રદ કરવી જોઈએ. જમ્મુ અને શ્રીનગરમાં કેટલાક ઉમેદવારો દ્વારા શરૂ કરાયેલી ભૂખ હડતાળ વચ્ચે આ મુદ્દા પર રાજકીય ઝઘડો વધુ તીવ્ર બન્યો છે. સિંહા અને ઓમર બંને દેખીતી રીતે છૂટછાટ આપવાના પક્ષમાં છે, પરંતુ આ મુદ્દા અંગે વહીવટી અસ્પષ્ટતા છે, જેના કારણે કેન્દ્રશાસિત પ્રદેશમાં આ બેવડા

નિયંત્રણ લોકોને અસર કરે છે. ઓમરની આગેવાની હેઠળની કેબિનેટે તાજેતરમાં સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા (CCE) માટે વય છૂટછાટના પ્રસ્તાવને મંજૂરી આપી હતી અને તેને મંજૂરી માટે ન્યાયાધીશ કાર્યાલયમાં મોકલ્યો હતો. શનિવારે આ બંને પક્ષો આ કટોકટી માટે એકબીજાને દોષી ઠેરવતા હતા. ઓમરે તેમના સત્તાવાર X હેન્ડલ પરથી "એરલાઈન મુદ્દાઓને કારણે મુસાફરીમાં અંધાધૂંધી અને લોકભવન દ્વારા વય છૂટછાટને મંજૂરી આપવામાં વિલંબને કારણે ઉભી થયેલી અનિશ્ચિતતાની ટીકા કરી હતી. આ પોસ્ટમાં કહેવામાં આવ્યું છે કે ભૂતકાળમાં ઘણી વખત વય છૂટછાટ આપવામાં આવી હતી, જેમાં મુખ્યમંત્રીએ જમ્મુ અને કાશ્મીર પબ્લિક સર્વિસ કમિશન (JKPSC)ને ઉમેદવારો પરના અભૂતપૂર્વ તણાવને ધ્યાનમાં લેવા અને બધા માટે ન્યાયીતા અને સમાન તકના હિતમાં પરીક્ષા મુલતવી રાખવાનો વિચાર કરવા વિનંતી કરી હતી. LGના X હેન્ડલે ઉમેદવારો પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે "JKPSC પરીક્ષા સંબંધિત સોશિયલ મીડિયા પોસ્ટ્સ ગેરમાર્ગે દોરનારી છે અને આ મુખ્યમંત્રી પર સ્પષ્ટ રીતે નિશાન સાધ્યું હતું. તેમાં કહ્યું છે કે, "લોકભવનને ૨ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ મુખ્યમંત્રીના કાર્યાલયમાંથી વય છૂટછાટને મંજૂરી આપતી ફાઈલ મળી હતી, જે સ્પષ્ટપણે ફક્ત વય છૂટછાટ સાથે સંબંધિત હતી. ફાઈલ તે જ દિવસે, ૨ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ પરત કરવામાં આવી હતી, જેમાં પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો કે શું આટલા મોડા તબક્કે પાત્રતા માપદંડોમાં ફેરફાર કરીને ૭ ડિસેમ્બરે પરીક્ષા યોજવી શક્ય છે કે નહીં. ૪ દિવસ વીતી ગયા છતાં લોકભવનને કોઈ જવાબ મળ્યો નથી. હું યુવા ઉમેદવારો પ્રત્યે સંપૂર્ણ સહાનુભૂતિ ધરાવું છું. LG એ જણાવ્યું હતું કે JKPSC એ ૨૨ ઓગસ્ટના રોજ પરીક્ષા માટે જાહેરાતની સૂચના પ્રકાશિત કરી હતી. ૬ નવેમ્બરના રોજ એક નોટિસ દ્વારા પરીક્ષા ૭ ડિસેમ્બરના રોજ યોજાવાની હતી.

'સમાજ બાબરના નામે મસ્જિદ સ્વીકારશે નહીં' : ભાજપના દિલીપ ઘોષે હુમાયુ કબીરને વંચિત મુસ્લિમો માટે પાર્ટી બનાવવા સલાહ આપી

ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના નેતા દિલીપ ઘોષે રવિવારે કહ્યું છે કે સસ્પેન્ડ કરાયેલા ટીએમસી નેતા હુમાયુ કબીરે બાબરના નામે મસ્જિદ બનાવવાનો પ્રયાસ કરવાને બદલે વંચિત મુસ્લિમોને મદદ કરવા માટે પોતાની પાર્ટી બનાવવી જોઈએ. ભાજપના નેતાએ કહ્યું કે "સમાજ બાબરના નામે મસ્જિદ ક્યારેય સ્વીકારશે નહીં" તેથી તેમણે પશ્ચિમ બંગાળમાં વંચિત મુસ્લિમોને મદદ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ

(એજન્સી) કોલકાતા, તા.૭

ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના નેતા દિલીપ ઘોષે રવિવારે કહ્યું કે સસ્પેન્ડ કરાયેલા ટીએમસી નેતા હુમાયુ કબીરે બાબરના નામે મસ્જિદ બનાવવાનો પ્રયાસ કરવાને બદલે વંચિત મુસ્લિમોને મદદ કરવા માટે પોતાની પાર્ટી બનાવવી જોઈએ. ભાજપના નેતાએ કહ્યું કે "સમાજ બાબરના નામે મસ્જિદ ક્યારેય સ્વીકારશે નહીં", તેથી તેમણે પશ્ચિમ બંગાળમાં વંચિત મુસ્લિમોને મદદ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. હું હુમાયુ કબીરને કહેવા માંગુ છું કે તેઓ એક અલગ પક્ષ બનાવે અને પશ્ચિમ બંગાળના મુસ્લિમો માટે લડે, જેઓ ખૂબ જ વંચિત છે, અને તેમનો વિકાસ કરવાનો પ્રયાસ કરે. બાબરના નામ પર મસ્જિદ ન બનાવો, અહીંનો સમાજ તેને સ્વીકારશે નહીં. શનિવારે, સસ્પેન્ડ કરાયેલા TMC ધારાસભ્ય હુમાયુ કબીરે મુર્શિદાબાદમાં બાબરી મસ્જિદના નિર્માણનો શિલાન્યાસ

કર્યો હતો. તેમણે પૂજા સ્થાનો બનાવવાના બંધારણીય અધિકાર તરફ ધ્યાન દોર્યું અને કહ્યું કે તેઓ કંઈપણ ગેરબંધારણીય કરી રહ્યા નથી જેમ કોઈ મંદિર કે ચર્ચ બનાવી શકે છે, તેમ હું પણ મસ્જિદ બનાવી શકું છું. કબીરે કહ્યું, "હું કંઈ પણ ગેરબંધારણીય નથી કરી રહ્યો. કોઈ પણ મંદિર બનાવી શકે છે, કોઈ પણ ચર્ચ બનાવી શકે છે; હું મસ્જિદ બનાવીશ. એવું કહેવામાં આવી રહ્યું છે કે આપણે બાબરી મસ્જિદ બનાવી શકતા નથી. એવું ક્યાંય લખ્યું નથી. સુપ્રીમ કોર્ટે એક ચુકાદો આપ્યો જેમાં કહેવામાં આવ્યું હતું કે હિન્દુ લોકોએ બાબરી મસ્જિદ તોડી પાડી હતી. હિન્દુઓની લાગણીઓને ધ્યાનમાં રાખીને, મંદિર બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો."

કબીરે ભારપૂર્વક જણાવ્યું હતું કે કાનૂની પડકારો મસ્જિદના બાંધકામને અટકાવશે નહીં. મારી સામે પાંચ કેસ દાખલ કરવામાં આવ્યા છે, પરંતુ જેની સાથે અલ્લાહ છે તેને કોઈ રોકી શકશે નહીં. કોર્ટે સ્પષ્ટપણે કહ્યું છે કે ભારતના બંધારણમાં લખેલું છે કે કોઈ પણ વ્યક્તિ મસ્જિદ બનાવી શકે છે; તે એક અધિકાર છે. કબીરે કહ્યું કે મસ્જિદ માટે ૩૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે, જેમાં હોસ્પિટલ, ગેસ્ટહાઉસ અને મીટિંગ હોલનો પણ સમાવેશ થશે. તેમણે પ્રોજેક્ટ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતા કહ્યું કે, આ મુસ્લિમોનું વચન છે, બાબરી મસ્જિદ જરૂર બનશે.

પંજાબ સીએમના હોદ્દા માટે રૂપિયા ૫૦૦ કરોડ આપવા પડે, જો નવજોતને સીએમ ઉમેદવાર બનાવવામાં આવે તો ફરી સક્રિય થશે : નવજોત કૌર સિધુ

શું કોઈ પક્ષે તમારી પાસે નાણાં માંગ્યા એવો પ્રશ્ન થતાં સિધુના પત્નીએ કહ્યું કે, નહીં નહીં અમારી પાસે કોઈએ નાણાં માગ્યા નથી પરતું જો વ્યક્તિ પાસે રૂા. ૫૦૦ કરોડ ભરેલી બેગ હોય એજ મુખ્યમંત્રી બને છે

(એજન્સી) અમૃતસર, તા.૭

પૂર્વ ટેસ્ટ ક્રિકેટર અને રાજકારણી નવજોત સિંગ સિધુના ધર્મપત્ની નવજોત કૌર સીધુંએ એવું જાહેર કર્યું હતું કે પંજાબની આગામી વિધાનસભા ચૂંટણીઓમાં જો મારા પતિને કોંગ્રેસ મુખ્યમંત્રીના ચેહરા તરીકે રજૂ કરે તો મારા પતિ સક્રિય રાજકારણમાં પરત ફરવા તૈયાર છે. તેમણે એવો ચોંકાવી દેનારો દાવો પણ કર્યો હતો કે જે વ્યક્તિ પાસે સુટકેશ ભરીને રૂપિયા ૫૦૦ કરોડ હોય એ મુખ્યમંત્રી બને છે. સિધુના પત્નીએ જે કોંગ્રેસના નેતા પણ છે તેમણે કહ્યું હતું કે અમારી પાસે કોઈ પક્ષને આપવા માટે નાણા નથી પરંતુ અમે પંજાબને 'સોનેરી રાજ્ય' બનાવી શકીએ તેમ છીએ. અમે હંમેશા પંજાબ માટે અને પંજાબિયત માટે હિમાયત કરી છે પરંતુ અમારી પાસે મુખ્યમંત્રી પદની ખુરશી પર

પંજાબમાં ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીઓમાં કોંગ્રેસનો ભારે સફાયો થયા પછી નવજોતસિંગ સિધુએ પંજાબ કોંગ્રેસના પ્રમુખ પદેથી રાજીનામું આપી દીધું હતું

બેસવા માટે ૫૦૦ કરોડ નથી. રાજ્યની ખરાબ થતી જતી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિના મુદ્દા સહિત અનેક મુદ્દાઓની રજૂઆત માટે ગવર્નર ગુલાબચંદ કટારીયા ને મળ્યા પછી અમૃતસરમાં પત્રકાર પરિષદમાં નવજોત કૌરે જણાવ્યું હતું કે શું કોઈએ તમારી પાસે નાણાંની માંગણી કરી હતી ત્યારે તેમણે કહ્યું હતું કે ના કોઈ અમારી પાસે નાણાંની માંગણી કરી નથી પરંતુ જેની પાસે સુટકેશમાં રૂપિયા ૫૦૦ કરોડ હોય તે મુખ્યમંત્રી બને છે. તેમણે કહ્યું હતું કે જો નવજોત સીધુંને સત્તા આપવામાં આવે તો એ પંજાબમાં ઘણું સુધારો કરી શકે છે અમારી પાસે નાણા નથી પણ અમે પરિણામો આપી શકીએ તેમ છીએ અને અમે પંજાબને સોનેરી રાજ્ય બનાવી શકીએ તેમ છીએ. પંજાબ કોંગ્રેસમાં ચાલી રહેલી આંતરિક લડાઈનો ઉલ્લેખ કરતા નવજોત કૌરએ કહ્યું હતું કે મુખ્યમંત્રી પદના હોદ્દાની દોડમાં પાંચ પાંચ નેતાઓ છે એટલે એ લોકો સિધુ ને આગળ આવવા દેશે નહીં. મારા પતિ ખૂબ જ મજબૂત રીતે અને સંવેદના સાથે કોંગ્રેસ પક્ષ સાથે અને પક્ષના નેતા પ્રિયંકા ગાંધી વાડરા સાથે જોડાયેલા છે. જો શું ભાજપ આવી જવાબદારી આપે તો શું સિધુ ભાજપમાં જોડાઈ જશે એવો પ્રશ્ન થતા નવજોત કૌરે જણાવ્યું હતું કે હું એમના તરફથી બોલી શકું નહીં પરંતુ એટલું કહું છું કે જો એમને મુખ્યમંત્રી પદના ચહેરા તરીકે કોંગ્રેસ આગળ કરે તો તેઓ સક્રિય રાજકારણમાં પરત ફરવા માટે તૈયાર છે. હું લોકોના કલ્યાણના કામ માટે રાજકારણમાં જોડાયો હતો અને મારા માટે એ કદી ધંધો રહ્યો નથી.

મુખ્યમંત્રી, ભાજપ પ્રદેશ પ્રમુખ-મંત્રીઓની હાજરીમાં ખોડલધામ ખાતે આવ્યો 'કોલ્ડ વોર'નો અંત ?

રાજ્યના પાટીદાર સમાજના બે અગ્રણીઓ પૂર્વ મંત્રી રાદડિયા તથા નરેશ પટેલ વચ્ચે સમાધાન

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર,તા.૭

ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા આજે ખોડલધામ મંદિર, કાગવડ મુકામે એક ભવ્ય સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમારોહમાં ગુજરાત ભાજપના નવનિયુક્ત પ્રદેશ પ્રમુખ અને રાજ્ય સરકારમાં નવનિયુક્ત થયેલા લેઉવા પટેલ સમાજના મંત્રીઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું જો કે આજના આ કાર્યક્રમનું મહત્વ પાટીદાર સમાજના બે અગ્રણી નરેશ પટેલ અને પૂર્વ મંત્રી જયેશ રાદડિયા વચ્ચેના પટરાગને મીટાવી સમાધાન કરાવવાને લીધે વધી જવા પામ્યું હોવાની ચર્ચા વ્યાપક રીતે થઈ રહી છે. ખોડલધામ ખાતે લેઉવા પાટીદાર સમાજ દ્વારા શક્તિ પ્રદર્શનના કાર્યક્રમમાંથી સૌથી મોટા સમાચાર એ સામે આવ્યા છે કે છેલ્લા ઘણા સમયથી ખોડલધામના પ્રમુખ નરેશ પટેલ અને લેઉવા પાટીદાર અગ્રણી તેમજ ધારાસભ્ય જયેશ રાદડિયા વચ્ચે ચાલી રહેલું 'કોલ્ડવોર' આ કાર્યક્રમમાં સમાપ્ત થયું છે. આ પ્રતિષ્ઠિત કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ભારત સરકારના કેબિનેટ મંત્રી મનસુખ માંડવિયાની પ્રેરક ઉપસ્થિતિ રહ્યાં. સાથે

પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા પણ ઉપસ્થિત રહ્યાં. ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સાથે નવનિયુક્ત લેઉવા પટેલ સમાજના મંત્રીઓ જીતુ વાઘાણી, કૌશિક વેકરીયા, કમલેશ પટેલનું સન્માન પણ કરવામાં આવ્યું. આ સન્માન સમારોહમાં ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશ પટેલના માર્ગદર્શન હેઠળ મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યાં, જેમાં ટ્રસ્ટીઓ, વિવિધ કન્વીનરો અને તેમની ટીમ, રાજકીય અને સામાજિક આગેવાનો, વિવિધ એસોસિએશનના હોદ્દેદારો તેમજ સોશિયલ ગ્રુપના સભ્યો સહિત સમાજના લોકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી મહાનુભાવોને શુભેચ્છાઓ પાઠવી.

ખોડલધામ ખાતે લેઉવા પાટીદાર સમાજ દ્વારા શક્તિ પ્રદર્શનના આ કાર્યક્રમમાં છેલ્લા ઘણા સમયથી ખોડલધામના પ્રમુખ નરેશ પટેલ અને

સન્માનના કાર્યક્રમમાં બંને મોભીઓને એક કરવાનું આયોજનબદ્ધ કામ પાર પડાયું હોવાની ચર્ચા

લેઉવા પાટીદાર અગ્રણી તેમજ ધારાસભ્ય જયેશ રાદડિયા વચ્ચે ચાલી રહેલું શીત યુદ્ધનો આ કાર્યક્રમમાં અંત આવ્યો હતો. જો કે આ કાર્યક્રમને નિધિતે બજાવી પાટીદાર સમાજના અગ્રણીઓ ભાજપ અગ્રણીઓ દ્વારા મુખ્યમંત્રી સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં સમાજના આ બંને અગ્રણીઓ વચ્ચે સમાધાન કરાવવામાં આવ્યું હોવાની વાતો સૂત્રો દ્વારા પ્રાપ્ત થઈ રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ઇફ્કોની ચૂંટણી બાદ જયેશ રાદડિયાએ અનેકવાર નામ લીધા વિના સમાજના અગ્રણીઓ પર નિશાન સાધ્યું હતું અને તેમને રાજકારણ કરવું હોય તો ખુલ્લા મેદાને આવવા માટે ટકોર પણ કરી હતી. જોકે, આ કાર્યક્રમમાં જયેશ રાદડિયાની ઉપસ્થિતિથી નરેશ પટેલ અને તેમની વચ્ચે સુખદ સમાધાન થયું છે. હાલ ખોડલધામ ખાતેના કાર્યક્રમમાં જયેશ રાદડિયા હાજર રહેતા તમામ મતભેદો અને મનભેદો દૂર થયા હોવાની ચર્ચા સમાજમાં ચાલી રહી છે, જે લેઉવા પાટીદાર સમાજ માટે એક સકારાત્મક સંકેત છે. કાર્યક્રમના અંતે ખોડલધામના પ્રમુખ નરેશ પટેલ અને જેતપુર ધારાસભ્ય જયેશ રાદડિયા બંને એક બીજા સાથે વાતચીત કરતાં અને હળવાશની પળોમાં દેખાયા હતા.કાર્યક્રમના અંતે જયેશ રાદડિયાએ એક મોટું નિવેદન આપ્યું હતું કે જયેશ રાદડિયા હોય કે ના હોય ખોડલધામ રહેવાનું જ છે, ખોડલધામ સમાજનું ગૌરવ છે. નરેશ પટેલ અને જયેશ રાદડિયા વચ્ચે પાટીદાર અગ્રણી તેમજ રાજ્યના કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ સમાધાન કરાવ્યું હોવાની ચર્ચા થઈ રહી છે. નરેશ પટેલ અને જયેશ રાદડિયા વચ્ચે ચાલી રહેલા કોલ્ડવોર અંગે કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ કહ્યું કે ઘણી વખત જે વાતો વહેતી થઈ હોય છે એ સત્યથી વિપરીત હોય છે. સમાજના કામમાં નરેશભાઈ અને જયેશ રાદડિયા હંમેશા આગળ રહ્યાં છે. ખોડલધામ એનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

અમરેલીમાં આમ આદમી પાર્ટીની કિસાન મહાપંચાયત સભા યોજાઈ

ભાજપ માત્ર ગુંડાઓને પાળે છે : ગોપાલ ઈટાલિયા

(તસવીર : માજીદખાન પઠાણ, અમરેલી)

(સંવાદદાતા દ્વારા) અમરેલી, તા.૭

અમરેલીમાં આમ આદમી પાર્ટી દ્વારા કિસાન મહાપંચાયત સભાનું આયોજન કરાયું હતું જેમાં ગોપાલ ઈટાલીયા તેમજ આપના પ્રદેશ મહામંત્રી મનોજ સોરઠીયા, ગારીયાધારના ધારાસભ્ય સુધીર વાઘાણી તેમજ યુવા પ્રદેશ પ્રમુખ બ્રિરાજસિંહ સોલંકી સહિત પ્રદેશ કક્ષાના નેતાઓ હાજર રહ્યા હતા. બ્રિજરાજસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે અમે વિરોધ પક્ષ તરીકે આ ભાજપની સરકાર સામે વિરોધ કરીએ છીએ તો અમને પાકિસ્તાનીઓ, આંતકવાદીઓ બાંગ્લાદેશીઓ કહેવાય છે અમને રાષ્ટ્રમાં જીવવાનો હક છે તે નાબૂદ કરવાની કોશિશ અને ધમકીઓ અપાય છે. તેમણે જણાવ્યું કે, અમે ભાજપ સરકારથી ડરતા નથી અમે શહીદ ભગતસિંહ, સુભાષચંદ્ર બોઝ, અશફાક ઉલ્લાખાનના રસ્તે ચાલવાવાળા છીએ. અમે જેલ કે તમારી ધમકીઓથી ડરવાના નથી અમે યુવા આ દેશના પરિવર્તન કરવા મક્કમ છીએ. પ્રદેશ મહામંત્રી મનોજ સોરઠીયાએ જણાવ્યું હતું કે દેશમાં ભાજપ સરકારે શિક્ષણ, આરોગ્ય સહિતની સંસ્થાઓની બદતર હાલત કરી નાખી છે. સભામાં ઉપસ્થિત તમામ નેતાઓએ ભાજપ સરકાર સામે આકરા પ્રહારો કર્યા હતા અને આગામી ૨૦૨૭ની ચૂંટણીમાં પરિવર્તન લાવવા લોકોને હાકલ કરી હતી.

વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ જણાવ્યું હતું કે, ભાજપ બે વર્ષે મંત્રીઓ બનવાના વારા કાઢે છે એકનું પેટ ભરાઈ જાય એટલે બીજાનો વારો આવે છે આ રીતે અમરેલીના ધારાસભ્યને પણ હમણાં કાયદા મંત્રીનું પદ આપ્યું છે હું તેમને કહેવા માગું છું કે આવતી વિધાનસભાની ટર્મમાં જો તેઓ બે કાયદા પસાર કરી આપી દે તો હું પણ તે કાયદાના ખરડામાં મત આપી સહી કરી આપીશ તે બે કાયદા વિશે જણાવ્યું હતું કે, ગુજરાતમાં જમીન માપણીનો કાયદો છે તે રદ કરાવી અને નવી જમીન માપણીનો કાયદો લાવે તેમજ ગુજરાતમાં દારૂ અને ડ્રગ્સનો કાયદો લાવે અને તેમાં ડ્રગ્સ પકડાય તો જે તે પોલીસ સ્ટેશનના અધિકારી પીઆઈ, ડીવાયએસપી, એસપી, જિલ્લા પંચાયત પ્રમુખ, ધારાસભ્ય સહિત કોઈ પણ હોય તેમને જેલમાં નાખવાનો કાયદો લાવે તો હું પણ આ બે કાયદાના ખરડામાં મત આપવા તૈયાર છું મને ખબર છે હું ખુલી ચેલેન્જ આપું છું તેઓ આ કાયદો ક્યારેય નહીં લાવે કારણ કે તેઓ ભાજપના સર્કસમાંછે તો આ કાયદો ક્યારેય નહીં લાવે. ગોપાલ ઈટાલીયાએ કહ્યું કે, દીકરીના સરઘસ કઢાવનારને જેલમાં હોવું જોઈએ તેની બદલે મંત્રી બનાવી દીધો ત્યારે ખેડૂતના હકમાં સભામાં ગયેલ વ્યક્તિને ભાજપનો ગુંડો ધમકી આપે તેને જેલમાં હોવું જોઈએ તેના બદલે આપ નેતાને જેલમાં ધકેલી દીધો. ગોપાલ ઈટાલીયાએ વધુમાં ભાજપ માત્ર ગુંડાઓને પાળે છે અને ભાજપના જ શાસનમાં ભાજપના ગુંડાઓને પોલીસ પણ સાથ આપે છે પોલીસ પણ તેમના હિસાબે કામ કરી રહી છે તેમ ઈટાલીયએ જણાવ્યું હતું.

'SIR કવાયતની ડિઝાઈનમાં અનેક ભૂલો છે'

ઉત્તરપ્રદેશના મુખ્ય ચૂંટણી અધિકારી તરીકે ૯ વર્ષ સુધી સેવા આપનારા ડૉ.નૂર મોહમ્મદ સાથે વાતચીત

(એજન્સી) તા.૭

ડૉ.નૂર મોહમ્મદે નવ વર્ષ સુધી ઉત્તરપ્રદેશના મુખ્ય ચૂંટણી અધિકારી તરીકે સેવા આપી, ત્યારબાદ ભારતીય ચૂંટણી પંચ (ECI)માં નાયબ ચૂંટણી કમિશનર તરીકે બીજા નવ વર્ષ સેવા આપી. તેમને અફઘાનિસ્તાનમાં ચૂંટણીઓનું નિરીક્ષણ કરવા માટે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પસંદ કરવામાં આવ્યા હતા અને બાદમાં ECI દ્વારા સ્થાપિત ઇન્ડિયા ઇન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડેમોક્રેસી એન્ડ ઇલેક્શન મેનેજમેન્ટ, નવી દિલ્હીના સલાહકાર તરીકે સેવા આપી હતી.

હરજિંદર અને નંદલાલ શર્મા સાથેની તેમની વાતચીતના અંશો :

પ્રશ્ન : ખાસ સઘન પુનરાવર્તન (SIR) આટલું વિવાદાસ્પદ કેમ બન્યું છે ?

ઉત્તર : કોઈપણ મતદાર યાદી સંપૂર્ણ ન હોઈ શકે કારણ કે, લોકો ગતિશીલ હોય છે. મતદાર યાદીઓમાં સુધારો કરવાની પ્રક્રિયા અત્યંત જટિલ છે. હું માનું છું કે, ECI દ્વારા ભૂલો અને ખોટા નિર્ણયોની શ્રેણીએ તેને વિવાદાસ્પદ બનાવ્યું છે.

આ SIRને ગણતરી કહી શકાય નહીં. અગાઉ ગણતરીકર્તાઓ ઘરોની મુલાકાત લેતા, બધા પુખ્ત સભ્યોની માહિતી એકત્રિત કરતા, ઘરના વડા દ્વારા સહી કરાવતા અને વિગતો સબમિટ કરતા. આવી ગણતરીના આધારે મતદારોની યાદીઓ તૈયાર કરવામાં આવતી. હવે ECI પહેલાથી છાપેલા ફોર્મનું વિતરણ કરી રહ્યું છે અને નાગરિકતા સાબિત કરવા માટે સહાયક દસ્તાવેજોની માગણી કરી રહ્યું છે.

વિવાદનું બીજું કારણ આ છે : પહેલીવાર મતદારો પર એ સાબિત કરવાની જવાબદારી છે કે, તેઓ બિન-નાગરિક નથી અને તેથી મતદાન કરવા માટે લાયક છે. ભૂતકાળના તમામ સુધારાઓમાં, સારાંશ કે સઘન, જવાબદારી ચૂંટણી પંચની હતી.

SIR માટેની માર્ગદર્શિકામાં નાગરિકતા કાયદાની જોગવાઈઓનો સમાવેશ કરવો એ એક ભૂલ હતી. નાગરિકતા ગૃહ મંત્રાલય (MHA) દ્વારા નક્કી કરવામાં આવે છે. દર વખતે જ્યારે ECIને યાદીમાં કોઈ વ્યક્તિ નાગરિક ન હોવાની ફરિયાદ મળતી, ત્યારે નામ તપાસ અને નિર્ધારણ માટે MHAને મોકલવામાં આવતું. ચૂંટણી પંચે MHAનું કામ ન કરવું જોઈએ.

પ્રશ્ન : બિહારમાં SIR શરૂ કરતા પહેલા રાજકીય પક્ષો સાથે સલાહ લેવાનો ECIએ ઇન્કાર કર્યો હતો ?

ઉત્તર : ચૂંટણી પંચ એક જાહેર સત્તામંડળ છે અને તેને પારદર્શક રહેવું જરૂરી છે. કોઈપણ ફેરફારો લાગુ કરતા પહેલા પંચની પ્રથા સર્વપક્ષીય બેઠક બોલાવવાની, સૂચનોને આમંત્રણ આપવાની અને તેમાં સમાવેશ કરવાની હતી. છેલ્લું SIR ૨૨ વર્ષ પહેલાં થયું હોવાથી આવી બેઠક યોજવી વધુ જરૂરી હતી.

પ્રશ્ન : આ SIR છે કે, લોકોને બાકાત રાખવા અંગે છે ?

ઉત્તર : અંતિમ પરિણામ બાકાત છે. મોટી સંખ્યામાં લાયક મતદારોને બાકાત રાખવામાં આવશે. આ SIR ડિઝાઇનમાં સંભવિત ભૂલો છે કારણ કે, સમયમર્યાદા ખૂબ જ કડક છે, તાલીમ અને સુધારા માટે પૂરતો સમય નથી. ભારતના ચૂંટણી પંચ સામે આવા આરોપો સાંભળીને મને દુઃખ થાય છે, જેમાં મેં સેવા આપી હતી અને ખૂબ સન્માન કરૂં છું. ભારત જેવા દેશમાં, મતદારો પાસેથી તેમની તારીખ અને જન્મ સ્થળ સાબિત કરવાની અપેક્ષા રાખવી વ્યવહારૂ નથી. મોટી સંખ્યામાં લોકોને ખબર નથી.

પ્રશ્ન : ઘૂસણખોરોને દૂર કરવાના SIRના ઉદ્દેશ્ય વિશે ?

